ગુજરાતી

# બાલભારતી

## ધોરણ - સાતમું



# ભારતનું સંવિધાન

## ભાગ ૪ ક

## નાગરિકોના મૂળભૂત કર્તવ્યો

**અનુચ્છેદ ૫૧ ક**

**મૂળભૂત કર્તવ્ય – ભારતના પ્રત્યેક નાગરિકનું એ કર્તવ્ય છે કે તેણે –**

(ક) સંવિધાનનું પાલન કરવું. સંવિધાનના આદર્શો, રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રગીતનો આદર કરવો.

(ખ) સ્વાતંત્ર્ય ચળવળની પ્રેરણા આપનારા આદર્શોનું પાલન કરવું.

(ગ) દેશના સાર્વભૌમત્વ, એકતા અને અખંડતા સુરક્ષિત રાખવા પ્રયત્નશીલ રહેવું.

(ઘ) આપણા દેશનું રક્ષણ કરવું, દેશની સેવા કરવી.

(ઙ) દરેક પ્રકારના ભેદભાવને ભૂલીને એકતા અને બંધુત્વની ભાવના વિકસાવવી. સ્ત્રીઓના સન્માનને ઠેસ પહોંચાડનારી પ્રથાઓનો ત્યાગ કરવો.

(ચ) આપણી સંમિશ્ર સંસ્કૃતિના વારસાનું જતન કરવું.

(છ) નૈસર્ગિક પર્યાવરણનું જતન કરવું. સજીવ પ્રાણીઓ પ્રત્યે દયાભાવ રાખવો.

(જ) વૈજ્ઞાનિક દષ્ટિ, માનવતાવાદ અને જિજ્ઞાસાવૃત્તિ કેળવવી.

(ઝ) સાર્વજનિક માલમત્તાનું જતન કરવું. હિંસાનો ત્યાગ કરવો.

(ઞ) દેશની ઉત્તરોત્તર પ્રગતિ માટે વ્યક્તિગત તેમજ સામૂહિક કાર્યમાં ઉત્તમતા-શ્રેષ્ઠતાનું સ્તર જાળવી રાખવાનો પ્રયત્ન કરવો.

(ટ) ૬થી ૧૪ વય જૂથના બાળકોને તેમના વાલીએ શિક્ષણની તક પૂરી પાડવી.

શાસન નિર્ણય ક્રમાંક : અભ્યાસ-૨૧૧૬/(પ્ર.ક્ર.૪૩/૧૬) એસડી-૪ દિનાંક ૨૫-૪-૨૦૧૬ અન્વયે સ્થપાયેલ સમન્વય સમિતિની દિ. ૩-૩-૨૦૧૭ રોજની બેઠકમાં આ પુસ્તક નિર્ધારિત કરવા માન્યતા આપવામાં આવી છે.

2HUSDB

તમારાં સ્માર્ટફોનમાં DIKSHA App દ્વારા પાઠ્યપુસ્તકનાં પહેલા પાનાં પરના Q.R. Codeથી ડિજિટલ પાઠ્યપુસ્તક અને દરેક પાઠમાં આપેલા Q.R. Codeથી તે સંબંધિત પાઠનાં અધ્યયન-અધ્યાપન માટે ઉપયોગી દૃશ્ય-શ્રાવ્ય સાહિત્ય ઉપલબ્ધ થશે.

## ગુજરાતી

# બાલભારતી

## ધોરણ - સાતમું

નામ : ..........................................

શાળા : ..........................................



મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે ૪૧૧ ૦૦૪.

**પ્રથમાવૃત્તિ : ૨૦૧૭ © મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે-૪૧૧૦૦૪.**
**પુનર્મુદ્રણ : ૨૦૨૨** મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ પાસે આ પુસ્તકના બધા હક્ક રહેશે. આ પુસ્તકનો કોઈ પણ ભાગ સંચાલક, મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળની લેખિત પરવાનગી વગર છાપી શકાશે નહિ.

ગુજરાતી ભાષા સમિતિ સદસ્ય : સુશ્રી. કલ્પના મહેતા, અધ્યક્ષ
ડૉ.મધુ સંપટ
શ્રીમતી સ્મિતા દવે
શ્રી. ઇલેશકુમાર આર. ગાંધી

ગુજરાતી અભ્યાસજૂથ : સુશ્રી. ઇલા શુક્લ
શ્રીમતી ભગવતી એ. પંડ્યા
ડૉ. દિપ્તી શુક્લ
શ્રીમતી જનક દાવડા
નિમંત્રિત સદસ્ય
શ્રીમતી કેતકી નિતેશ જાની,
સદસ્ય-સંયોજક

સંયોજન પ્રમુખ : શ્રીમતી કેતકી નિતેશ જાની
વિશેષાધિકારી ગુજરાતી,
પાઠ્યપુસ્તક મંડળ, પુણે -૪

ચિત્રાંકન : શ્રી. સંજય પટેલ

મુખપૃષ્ઠ : આભા ભાગવત

નિર્મિતિ : શ્રી. સચ્ચિતાનંદ આફળે,
મુખ્ય નિર્મિતિ અધિકારી
શ્રી. સચિન મેહતા,
નિર્મિતિ અધિકારી
શ્રી. નીતિન વાણી
સહાયક નિર્મિતિ અધિકારી

અક્ષરાંકન : મુદ્રા વિભાગ,
પાઠ્યપુસ્તક મંડળ, પુણે - ૪.

કાગળ : ૭૦ જી. એસ. એમ. ક્રિમવોવ

મુદ્રણાદેશ : N/PB/2022-23/1,500

મુદ્રક : M/S. S GRAPHIX (I) PVT. LTD., THANE

પ્રકાશક : શ્રી. વિવેક ગોસાવી, નિયંત્રક
પાઠ્યપુસ્તક નિર્મિતિ મંડળ,
પ્રભાદેવી, મુંબઇ - ૨૫.

## પ્રસ્તાવના

પ્રિય વિદ્યાર્થી મિત્રો,

આપ સૌનું સાતમા ધોરણમાં સ્વાગત છે. આ પહેલાં આપ ગુજરાતી બાલભારતી પુસ્તક ભણ્યા છો. ધોરણ સાતનું આ પુસ્તક આપને આપતાં અમને અતિશય આનંદ થાય છે.

મિત્રો, ગુજરાતી તમારી માતૃભાષા છે. બીજા સાથે સંવાદ સાધવા, આપણા વિચારો-ભાવના વ્યક્ત કરવાં આપણે માતૃભાષાનો જ ઉપયોગ કરીએ છીએ. માટે જ આપણી માતૃભાષાનો આપણો શબ્દભંડોળ સમૃદ્ધ હોવો જરૂરી છે. આ પાઠ્યપુસ્તકમાંના પાઠ, કવિતા, સંવાદ, સામાજિક કથા, વિનોદી કથા, ગીતો વાંચીને તમને નવાંનવાં શબ્દ, રૂઢિપ્રયોગો જાણવા મળશે. આ પુસ્તક વાંચીને/અભ્યાસીને તમારી માતૃભાષામાં રુચિ વધશે, તે અપેક્ષા છે.

પાઠ્યપુસ્તકમાં તમને ગમે તેવી ‘શબ્દ રમત’, ‘વાંચો’, ‘ચર્ચા કરો’, ‘રમત રમો’, ‘શબ્દ શોધો’, ‘વાક્યો બદલો’, ‘પ્રશ્ન બનાવો’ જેવી અનેક કૃતિઓ છે. તેમજ વ્યાકરણના ઘટકોની સરળ રીતે ઓળખ કરાવી છે. નાનાં બાળકોની મૌલિક કૃતિઓ તમને જાતે નવું લખવા અને બોલવાની તક આપશે. હમણાં તમે મોબાઈલ અને કોમ્પ્યુટર સરસ રીતે વાપરો છો. પુસ્તકમાં આપેલી કૃતિઓ દ્વારા આ તંત્રજ્ઞાનનો રચનાત્મક ઉપયોગ કરતાં તમે શીખવાના છો. ગુજરાતી ભાષા શીખતી વખતે નૈતિક મૂલ્યો આત્મસાત કરવા, સામાજિક સમસ્યા જાણી તે ઉકેલવા માટે તત્પર રહેવું તે શીખવું પણ મહત્ત્વનું છે. આ દૃષ્ટિએ આ પાઠ્યપુસ્તકનાં પાઠ, કવિતા, સ્વાધ્યાયનો વિચાર કરવો.

આ પુસ્તક આપને ગમ્યું કે નહિ, તે અમને જણાવશો. આપ સર્વેને શુભેચ્છા !

ડૉ. સુનિલ મગર (સંચાલક)
મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ મંડળ,
પુણે - ૪૧૧ ૦૦૪.

પુણે
તારીખ : ૨૮/૦૩/૨૦૧૭, ગુડી પડવો,
ભારતીય સૌર : ૭ ચૈત્ર ૧૯૩૯

# ભારતનું સંવિધાન

## આમુખ

અમે ભારતના લોકો ભારતને એક સાર્વભૌમ સમાજવાદી બિનસાંપ્રદાયિક લોકતંત્રાત્મક પ્રજાસત્તાક તરીકે સંસ્થાપિત કરવાનો

તથા તેના સર્વ નાગરિકોને :

સામાજિક, આર્થિક અને રાજકીય ......................ન્યાય

વિચાર, અભિવ્યક્તિ, માન્યતા,

ધર્મ અને ઉપાસનાની ...............................સ્વતંત્રતા

દરજ્જા અને તકની ..................................સમાનતા

પ્રાપ્ત થાય તેમ કરવાનો,

અને તેઓ સર્વમાં

વ્યક્તિનું ગૌરવ અને રાષ્ટ્રની

એકતા અને અખંડતા સુદૃઢ કરે એવી ................બંધુતા

વિકસાવવાનો

ગંભીરતાપૂર્વક સંકલ્પ કરીને

અમારી સંવિધાન સભામાં ૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજ

આથી આ સંવિધાન અપનાવી, તેને અધિનિયમિત કરી

અમને પોતાને અર્પિત કરીએ છીએ.

## રાષ્ટ્રગીત

જનગણમન અધિનાયક જય હે
ભારત ભાગ્યવિધાતા.
પંજાબ, સિંધુ, ગુજરાત, મરાઠા,
દ્રાવિડ, ઉત્કલ, બંગ,
વિંધ્ય, હિમાચલ, યમુના, ગંગા,
ઉચ્છલ જલધિતરંગ
તવ શુભ નામે જાગે, તવ શુભ આશિષ માગે,
ગાહે તવ જય ગાથા.
જનગણમંગલદાયક જય હે ભારત ભાગ્યવિધાતા.
જય હે, જય હે, જય હે, જય જય જય જય હે.

## પ્રતિજ્ઞા

"ભારત મારો દેશ છે. બધાં ભારતીયો મારાં ભાઈબહેન છે.

હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે. હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.

હું મારાં માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.

હું મારા દેશ અને દેશબાંધવો પ્રત્યે વફાદારી રાખવાની પ્રતિજ્ઞા લઉં છું. તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ સમાયેલું છે."

# ધોરણ સાતમું - ગુજરાતી અધ્યયન નિષ્પત્તિ

| અધ્યયન માટે સૂચવેલી શૈક્ષણિક પ્રક્રિયા | અધ્યયન નિષ્પત્તિ |
|---|---|
| **દરેક વિદ્યાર્થીઓને (ભિન્ન રૂપથી સક્ષમ બાળકો સહિત) વ્યક્તિગત, સામૂહિક રીતે કાર્ય કરવાનો અવસર અને પ્રોત્સાહન મળે તે માટે -**<br>• પોતાની ભાષામાં વાતચીત તથા ચર્ચા કરવાની તક હોય<br>• ઉપયોગમાં લેવાતી ભાષાની વિશિષ્ટતા વિશે ચર્ચા કરવાની તક હોય.<br>• સમૂહમાં કાર્ય કરવાની અને એકબીજાના કાર્યો વિશે ચર્ચા કરવાની, મત આપવા - લેવાની, પ્રશ્ન કરવાની સ્વતંત્રતા હોય.<br>• ગુજરાતીની સાથે-સાથે પોતાની ભાષાની સામગ્રી વાંચવા-લખવાની સુવિધા (બ્રેઈલ/સાંકેતિક રૂપમાં પણ) અને તે વિશે વાતચીત કરવાની સ્વતંત્રતા હોય.<br>• પોતાના પરિસર,સમય અને સમાજ સંબંધિત રચનાઓને વાંચવાની અને તેના વિશે ચર્ચા કરવાની તક હોય.<br>• પોતાની ભાષા દઢ કરતાં કરતાં લેખનસંબંધી પ્રવૃત્તિઓ થાય જેમકે - શબ્દ રમત, અનૌપચારિક પત્ર, પ્રાસમેળ, ઉખાણા, સંસ્મરણ વગેરે.<br>• સક્રિય અને જાગરૂક બનાવતી રચનાઓ, વર્તમાનપત્ર, પત્રિકાઓ, ફિલ્મ, દશ્ય-શ્રાવ્ય સામગ્રીને જોવાની, સાંભળવાની, વાંચવાની અને લકીને રજૂ કરવાની પ્રવૃત્તિઓનું આયોજન થાય.<br>• કલ્પનાશક્તિ અને સર્જનાત્મકતાને વિકસિત કરનારી પ્રવૃત્તિઓ જેમકે - અભિનય, નાટ્ય, કાવ્ય પઠન, સર્જનાત્મક લેખન, વિવિધ વિષયો પર સંવાદ વગેરેનું આયોજન થાય અને તેમની તૈયારી સંબંધિત સ્ક્રીપ્ટ લેખન અને અહેવાલ લેખનની તક હોય. | **વિદ્યાર્થી -**<br>07.05.01. જુદા-જુદા પ્રકારની રચનાઓ વાંચીને સમૂહમાં ચર્ચા કરે છે.<br>07.05.02. કોઈ સામગ્રી વાચતી વખતે લેખકે રચનાના અનુસંધાનમાં કહેલા વિચારોને સમજીને પોતાના અનુભવો સાથે તેની સંગતતા, સહમતિ અથવા અસહમતિના સંદર્ભમાં પોતાના વિચારો રજૂ કરે છે.<br>07.05.03. કોઈ ચિત્ર અથવા દશ્યને જોવાના અનુભવને પોતાની રીતે મૌખિક/સાંકેતિક ભાષામાં વ્યક્ત કરે છે.<br>07.05.04. વાંચેલી સામગ્રીનું ચિંતન કરતી વખતે વિશેષ સમજૂતી માટે પ્રશ્ન પૂછે છે/ચર્ચા કરે છે.<br>07.05.05. પોતાના પરિસરમાંના લોકકથા અને લોકગીતો વિશે ચર્ચા કરે છે અને તેમની પ્રશંસા કરે છે.<br>07.05.06. વિવિધ કળાઓ, જેમકે - હસ્તકળા, વાસ્તુકળા, કૃષિકળા, નૃત્યકળા અને એમાં વપરાતી ભાષા પ્રત્યે જિજ્ઞાસા વ્યક્ત કરે છે અને તેને સમજવાનો પ્રયત્ન કરે છે.<br>07.05.07. વિવિધ સ્થાનિક સામાજિક અને પ્રાકૃતિક મુદ્દાઓ / ઘટનાઓ વિશે પોતાની તાર્કિક પ્રતિક્રિયા આપે છે, જેમકે - વરસાદના દિવસોમાં થતી હરિયાળી વિષય પર ચર્ચા.<br>07.05.08. વિવિધ સંવેદનશીલ મુદ્દાઓ /વિષયો જેમકે - જાતિ, ધર્મ, વર્ણ, જેંડર (જાતિ), રીતરિવાજો વિશે મૌખિક રૂપમાં પોતાની તાર્કિક સમજ રજૂ કરે છે.<br>07.05.09. ઉપલક દષ્ટિએ કોઈ લખાણ વાંચીને તેની ઉપયોગિતા વિશે કહે છે.<br>07.05.10. કોઈ લખાણની ઝીણવટપૂર્વક ચકાસણી કરીને તેમાં કોઈ વિશેષ મુદ્દો શોધે છે.<br>07.05.11. વાંચેલી સામગ્રીનું ચિંતન કરતાં કરતાં વધુ સમજૂતી માટે પ્રશ્ન પૂછે છે.<br>07.05.12. વિવિધ વાંચન સામગ્રીમાં વપરાયેલ શબ્દો, રૂઢિપ્રયોગો, કહેવતોને સમજીને તેની પ્રાસંગિકતા કહે છે. |

| અધ્યયન માટે સૂચવેલી શૈક્ષણિક પ્રક્રિયા | અધ્યયન નિષ્પત્તિ |
|---|---|
| • વિદ્યાલય / વિભાગ / વર્ગની પત્રિકા / ભીંતપત્રક બનાવવા માટેનું પ્રોત્સાહન હોય. | 07.05.13. વાતો, કવિતા વગેરેને વાંચીને લેખનના વિવિધ પ્રકારો અને શૈલીને ઓળખે છે, જેમકે – વર્ણનાત્મક, ભાવાત્મક, પ્રકૃતિ ચિત્રણ વગેરે.<br>07.05.14. કોઈ લખાણને વાંચતી વખતે સમજવા માટે જરૂર પડે તો પોતાના સહવિદ્યાર્થી, અન્ય સામગ્રી, જેમકે – શબ્દકોશ, નકશા, ઇન્ટરનેટ અથવા અન્ય પુસ્તકોની મદદ લે છે.<br>07.05.15. વિવિધ કળાઓ, જેમકે – હસ્તકળા, વાસ્તુકળાના નમૂના બનાવે છે.<br>07.05.16. ભાષાની વિશિષ્ટતા તથા નવા શબ્દોનો ઉપયોગ કરે છે, જેમકે – કોઈ કવિતામાં વપરાયેલ વિશેષ શબ્દ, પદબંધનો પ્રયોગ – ‘રમે-જમે’.<br>07.05.17. વિવિધ પ્રસંગે /સંદર્ભે બીજા દ્વારા કહેવાતી વાતને પોતાની રીતે લખે છે જેમકે – પોતાના ગામના ચોકમાં થતી વાતચીત અથવા પોતાના વિસ્તારમાં જુદા-જુદા કાર્ય કરનાર લોકોની વાતચીત.<br>07.05.18. ગુજરાતી ભાષાની વિવિધ પ્રકારની સામગ્રીને (વર્તમાનપત્ર, પત્રિકા, વાર્તા, માહિતીપ્રેરક સામગ્રી, ઇન્ટરનેટ પર પ્રકાશિત થતી સામગ્રી વગેરે) સમજીને વાંચે છે અને એના વિશે પોતાની પસંદ-નાપસંદ સંબંધી તર્ક લેખિત/બ્રેઈલ લિપિમાં રજૂ કરે છે.<br>07.05.19. પોતાના અનુભવો પોતાની શૈલીમાં લખે છે.<br>07.05.20. વિવિધ વિષયો અને ઉદ્દેશો માટે લખતી વખતે ઉપયોગી શબ્દો, વાક્ય સંરચના, રૂઢિપ્રયોગો, કહેવતો, વિરામચિહ્નો અને અન્ય વ્યાકરણના ઘટકો જેમકે – ક્રિયા વિશેષણ, જોડશબ્દ વગેરેનો ઉપયોગ કરે છે.<br>07.05.21. વિવિધ સંવેદનશીલ મુદ્દાઓ /વિષયો, જેમકે – જાતિ, ધર્મ, વર્ણ, જેંડર (લિંગ), રીતરિવાજ વિશે લેખિત રૂપમાં તાર્કિક સમજ રજૂ કરે છે.<br>07.05.22. ભીંતપત્રક/પત્રિકા વગેરે માટે જુદા-જુદા પ્રકારની સામગ્રી એકત્રિત કરે છે, લખે છે અને તેનું સંપાદન કરે છે. |

# અનુક્રમણિકા


| ક્રમ. | પાઠ/કવિતાનું નામ | લેખક/કવિનું નામ | પૃષ્ઠ ક્ર. | અપેક્ષિત પિરિયડ |
|---|---|---|---|---|
| ૧. | પ્રાર્થના | ન્હાનાલાલ | ૧ | ૮ |
| ૨. | બીરબલનો દીકરો | મુકુંદ શાહ | ૫ | ૮ |
| ★ | **ઉપક્રમ** | | **૧૧** | **૨** |
| | **વિશેષણના પ્રકાર** | | **૧૨** | **૫** |
| ૩. | જલશક્તિ ગીત | સાંઈરામ દવે | ૧૪ | ૮ |
| ૪. | સારા અક્ષર | પીંકી શાહ | ૧૮ | ૮ |
| ★ | **ઉપક્રમ** | | **૨૫** | **૨** |
| ૫. | હો રંગ રસિયા | લોકગીત | ૨૬ | ૮ |
| ૬. | લોહી વિનાની સગાઈ | આશુ પટેલ | ૩૦ | ૮ |
| ★ | **ઉપક્રમ** | | **૩૬** | **૨** |
| ૭. | મોર એનું પગલું મૂકે ને... | મહેશ શાહ | ૩૭ | ૮ |
| ૮. | ફિલ્ડિંગની મજા | બકુલ ત્રિપાઠી | ૪૧ | ૮ |
| ★ | **ઉપક્રમ** | | **૪૮** | **૨** |
| ૯. | વૃક્ષો | શોભિત દેસાઈ | ૪૯ | ૮ |
| ૧૦. | સાદું જીવન | મોહમ્મદ માંકડ | ૫૩ | ૮ |
| ★ | **કૃદંત** | | **૫૮** | **૮** |
| ૧૧. | ઘડતર | પ્રતાપસિંહ હ. રાઠોડ | ૬૧ | ૮ |
| ૧૨. | પાંચ ચમચી મીઠું | સુધા મૂર્તિ | ૬૫ | ૮ |
| ★ | **ઉપક્રમ** | | **૭૦** | **૨** |
| ૧૩. | વેળા | ગીતા પરીખ | ૭૧ | ૮ |
| ૧૪. | પવિત્ર આંસુ | સાને ગુરુજી (અનુવાદક - નટવર દવે) | ૭૫ | ૮ |
| ★ | **ઉપક્રમ** | | **૮૦** | **૨** |
| ૧૫. | મારું ચકડોળ | અવિનાશ વ્યાસ | ૮૧ | ૮ |
| ૧૬. | એકમાત્ર વીરલો | પ્રફુલ શાહ | ૮૫ | ૮ |
| ★ | **બાળકોની કૃતિઓ** | | **૯૧** | **-** |
| ★ | **ભાષિક સમજ** | | **૯૩** | **-** |
| ★ | **કવિ-લેખક પરિચય** | | **૯૮** | **૮** |
| ★ | **માર્ગદર્શક કૃતિપત્રિકા** | | **૧૦૨** | **૨** |

તમે ક્યારેય આમ અબોલ પ્રાણીને મદદ કરી છે?




જો હા, તો વર્ગમાં તે પ્રસંગ કહો !

# ૧. પ્રાર્થના

## શ્લોકોનું પઠન કરીએ.

♦ વક્રતુંડ મહાકાય સૂર્ય કોટિ સમપ્રભ
નિર્વિઘ્નં કુરુ મે દેવ, સર્વે કાર્યેષુ સર્વદા...
''ગુરૂર્ બ્રહ્મા, ગુરૂર્ વિષ્ણુ, ગુરૂર્ દેવો મહેશ્વરાઃ
ગુરૂર્ સાક્ષાત પરબ્રહ્મ, તસ્મૈ શ્રી ગુરુવે નમઃ''
''યા દેવી સર્વ ભૂતેષુ, વિદ્યા રૂપેણ સંસ્થિતાઃ
નમસ્તસ્યૈ, નમસ્તસ્યૈ, નમસ્તસ્યૈ નમો નમઃ''



આ વસંત ખીલે શતપાંખડી, હરિ આવોને !
આ સૃષ્ટિએ ધરિયા સોહાગ ; હવે તો હરિ આવોને !
આ વિશ્વ વદે છે વધામણી, હરિ ! આવોને ;
આવી વાંચો અમારાં સૌભાગ્ય ; હવે તો હરિ આવોને !

આ ચંદરવો કરે ચન્દની, હરિ ! આવોને !
વેર્યાં તારલિયાનાં ફૂલ ; હવે તો હરિ આવોને !
પ્રભુ પાથરણાં દઈશ પ્રેમનાં, હરિ ! આવોને ;
દિલ વારી કરીશ સહુ ડૂલ ; હવે તો હરિ આવોને !

આ જળમાં ઊઘડે પોયણાં, હરિ ! આવોને !
એવા ઊઘડે હૈયાના ભાવ ; હવે તો હરિ આવોને !
આ માથે મયંકનો મણિ તપે, હરિ ! આવોને ;
એવા આવો જીવનમણિ માવ ! હવે તો હરિ આવોને !

આ ચન્દની ભરી છે તળાવડી, હરિ ! આવોને !
ફૂલડિયે બાંધી છે પાજ ; હવે તો હરિ આવોને !
આ આસોપાલવને છાંયડે, હરિ આવોને ;
મનમહેરામણ મહારાજ ! હવે તો હરિ ! આવોને !

– ન્હાનાલાલ



## ♦ સ્વાધ્યાય ♦

**સ. ૧ નીચેના શબ્દો માટે કવિતામાં વપરાયેલા શબ્દો શોધો**

૧) સો - ...................  ૨) દુનિયા - ......................

૩) મગ્ન - ...................  ૪) ચંદ્ર - ......................

૫) પાળ - ...................  ૬) કમળ - ......................

**સ. ૨ નીચે આપેલા શબ્દોની અંતાક્ષરી પૂર્ણ કરો.**

૧) હરિ - રિવાજ, ............, ............... ...............

૨) વસંત - ............, ............, ..............., ...............

૩) સોહાગ - ............, ............, ..............., ...............

**સ. ૩ પ્રકૃતિનું ઘટક ન હોય તેવો શબ્દ જુદો તારવો.**

૧) વસંત, શરદ, હેમંત, સૌભાગ્ય - .........., .........., .........

૨) દિલ, પોયણાં, મયંક, તળાવ - .........., .........., .........

૩) જળ, ફૂલ, મહારાજ, આસોપાલવ - .........., .........., .........

૪) ચાંદની, હૈયું, તારલિયા, મોરલા - .........., .........., .........

**સ. ૪ નીચેના શબ્દો માટે વપરાતાં અન્ય ચાર-ચાર નામ લખો.**

દા.ત. સૃષ્ટિ - દુનિયા, જગત, વિશ્વ, આલમ

૧) જળ  ૨) ચંદ્ર  ૩) ફૂલ  ૪) દિલ

૫) મહેરામણ  ૬) પ્રેમ  ૭) હરિ  ૮) માથું

**સ. ૫ નમૂના પ્રમાણે પ્રશ્ન બનાવો.**

દા.ત. વસંત શત પાંખડીએ ખીલે છે. (કેવી રીતે?)

વસંત કેવી રીતે ખીલે છે?

૧) ચંદ્ર ચાંદની પાથરે છે. (શું?)

૨) જળમાં પોયણાં ઊઘડે છે. (ક્યાં?)

૩) તળાવડી ચાંદનીથી ભરાયેલી છે. (શેનાથી?)

૪) હરિ ભક્તોનાં સૌભાગ્ય વાંચે છે. (કોના?)

♦ તમારી મનપસંદ કોઈપણ એક પ્રાર્થના ગાઓ અને ગવડાવો.

## સ. ૬ નીચેની કાવ્યપંક્તિ પૂર્ણ કરો.

૧) આ વિશ્વ વદે છે .........................

૨) ................. શતપાંખડી હરિ આવોને !

૩) આ જળમાં ..............................

૪) ............ દઈશ પ્રેમનાં, હરિ આવોને !

## સ. ૭ યોગ્ય વિકલ્પ પસંદ કરી વિધાન પૂર્ણ કરો.

૧) વસંત ........ પાંખડીએ ખીલેલી છે.

ક) સહસ્ત્ર ખ) શત ગ) દશક

૨) તારાઓને .............ની ઉપમાં આપેલી છે.

ક) વેલ ખ) ફળ ગ) ફૂલ

૩) પાણીમાં ...........નાં ફૂલ ખીલે છે.

ક) કમળ ખ) સૂરજમુખી ગ) ગલગોટો

૪) ...........ના છાંયે પ્રભુને બોલાવે છે.

ક) નાગરવેલ ખ) આસોપાલવ ગ) પીપળો

૫) વિશ્વ ............... વદે છે.

ક) સૌભાગ્ય ખ) આશીર્વાદ ગ) વધામણી

૬) પ્રભુએ ........... ના પાથરણાં આપ્યાં છે.

ક) પ્રેમ ખ) મખમલ ગ) લાગણી

## સ. ૮ સરખામણી યુક્ત શબ્દ લખો.

| | |
|---|---|
| ૧) ફૂલડાંરૂપી | ---- |
| ૨) ---- | પાથરણું |
| ૩) મયંકરૂપી | ---- |
| ૪) ---- | મહેરામણ |

## સ. ૯ અ) જોડણીથી થતાં અર્થભેદ ઓળખો.

| | |
|---|---|
| દા.ત. વારિ - પાણી ; | વારી - ખુશ થવું |
| ૧) પાણિ - ......... | પાણી - ......... |
| ૨) પુર - ........... | પૂર - ........... |
| ૩) દિન - .......... | દીન - .......... |
| ૪) સુર - ........... | સૂર - ........... |
| ૫) સૂર - .......... | શૂર - ........... |

બ) 'નું' પ્રત્યયનું યોગ્ય રૂપ લખો. દા.ત. હૈયાના ભાવ

૧) તારલિયા............... ફૂલ ૨) મયંક............મણી.

૩) પ્રેમ ............... પાથરણું ૨) ચંદ્ર............ચાંદની.

ક) 'ણી' પ્રત્યય લગાવી ભાવવાચક નામ બનાવો.

દા.ત. લાગવું - લાગણી

૧) વાવવું - ............ ૨) કાપવું - .............

૩) પજવવું - ........... ૪) કમાવું - .............

સ.૧૦ આપેલા શબ્દો વિશે બે-બે વાક્યો લખો.

૧) વસંત ૨) તળાવ ૩) વિશ્વ ૪) આસોપાલવ

## ♦ પ્રકલ્પ ♦

♦ સાત દિવસની સાત પ્રાર્થનાઓની એક પ્રાર્થના પુસ્તિકા બનાવો.

## હું વાંચું .... તમે પણ વાંચો

### ૐ તત્સત

ૐ તત્સત શ્રી નારાયણ તૂ, પુરુષોત્તમ ગુરુ તૂ ... ૐ
સિદ્ધ-બુદ્ધ તૂ, સ્કંદ વિનાયક, સવિતા પાવક તૂ.
બ્રહ્મ મધ્યે તૂ, યહ્વ શક્તિ તૂ ; ઇશુ-પિતા પ્રભુ તૂ : ... ૐ
રુદ્ર-વિષ્ણુ તૂ, રામકૃષ્ણ તૂ, રહીમ તાઓ તૂ.
વાસુદેવ ગો-વિશ્વરૂપ તું, ચિદાનંદ હરિ તૂ ... ૐ
અદ્વિતીય તૂ, અકાલ નિર્ભય, આત્મ-લિંગ શિવ તૂ ...

– વિનોબા ભાવે

## ♦ અધ્યાપન સંકેત ♦

પરિચિત અને વિદ્યાર્થીઓને આવડતા હોય તે શ્લોકોનું સમૂહપઠન કરાવવું. છઠ્ઠા ધોરણમાં શીખી ગયેલા છે તે પ્રાર્થનાની યાદ અપાવવી. પ્રાર્થનાનું મહત્ત્વ સમજાવી પ્રસ્તુત પ્રાર્થના શીખવા વિદ્યાર્થીઓને અભિમુખ કરવા. પછી કવિતાના વિષયવસ્તુને ધ્યાનમાં રાખીને લઘુપ્રશ્નો પૂછીને કવિતાને સરળભાષામાં સમજાવવાનો પ્રયત્ન કરવો. ભક્તો ભગવાનને પોતાના ઘરે બોલાવવા વિનંતી કરે છે અને એ આવે ત્યારે પોતે શું શું કરશે ? તેની વાત કરે છે. મીઠા મધ જેવા બોર ખવડાવવા રામની વાટ જોતી શબરીનું ઉદાહરણ આપવું.

**પ્રાર્થના થતી હોય છે, કરવાની નથી હોતી.**

# ૨. બીરબલનો દીકરો

2XDJTL

♦ **ચાલો વાર્તા સાંભળીએ.**

અકબર બાદશાહનો દરબાર – કડકડતી ઠંડીના દિવસો – રાજા દ્વારા જાહેરાત – આખી રાત નદીના પાણીમાં ઊભા રહેવું – સો સોનામહોરનું ઈનામ – ગરીબ બ્રાહ્મણ – દીકરીનાં લગ્ન – ધનની જરૂરત – જાહેરાતનો સ્વીકાર – આખી રાત નદીના પાણીમાં ઊભા રહેવું – સવારે રાજાનો પ્રશ્ન – બ્રાહ્મણનો ઉત્તર – ઝરુખાના દીવાનું ચિંતન – દીવો મારી પાસે જ છે એવો વિચાર – ઈનામ આપવાની ના – બ્રાહ્મણ નિરાશ – અન્યાય – બીરબલનો બાદશાહને પાઠ ભણાવવાનો નિર્ણય – જંગલમાં રાજા સાથે શિકારે જવું – ભોજન માટે ખીચડી બનાવવી – વાંસના ત્રણ લાકડાં – વિચિત્ર ચૂલો – ઊંચે ખીચડીનું વાસણ – નીચે આગ – સમય વિતવો – બાદશાહની ધીરજ ખૂટવી – બીરબલનો ઉત્તર – ગરીબ બ્રાહ્મણની વાત – નાનકડા દીવાથી દૂર ગરમી મળે – તો આટલી નજીક ખીચડી પાકશે – બાદશાહને ભૂલ સમજાઈ જવી – બ્રાહ્મણને બોલાવવો – ઈનામ આપવું.

અકબર બાદશાહ અને બીરબલનું નામ તો તમે બધા જાણો છો જ. બીરબલની બુદ્ધિચાતુરીની ઘણી વાતો પ્રચલિત છે. બીરબલ અત્યંત બુદ્ધિશાળી તેમજ જબરો આસ્તિક હતો. ઈશ્વરમાં તે માનતો હતો અને તેની ભક્તિ કરતો હતો. તે અકબર બાદશાહને પણ ઈશ્વરને યાદ કરવા અને તેની ભક્તિ કરવાનું ઘણીવાર કહેતો.

એકવાર બીરબલે જ્યારે બાદશાહને કહ્યું ત્યારે બાદશાહે તેને પૂછ્યું : 'બીરબલ, તું ઈશ્વરને યાદ કરવા મને વારંવાર કહે છે તો પહેલાં એ કહે કે ઈશ્વર ક્યાં રહે છે ? તેના દર્શન કેવી રીતે થાય ? અને તે શું કરે છે ?

અકબરે એક સાથે ત્રણ પ્રશ્નો પૂછ્યા. ત્રણે ખૂબ મુશ્કેલ હતા. બીરબલ તરત તેના ઉત્તર ન આપી શક્યો. તે ચિંતામાં પડી ગયો. તેણે કહ્યું, 'જહાંપનાહ ! આપના પ્રશ્નોના ઉત્તર માટે મને સાત દિવસનો સમય આપો. સાતમા દિવસે હું ઉત્તર આપીશ.'

બાદશાહે બીરબલને સાત દિવસની મહેતલ આપી.

છ દિવસ તો જોતજોતામાં પસાર થઈ ગયા. ઉત્તર મળતો નહોતો. સાતમા દિવસનું પ્રભાત ઊગ્યું. બીરબલ ચિંતામાં ડૂબી ગયો.

પિતાને ચિંતામાં ડૂબેલા જોઈ તેના નાના દીકરાએ તેને પૂછ્યું, : 'પિતાજી ! આપ શેની ચિંતા કરો છો ?'

બીરબલે કહ્યું : 'બાદશાહે ત્રણ પ્રશ્નો પૂછ્યા છે, જેના ઉત્તર મારે આપવાના છે પણ હું આપી શકું તેમ નથી.' 'ક્યા પ્રશ્નો?' બીરબલના દીકરાએ પૂછ્યું. ઉત્તરમાં બીરબલે માંડીને બધી વાત કરી. એ સાંભળી નાનો બાળક બોલી ઊઠ્યો : 'અરે ! એના ઉત્તરો તો સાવ સહેલા છે, હું એના ઉત્તર આપીશ.'

બીરબલે ઉત્તર જાણવાની ઇચ્છા કરી ત્યારે દીકરાએ કહ્યું, 'પિતાજી, તમને નહિ, હું બાદશાહને જ ઉત્તર આપીશ. મને તેમની પાસે લઈ જાઓ.'

બીરબલ પોતાના દીકરાને અકબર પાસે લઈ ગયો અને બોલ્યો : 'પરવરદિગાર ! આપના ત્રણે પ્રશ્નોના ઉત્તર આ મારો દીકરો આપશે.'

અકબરે આશ્ચર્યથી બાળક તરફ જોયું અને



પૂછ્યું : 'આ નાનો બાળક મારા અઘરા પ્રશ્નોના ઉત્તર આપશે ? સારું. તો મને કહે કે ઈશ્વર ક્યાં રહે છે ? એનાં દર્શન કેવી રીતે થાય ? અને તે શું કરે છે ?

બાળકે કહ્યું : 'બાદશાહ, આપ ભારતમાં નવા આવ્યા છો. આપને ભારતીય સંસ્કૃતિની જાણ નથી. ભારતની સંસ્કૃતિમાં જ્યારે કોઈ આપણે ત્યાં આવે ત્યારે તેનું સ્વાગત કરવાની પ્રથા છે. પાણી આપી ભોજન કરાવી પછી વાતચીત કરવી જોઈએ. સીધા પ્રશ્નો પૂછવાનો રિવાજ ભારતનો નથી.'

બાદશાહ ભોંઠા પડી ગયા. તેણે કહ્યું: 'બોલ, શું લઈશ ?' બાળકે કહ્યું : 'મને દૂધ ફાવશે.'

બાદશાહે એક પ્યાલામાં દૂધ મંગાવ્યું, બાળકના હાથમાં આપીને કહ્યું, 'લે, પી લે જોઈએ.'

બાળકે પ્યાલો લઈને અંદર જોવા માંડ્યું. અંદર આંગળી નાખી કંઈક કાઢવા લાગ્યો. બાદશાહે નવાઈ પામીને પૂછ્યું : 'આ તું શું કરે છે ? દૂધ કેમ પીતો નથી ?'

બાળકે કહ્યું : 'જહાંપનાહ ! મેં સાંભળ્યું છે કે દૂધમાં માખણ રહેલું છે પણ માખણ તો ક્યાંયે જણાતું જ નથી !'

અકબરે હસીને કહ્યું, : 'તું હજી નાદાન છે. તને તે નહિ સમજાય. માખણ દૂધની અંદર જ છે. પણ તેને જોવું હોય તો પહેલાં દહી નાંખીને દૂધને મેળવવું પડે. દહીં બની ગયા પછી તેને સારી રીતે વલોવવું પડે પછી માખણ ઉપર આવે.'

બાળકે કહ્યું : ''તો સાંભળો જહાંપનાહ! આપના પહેલા બે પ્રશ્નોના ઉત્તર છે કે, ઈશ્વર સર્વત્ર છે. જગતના ખૂણેખૂણામાં તે રહે છે. પણ તેમનું દર્શન કરવા આપણા મનને વલોવવું પડે. તો જ તેમનાં દર્શન થાય.''

બાદશાહે કહ્યું : 'શાબાશ ! તેં મારા બંને પ્રશ્નોના ઉત્તર તો આપી દીધા. મારી શંકાનું સમાધાન થઈ ગયું. હવે ત્રીજો પ્રશ્ન બાકી રહ્યો. હવે એ કહે કે ઈશ્વર શું કરે છે ?'

બાળકે પૂછ્યું : 'આપ પ્રશ્ન ગુરુ બનીને પૂછો છો કે શિષ્ય બનીને ?' બાદશાહે કહ્યું:



'શિષ્ય બનીને'.

બાળકે જણાવ્યું : 'તમે તો કમાલના શિષ્ય છો ! ગુરુ નીચે જમીન ઉપર ઊભા છે ને શિષ્ય સિંહાસન ઉપર બેઠા છે ?'

બાદશાહ શરમાઈને નીચે ઊતરી ગયા અને બાળકને પોતાની જગ્યાએ બેસાડ્યો પછી હાથ જોડીને પૂછ્યું : 'હવે બતાવ, કે ઈશ્વર શું કરે છે ?'

બાળકે હસીને જણાવ્યું : 'ઈશ્વર ઉપરવાળાને નીચે અને નીચેવાળાને ઉપર બેસાડે છે. ખરેખર ઈશ્વરની લીલા અકળ છે, તેનું વર્ણન કોઈ પણ કરી શકે ખરો ?

– મુકુન્દ શાહ

## ♦ સ્વાધ્યાય ♦

**સ. ૧ નીચેના શબ્દો માટે પાઠમાં વપરાયેલા શબ્દ શોધો.**

| | | | |
|---|---|---|---|
| ૧) અવારનવાર | – ...................... | ૨) અઘરા | – ...................... |
| ૩) મુદત | – ...................... | ૪) વહેમ | – ...................... |
| ૫) વિદ્યાર્થી | – ...................... | ૬) પ્રાત:કાલ | – ...................... |
| ૭) નવાઈ | – ...................... | ૮) પ્રણાલી | – ...................... |
| ૯) નવનીત | – ...................... | ૧૦) અણસમજુ | – ...................... |
| ૧૧) સુલેહ | – ...................... | ૧૨) પ્રસિદ્ધ | – ...................... |

### સ. ૨ અર્થ બદલ્યા વગર વાક્યનું નકારાત્મક વાક્યમાં રૂપાંતર કરો.

૧) મારા દાદા આસ્તિક છે.

૨) સવારે સૂર્યનો ઉદય થાય છે.

૩) મારો મિત્ર પીઢ છે.

૪) પર્વતારોહણ કરવું મુશ્કેલ છે.

### સ. ૩ નીચેના શબ્દોનો વાક્યમાં ઉપયોગ કરો.

૧) પ્રચલિત ૨) બુદ્ધિશાળી ૩) આસ્તિક ૪) ભક્તિ

૫) દર્શન ૬) આશ્ચર્ય ૭) સમાધાન ૮) સિંહાસન

### સ. ૪ 'રાજા' માટે પ્રસ્તુત પાઠમાં વપરાયેલા શબ્દો લખો. એ ઉપરાંત તમે જાણતા હો તે બધા જ શબ્દો પણ લખો.

### સ. ૫ યોગ્ય રીતે જોડો.

| | |
|---|---|
| ૧) ભોંઠા પડી જવું | અ) ઈશ્વરમાં માનવું |
| ૨) આસ્તિક હોવું | આ) શરમિંદુ થઈ જવું. |
| ૩) મહેતલ આપવી | ઇ) ખૂબજ ફીકર થવી. |
| ૪) ચિંતામાં ડૂબી જવું | ઈ) મુદત આપવી. |

♦ અકબર-બીરબલનો તમને આવડતો કોઈપણ એક પ્રસંગ વર્ગમાં કહો.

### સ.૬ યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.

૧) બીરબલ જબરો ............ હતો.

ક) ભક્ત ખ) આસ્તિક ગ) નાસ્તિક

૨) બીરબલે પ્રશ્નોના ઉત્તર આપવા અકબર બાદશાહ પાસે ........ દિવસનો સમય માંગ્યો.

ક) પાંચ ખ) નવ ગ) સાત

૩) ભારતની સંસ્કૃતિમાં કોઈ આપણે ત્યાં આવે ત્યારે પહેલાં તેનું .......... કરવાની પ્રથા છે.

ક) સ્વાગત ખ) પારખુ ગ) અપમાન

૪) અકબરે બાળકને ........... કહ્યો.

ક) ડાહ્યો ખ) નાદાન ગ) બુદ્ધિશાળી

૫) ઈશ્વરના દર્શન કરવા આપણા ........ વલોવવું પડે.

ક) ધનને ખ) તનને ગ) મનને

### સ.૭ લખતાં થઈએ.

૧) બીરબલે અકબર બાદશાહને પૂછેલા પ્રશ્નો

૨)

બીરબલ અકબર બાદશાહને ઘણીવાર કહેતા

૩) ભારતીય સંસ્કૃતિમાં સ્વાગતની પ્રથા

**સ.૮ યોગ્ય વિકલ્પ શોધી વિધાનો પૂર્ણ કરો :**

૧) બીરબલ પોતાના દીકરાને અકબર પાસે..........

(ક) ત્રણ પ્રશ્નોના ઉત્તર આપવા લઈ ગયો.

(ખ) સાચા પ્રશ્નોના ઉત્તર આપવા લઈ ગયો.

(ગ) બધા પ્રશ્નોના ઉત્તર આપવા લઈ ગયો.

૨) ગુરુ નીચે જમીન ઉપર ઊભા છે ને ..........

(ક) શિષ્ય સોફા ઉપર બેઠા છે?

(ખ) શિષ્ય સિંહાસન ઉપર બેઠા છે?

(ગ) શિષ્ય બૅન્ચ ઉપર બેઠા છે?

**સ.૯ નીચેનાં વાક્યો કોણ કોને કહે છે ?**

૧) 'આપ પ્રશ્ન ગુરુ બનીને પૂછો છો કે શિષ્ય બનીને ?'

૨) 'આપના ત્રણે પ્રશ્નોના ઉત્તર આ મારો દીકરો આપશે.'

૩) 'આપ શેની ચિંતા કરો છો ?'

૪) 'આ તું શું કરે છે ? દૂધ કેમ પીતો નથી ?'

**સ.૧૦ વિશેષણ શોધી નીચે લીટી દોરો.**

૧) અકબરે ત્રણ પ્રશ્નો પૂછ્યા.

૨) સાતમા દિવસનું પ્રભાત ઊગ્યું.

૩) એના ઉત્તરો તો સહેલા છે.

૪) તું હજી નાદાન છે.

**સ.૧૧ પાઠમાં આવતા દરેક સર્વનામો શોધો.**

(ઓછામાં ઓછા ૩૦ છે. એકપણ સર્વનામનું પુનરાવર્તન ન થવું જોઈએ.)

**સ.૧૨ તમારા ઘરમાં પૂજાપાઠ અને પ્રાર્થના કેવી રીતે થાય છે તે તમારા શબ્દોમાં ૫થી ૭ વાક્યોમાં લખો.**

## ♦ પ્રકલ્પ ♦

♦ આપેલા ધર્મના પ્રાર્થના સ્થળોનાં ચિત્રો, ધર્મગ્રંથ અને તેના સંસ્થાપકની માહિતી સાથે સરસ ભીંતપત્રક તૈયાર કરો. હિંદુ, જૈન, ઇસ્લામ, શીખ, બૌદ્ધ, ખ્રિસ્તી, પારસી

## હું વાંચું .... તમે પણ વાંચો

### સૌનું કરો કલ્યાણ

(રાગ : કેદાર અથવા પૂરિયા ધનાશ્રી, તીનતાલ)

સૌનું કરો કલ્યાણ, દયાળુ પ્રભુ !
    સૌનું કરો કલ્યાણ...
નરનારી પશુપક્ષીની સાથે,
    જીવજંતુનું તમામ ....... દયાળુ ........
જગનાં વાસી સૌ સુખ ભોગવે,
    આનંદે રહી આઠે જામ ... દયાળુ ...
દુનિયામાં દરદ દુકાળ પડે નહિ,
    લડે નહિ કોઈ ગામ ... દયાળુ ...
સર્વ જગે સુખાકારી વધે ને,
    વળી વધે ધનધાન્ય ... દયાળુ ...
કોઈ કોઈનું બૂરું ન ઇચ્છે,
    સૌનું ઇચ્છે કલ્યાણ ... દયાળુ ...
પોતપોતાના ધર્મ પ્રમાણે,
    સર્વ ભજે ભગવાન ... દયાળુ ...
જાદવદાસના દાસ પોકારે,
    પ્રેમે કરી પરણામ ... દયાળુ ...

– જાદવદાસ

### ♦ અધ્યાપન સંકેત ♦

શરૂઆતમાં આપેલા મુદ્દાના આધારે 'બીરબલની ખીચડી'ની વાર્તા કહ્યા પછી બીરબલની ચતુરાઈ તેમ જ તેના હાજરજવાબીપણાની વાત કરવી અને સાથે અકબરના નવરત્નોની પણ વિસ્તૃત ચર્ચા કરવી. પ્રશ્નોત્તર અને ચર્ચા દ્વારા પાઠનું અધ્યયન-અધ્યાપન કરાવતી વખતે બાળકોને સતત સક્રિય રાખવા.

આપેલા પ્રકલ્પ વિશે સમજ આપતી વખતે ધર્મપ્રતીકોની પણ માહિતી જરૂર જણાય તો અવશ્ય આપવી.

અકબર બીરબલના અન્ય પ્રસંગોની જેમ તેનાલીરામન અને રાજા કૃષ્ણદેવરાયના કોઈ પ્રસંગો વિશે ચર્ચા કરી વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનની ચકાસણી કરી શકાય અથવા તેમના જ્ઞાનમાં વૃદ્ધિ પણ કરી શકાય. બીરબલનો દીકરો પણ તેના જેવો ચતુર અને બુદ્ધિશાળી છે તેથી 'મોરનાં ઈંડાંને ચીતરવાં ન પડે' જેવી કહેવત સમજાવવાનો પણ અવશ્ય પ્રયાસ કરવો.

**જે શીખવા માંગે છે તેને બધું જ આવડે છે.**

# ♦ ઉપક્રમ ♦

♦ નીચેની ક્રિયા તમે હંમેશાં, ક્યારેક કરો છો કે ક્યારેય નથી કરતા તે પ્રમાણે ખાનામાં ✓ કરો.

| ક્રમ | ક્રિયા | હંમેશાં | ક્યારેક | ક્યારેય નહિ |
|---|---|---|---|---|
| ૧. | હું રોજ રમવા જતાં પહેલાં અને રમીને આવ્યા પછી હાથ ધોઉં છું. | | | |
| ૨. | હું પાણીની શીશીમાં વધેલું પાણી વૃક્ષોને પીવડાવું છું. | | | |
| ૩. | પીવા માટે જોઈએ એટલું જ પાણી પ્યાલામાં લઉં છું. | | | |
| ૪. | દર અઠવાડિયે એક દિવસ હું વધેલા નખ કાપું છું. | | | |
| ૫. | બહારથી આવ્યા પછી હું મારા હાથ-પગ ધોઉં છું. | | | |
| ૬. | હું અન્નનો બગાડ કરતો નથી. | | | |
| ૭. | રાતે સૂતા પહેલાં દાંત ઘસી, હાથ-પગ ધોઉં છું. | | | |
| ૮. | હું કચરાપેટીનો ઉપયોગ કરું છું. | | | |
| ૯. | હું મારું પરિસર સ્વચ્છ રાખું છું. | | | |
| ૧૦. | પીવાના પાણીના નળ પાસે હું ગંદકી કરતો નથી. | | | |
| ૧૧. | હું નોટબુકનાં પાનાં ફાડતો નથી. | | | |
| ૧૨. | વર્ગમાં વધેલા ચોકનો ભૂક્કો હું કદી કરતો નથી. | | | |
| ૧૩. | હું મારા વર્ગનાં ભીંતચિત્રો બદલાવું છું. | | | |
| ૧૪. | હું જાહેર જગ્યાએ થૂંકતો નથી અને તે જગ્યા બગાડતો નથી. | | | |
| ૧૫. | હું ઉકાળેલું પાણી પીઉં છું. | | | |
| ૧૬. | હું મારા ઘર તથા શાળાની વસ્તુઓની સાચવણી કરું છું. | | | |
| ૧૭. | હું નિયમિત રીતે યોગ કરું છું. | | | |
| ૧૮. | મારા વર્ગશિક્ષક અને વિષયશિક્ષકે આપેલી આજ્ઞાનું હું પાલન કરું છું. | | | |

## ♦ વિશેષણના પ્રકાર ♦

આપણે શીખી ગયા છીએ.

૧) ગુણવાચક વિશેષણ  ૨) સંખ્યાવાચક વિશેષણ  અને
૩) પરિમાણવાચક વિશેષણ / પ્રમાણવાચક વિશેષણ. હવે અન્ય પ્રકાર વિશે શીખીશું.

- **નીચેનાં વાક્યો વાંચો.**

૧) ક્યો છોકરો આજે ગેરહાજર છે ?

૨) તને કેવી પેન જોઈએ છે ?

૩) કોનો ભાઈ આઠમા ધોરણમાં ભણે છે ?

- હવે ઉપરનાં વાક્યોના જવાબ આપો.

૧) ઉમેશ આજે ગેરહાજર છે.

૨) મને પાર્કર પેન જોઈએ છે.

૩) ભરતનો ભાઈ આઠમા ધોરણમાં ભણે છે.

- **યાદ રાખો :** ક્યું, કેવું, કોનું, શેનું, કશું જેવા પ્રશ્નો પૂછવાથી જે ઉત્તર મળે છે તેને **પ્રશ્નવાચક વિશેષણ** કહેવાય છે.

- **કવિતામાં યાદ રાખો.**

પદો કોની અને શાની વળી એ કોણ ને એ શું
બધાં પ્રશ્નાર્થનાં રૂપો હવે હું ઓળખી લઉં છું.
જુઓ પ્રશ્નાર્થનાં રૂપો કદી એ સર્વનામો છે.
વિશેષણ એ બને ત્યારે નહીં શું ઓળખો એને ?
કહે શી શક્તિ છે તારી ? ડરાવે કાળ તું કોને ?
વિશેષણ શક્તિનું શી છે કરે સંજ્ઞા - વધારો તે
ડરાવે કાળ તું કોને ? મને ? ના હું નથી ડરતો.
અહીં કોને મને કાજે વધારો ત્યાં નથી થાતો.

- **નીચેનાં વાક્યો વાંચો.**

૧) આ ચોપડી દફ્તરમાં મૂક.  કઈ ચોપડી ?

૨) પેલાં બહેન ગણિતનાં શિક્ષિકા છે.  ક્યાં બહેન ?

- **યાદ રાખો :** એ, આ, પેલો, પેલી, પેલા, પેલું, તે વગેરે વ્યક્તિ કે પદાર્થ દર્શાવે છે. તેથી તેને **દર્શક વિશેષણ** કહેવાય છે.

- **કવિતામાં યાદ રાખો.**

એ ફોક મુજને બહુ ગમે, પપ્પા અપાવો એ મને,
એ જ પદ દર્શાવતું જે વસ્તુને બંને સ્થળે.
એ ફોક – ત્યાં દર્શક વિશેષણ 'એ' વિશેષણ ફોકનું
આપો મને એ ત્યાં જ પદ એ સર્વનામ બની જતું.

- **નીચેનાં વાક્યો વાંચો.**

૧) જેટલા પૈસા બચાવશો તેટલી બચત થશે.
૨) જેવી સરકાર તેવી પ્રજા.
૩) જેવું કરો તેવું ભરો.

- **યાદ રાખો : જેટલું...તેટલું, જેવું...તેવું, જેનું...તેનું, જે...તે વગેરે એકબીજાની અપેક્ષાએ આવે છે. વળી એ નામનાં લિંગ, વચન પ્રમાણે બદલાય છે. તેને સાપેક્ષ વિશેષણ કહેવાય છે.**

- **કવિતામાં યાદ રાખો.**

અપેક્ષા એકબીજાની પદો જે રાખતાં નિત્યે
ગણો સાપેક્ષ તે બંને, અહીં સાપેક્ષ છે જે...તે.
    લલાટે જે લખાયું તે કદી મિથ્યા નથી થાતું,
    રડીને કે હસીને કે બધુંયે ભોગવી લેવું.
જે માણસે બૂરું કર્યું તે પાપનાં ફળ ભોગવે,
જે...તે અહીં સાપેક્ષ છે બંને વિશેષણ છે ખરે.


## ♦ સ્વાધ્યાય ♦

- **નીચેનાં વાક્યોમાંથી વિશેષણ શોધી તેના પ્રકાર લખો.**


૧) પેલું ચિત્ર દીવાલ પર શોભે છે.
૨) વોટર પાર્કમાં અમને ખૂબ મજા પડી.
૩) મોરનાં લાંબાં અને રંગબેરંગી પીંછાં મને ગમે છે.
૪) ભારતમાં ક્યો ધોધ સૌથી મોટો છે ?
૫) કંઈક જીવજંતુ તેને કરડી ગયું છે.
૬) જેવો પ્રશ્ન છે તેવો તેનો ઉત્તર છે.
૭) પાંચમા ધોરણનાં બાળકો નાટક ભજવશે.
૮) એકસો અગિયાર રૂપિયાનો ચાંદલો કરો.

# ૩. જલશક્તિ ગીત

♦ ચાલો નિરીક્ષણ કરીએ.




(રાગ : અમ દેશની આ આર્યરમણી)




સ્વચ્છ નિર્મલ સ્ફૂર્તિદાયક જલનો મહિમા જાણજો,
જે જલે આપ્યું જીવન એની મહત્તા માણજો,
જળની ખળખળ સંપત્તિ ધરતી તણો શણગાર છે,
હે માણસો પાણી બચાવો પૃથ્વીનો પોકાર છે.

જલ વિનાની જિંદગી વિચારજો ભેંકાર છે,
જીવ, જંતુ, વૃક્ષ, માનવ, જલ જીવન ધબકાર છે,
જલ સદા શીતલ વહે ભૂતલ તણો આધાર છે,
હે માણસો પાણી બચાવો પૃથ્વીનો પોકાર છે.

તળ થયા સાજા ફળી ખેતી ને ડેરી ધમધમી,
દૂધની ક્રાંતિ થઈ ઉદ્યોગની આશા ફળી,
પશુધન વિકસ્યા દુકાળો જલ થકી હદ પાર છે,
હે માણસો પાણી બચાવો પૃથ્વીનો પોકાર છે.



જલ ઉગાડે અન્ન જલ દયે ધન, તન-મન તાજગી,
છે મફતમાં સાવ તેથી શું વેડફવું વાજબી,
'સાંઈ' કહે જલ સંપત્તિ ના સાચવે ધિક્કાર છે,
હે માણસો પાણી બચાવો પૃથ્વીનો પોકાર છે.



– સાંઈરામ દવે

## ♦ સ્વાધ્યાય ♦

**સ. ૧ નીચેના શબ્દો માટે કાવ્યમાં વપરાયેલા શબ્દ શોધો.**

૧) સાફ – .................... ૨) મહત્ત્વ – ....................
૩) જમીન – .................... ૪) મિલકત – ....................
૫) આર્તનાદ – .................... ૬) ઠંડું – ....................
૭) અનાવૃષ્ટિ – .................... ૮) નફરત – ....................

**સ. ૨ નીચેના શબ્દોનો વાક્યમાં ઉપયોગ કરો.**

દા.ત. ધરતી-પાણીથી ધરતી સમૃદ્ધ અને રસાળ બને.

૧) નિર્મલ ૨) સંપત્તિ ૩) આશા ૪) શીતલ
૫) જિંદગી ૬) આધાર ૭) મહિમા ૮) મફત

**સ. ૩ નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ આપો. તમારો જવાબ કૌંસમાંથી પસંદ કરો.**

(અમર, સ્વચ્છ, વેડફવું, અસત્ય, નિર્મલ, અસ્વચ્છ, શીતલ, અશક્ય)

૧) જે સાફ હોય છે તે- ................ ૨) જેમાં મેલ નથી તે – ................
૩) જે ઠંડું છે તે – ................ ૪) જે નકામી રીતે વપરાય તે –.........
૫) જે મરતું નથી તે – ................ ૬) જે ગંદું છે તે – ................
૭) જે સત્ય નથી તે – ................ ૮) જે શક્ય નથી તે – ................

**સ. ૪ શબ્દની અંતાક્ષરી પૂરી કરો. (ઓછામાં ઓછા ૧૦ શબ્દોની સાંકળ બનાવો.)**

મહિમા – માતા – ........ – ........ – ........ – ........ – ........ – ........

## સ. ૫ ઉદાહરણ પ્રમાણે નવા શબ્દ બનાવો.

ઉદા. સ્ફૂર્તિ – સ્ફૂર્તિદાયક

૧) આરામ – ...................... ૨) પ્રેરણા – ......................

૩) શક્તિ – ...................... ૪) શાંતિ – ......................

## સ. ૬ લખતાં શીખીએ.

૧) ધરતીનો શણગાર :

૨) આના વિનાની જિંદગી ભેંકાર :

૩) વેડફવી ન જોઈએ તે વસ્તુ :

૪) કવિ આપણને આ સંદેશો આપે છે :

## સ. ૭ યોગ્ય પર્યાય પસંદ કરીને લખો.

૧) જલથી આપણને ........... મળે છે.

ક) જીવન ખ) ધન ગ) મન ઘ) તન

૨) જલ .......... આધાર છે.

ક) નભનો ખ) ભૂતલનો ગ) બ્રહ્માંડનો ઘ) સંસારનો

૩) પાણી બચાવો એ પોકાર ............ છે.

ક) આકાશનો ખ) સમુદ્રનો ગ) પૃથ્વીનો ઘ) માનવનો

૪) પાણીને લીધે .......... આશા ફળી.

ક) બગીચાની ખ) ઉદ્યોગની ગ) અન્નની ઘ) સંપત્તિની

## સ. ૮ વિચારીને લખીએ.

૧) અમારો જીવન ધબકાર પાણી

૨) પાણીને લીધે થયેલી પ્રગતિ

## સ. ૯ કાવ્યમાં જલ માટે વપરાયેલાં જુદાંજુદાં બધાં જ વિશેષણો લખો.

## સ. ૧૦ ‘જો પાણી ન હોય તો’ વિશે તમારા શબ્દોમાં ૭થી ૮ વાક્યો લખો.

- પાણી બચાવવા માટે તમે શું શું કરશો ? તે કહો.
- પાણી બચાવવાની જેટલી જરૂર છે તેટલી જરૂર બીજું શું શું બચાવવાની છે ? તે કહો.

## ♦ પ્રકલ્પ ♦

- ‘પર્યાવરણ બચાવવાનાં સૂત્રો’ કાર્ડબોર્ડ ઉપર લખો. તેને લગતાં ચિત્રો ઇન્ટરનેટ ઉપરથી શોધો અને તેની પ્રિન્ટઆઉટ લઈ સૂત્રોની સામે ચોંટાડો અને વર્ગમાં ટીંગાડો.

# હું વાંચું .... તમે પણ વાંચો

## જલ મહિમા

જલ જલ તલ ભૂતલ સરલ નિર્મલ જલ
ખલખલ પરવત અંગ ઝરે,
છે અસલ નીર દ્યે કૈંક કમલ ફલ
સકલ સૃષ્ટિને કુશલ કરે.
તું ઘૂંટ ખરલમાં અકલને પલપલ
જલ જાળવવા ટસલ કરે,
હે માનવ જલને બચાવ આવ તું,
અટલ બનીને યત્ન કરે.




ખટપટ તું છોડ પ્રગટ બુદ્ધિ કર,
જલ સંકટ તું હૃદય ધરે,
છે બિકટ રૂપ તું ચેતને ઝટપટ,
ઝપટ કરી કરકસર કરે.
જલબિન છે ઝંઝટ ઘણી ભીંસ છે નિકટ,
રે નટખટ જરા ડરે,
હે માનવ, જલને બચાવ આવ તું,
અટલ બનીને યત્ન કરે.

– સાંઈરામ દવે




### ♦ અધ્યાપન સંકેત ♦

શરૂઆતમાં આપેલા ચિત્રનું બારીકાઈથી નિરીક્ષણ કરાવવું પછી તેના વિશે પ્રશ્નો પૂછીને પાણીમાં કેટલી પ્રચંડ શક્તિ છે તેનો સ્પષ્ટ ખ્યાલ આપવો. ત્યાર પછી કાવ્ય સમજાવતા પહેલાં ત્રણથી ચાર વખત સમૂહગાન કરાવવાથી કાવ્યનો સારાંશ વિદ્યાર્થીઓને મોટે ભાગે સમજાઈ જશે. ત્યાર પછી નાના નાના પ્રશ્નોની મદદથી કવિતા સમજાવવી. વચ્ચે વચ્ચે પાણી વિશે વિસ્તૃત ચર્ચા દ્વારા વિદ્યાર્થીઓ પાસેથી માહિતી મેળવવી અને જરૂર લાગે ત્યાં વધારાની માહિતી આપવી. પાણી સિવાયના અન્ય પ્રાકૃતિક સંસાધનોના સંરક્ષણ અને સંવર્ધન માટે વિદ્યાર્થીઓને પ્રેરિત કરવા એટલું જ નહિ તે બાબતની જનજાગૃતિ માટે વિદ્યાર્થીઓને ઉત્સાહિત પણ કરવા જરૂરી છે. પાણી વિશેનો વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ વિકસાવવાનો પણ હેતુપૂર્વક પ્રયત્ન કરવો.

**પ્રાકૃતિક સંસાધનોનું સંરક્ષણ અને સંવર્ધન આપણું પ્રથમ કર્તવ્ય છે.**

# ૪. સારા અક્ષર

♦ વાંચો.

**ખરાબ અક્ષર અધૂરી કેળવણીની નિશાની છે.**
**સુંદર અક્ષરો એ હાથનું ઘરેણું છે.**
**સારા અક્ષરોથી સુંદર પ્રભાવ પાડી શકાય.**



**હાર્દિક** : મેહુલ, તું તો લેસન કરવા બેસી ગયો. ચલ ને રમવા ; બધા જ તારી રાહ જુએ છે.

**મેહુલ** : આ લેસન પૂરું થઈ જાય એટલે શાંતિ ને!

**હાર્દિક** : અરે વાહ ! તારી નોટનાં પાનાં કેવાં મસ્ત છે, લીસાં લીસાં હં... હવે મને ખબર પડી કે સાહેબ કાયમ તારી નોટ જ ક્લાસમાં કેમ બતાવતા હશે?

**મેહુલ** : મારી નોટમાં લીસાં પાનાં છે એટલે કંઈ સાહેબ ક્લાસમાં નથી બતાવતા. પણ મારા અક્ષર સારા છે અને નોટમાં હું છેકછાક નથી કરતો ને એટલે સાહેબ બધાને બતાવે છે.

**હાર્દિક** : હા. પણ લીસાં અને સરસ પાનાં હોય તો અક્ષર સરસ જ આવે ને! લખવાની પણ મજા આવે.

**મેહુલ** : લીસાં પાનાં હોય એટલે અક્ષર સરસ આવે એવું ન હોય !

**સોનલ** : અરે હાર્દિક, તને આ મેહુલને બોલાવવા મોકલ્યો અને તું અહીં જ બેસી પડ્યો. બધા ભિલ્લુ પણ નક્કી થઈ ગયા છે. બધાં તમારી વાટ જુએ છે.

**મેહુલ** : જો ને સોનુ. તું જ કહે એને, આ મારી વાત સમજતો જ નથી.

**સોનલ** : કેમ શું થયું ?

**મેહુલ** : એ મને કહે છે કે મારી નોટમાં પાનાં લીસાં છે એટલે મારા અક્ષર સરસ આવે છે એવું તે કંઈ હોતું હશે ?

**સોનલ** : ના યાર, એવું તો ન હોય. જો ને, મારા પપ્પા મારા માટે મોંઘી મોંઘી નોટ ક્યાં લાવે છે ?

**હાર્દિક** : મારા પપ્પાને તો કહું છું તોય નથી લાવતા.

**રાધા** : એવી બધી તો પપ્પાને ખબર પડે જ ને ! જે આપણા કામનું હોય એ મોંઘું હોય તો પણ લાવે અને કામનું ના હોય તો ના પણ લાવે; એમાં શું ?

**હાર્દિક** : પણ, એટલે તો મારા અક્ષર સારા નથી આવતા.

**સોનલ** : એવું કશું નહિ. મારા અક્ષર તો ગમે તેના પર લખું પણ સરસ આવે છે.

**રાધા** : એ તો તું સરસ, સારી બૉલપેનથી લખે છે, એના લીધે.

**ધવલ** : પણ તારા પપ્પા તો કહેતા હતા કે તારા અક્ષર બહુ ગંદા છે.

**અશરફ** : મારા અબ્બુ તો એમ જ કહે કે કલમથી લખીએ તો જ અક્ષર સરસ આવે.

**મેહુલ** : આ કલમ વળી શું છે ?

**અશરફ** : એક જાતની પેન જ કહેવાય.

**ધવલ** : એમાં શાહી કે રીફિલ કેવી રીતે ભરાય ?

**અશરફ** : કલમમાં રીફિલ ના નંખાય અને એમાં શાહી પણ નહિ ભરવાની.

**ધવલ-હાર્દિક** : તો પછી ?

**અશરફ** : કલમને દવાતમાં એટલે કે ખડિયામાં બોળવાની અને એનાથી લખવાનું.

**હાર્દિક** : તો તો વારે ઘડીએ ખડિયામાં બોળ્યા જ કરવું પડે !

**અશરફ** : હાસ્તો, પણ એનાથી લખાણ બહુ જ સરસ આવે.

**ધવલ** : એના કરતાં આપણી બૉલપેન સારી. નહિ શાહી ભરવાની માથાકૂટ કે ના હાથ ગંદા થાય. રીફિલ ખલાસ થાય એટલે બદલી કાઢવાની... બસ.

**સોનલ** : પણ એનાથી તો અક્ષર ગંદા આવે !

**મેહુલ** : મારા અક્ષર તો બૉલપેનથી પણ સારા આવે છે.

**હાર્દિક** : તારા અક્ષર તો આમ પણ સરસ છે. હું તો પેન્સિલથી લખું કે બૉલપેનથી – અક્ષર સારા આવતા જ નથી.

**રાધા** : એનો અર્થ એ જ કે પેન્સિલ – બૉલપેન – જે ફાવતું હોય એનાથી લખવાનું. અક્ષર સારા હોય તો ગમે તેનાથી લખો અક્ષર સારા જ આવે અને ખરાબ હોય તો ખરાબ.

**હાર્દિક** : પણ ખરાબ અક્ષરને લીધે કેટલી તકલીફ થાય છે !

**ધવલ** : કેમ ?

**હાર્દિક** : મારા સાહેબ કહેતા હતા કે મારા અક્ષર ખરાબ છે એટલે મારા માર્કસ્ કપાઈ જાય છે. હું શું લખું છું તે જ તેમને ખબર પડતી નથી.

**રાધા** : અરે, એના લીધે તો કેવી ગરબડ થતી હોય છે ! મારી મમ્મી બહારગામ ગઈ ત્યારે મારાં ફોઈએ મારી મોટી બહેનને કાગળમાં લખ્યું 'માટલું બરાબર સાફ કરજો, ઓટલા બરાબર વાળજો' અને અમને એવું વંચાયું 'ચાટલું બરાબર સાફ કરજો, ચોટલો બરાબર વાળજો.'

તે મારી બહેન તો બિચારી રોજ રોજ ચાટલા સાફ કર્યા કરે અને ટૂંકા વાળમાં ચોટલો વાળવાની કોશિશ કર્યા કરે. બિચારી એવી કંટાળી ગઈ કે વાત નહિ.

**અશરફ** : ખબર પડી ત્યારે બહુ હસ્યાં હશો, નહિ?

**રાધા** : હાસ્તો, પણ કોઈ વાર ઓડનું ચોડ વેતરાઈ જાય તો ?

**હાર્દિક** : મેં એકવાર સાંભળ્યું હતું કે એક જણે ગામડે કાગળમાં લખ્યું કે 'ઢોરને બરાબર ચારજો.' અને ત્યાં એવું વંચાયું કે ઢોરને બરાબર મારજો.' તે એમાં બિચારાં ઢોર માર ખાઈ-ખાઈને અધમૂઆ થઈ ગયાં.

**મેહુલ** : એટલા માટે તો ગાંધીજીએ કહ્યું છે કે ખરાબ અક્ષરો એ અધૂરી કેળવણીની નિશાની છે.

**હાર્દિક** : પણ ગંદા અક્ષર સુધારવા હોય તો શું કરવાનું ?

**સોનલ** : મારાં દાદી એવું કહેતાં હતાં કે સવારે વહેલા ઊઠીને ઠંડા પાણીમાં હાથ નાખી દેવાના અને હાથ ઠરી જાય પછી એવા હાથે ધીમે ધીમે સરસ રીતે લખવાનું.

**રાધા** : મારા દાદા એવું કહેતા કે એમના જમાનામાં પાટલી પર ભીની માટી પાથરીને સરસ વળાંકવાળા અક્ષર લખીને માટીને સૂકાવા દેતા. અને પછી એ અક્ષરની અંદર લખ્યા કરવાનું ; પણ હવે આજના જમાનામાં કોણ આવું બધું કરે ?

**ધવલ** : પણ આપણે નાના હતા ને સુલેખનની નોટમાં લખતા હતા એવી રીતે તો લખાય ને!

**અશરફ** : મારો ભાઈ નાનો હતો ત્યારે મારા અબ્બુએ બહુ ચિત્રો દોરાવેલાં. કદાચ એનાથી અક્ષરના વળાંક સરસ થતા હશે તું પણ વર્તુળ-અર્ધવર્તુળવાળાં, ઊભી-આડી-ત્રાંસી લીટીવાળાં ચિત્રો દોરી જો ને !

**હાર્દિક** : અરે, હું તો એકડિયા બગડિયાની જેમ અક્ષર ઘૂંટવા પણ તૈયાર છું. કંઈક તો કરવું જ પડશે ને ! ગંદા અક્ષરની તો મને બહુ શરમ આવે છે !

**મેહુલ** : ધીરજ રાખીને સતત પ્રયત્ન કરીશ તો ચોક્કસ સફળ થઈશ !

**સોનલ** : હવે વાતોનાં વડાં જ કરવાં છે કે રમવાયે જવું છે ? મેહુલ, હાર્દિક, રાધા, ધવલ, અશરફ : હા... ચાલો... ચાલો... જલદી કરો. પછી અંધારું થઈ જશે.

– પિંકી શાહ

## સ્વાધ્યાય

**સ. ૧ નીચેના શબ્દો માટે પાઠમાં વપરાયેલા શબ્દ શોધો.**

| | | | |
|---|---|---|---|
| ૧) સાથી | – ..................... | ૨) લમણાઝીંક | – ..................... |
| ૩) ગોટાળો | – ..................... | ૪) દર્પણ | – ..................... |
| ૫) પ્રયત્ન | – ..................... | ૬) પશુ | – ..................... |
| ૭) તાલીમ | – ..................... | ૮) મરોડ | – ..................... |

### સ. ૨ અર્થ બદલાય નહિ તે રીતે વાક્યનું રૂપાંતર કરો.

૧) ભાષણ ટૂંકું હોય તો સાંભળનાર કંટાળે નહિ.

૨) ગટરનું પાણી ગંદું હોય છે.

૩) સોય અણીદાર હોય તો કપડાં સીવી શકાય.

૪) આજે કોઈ વસ્તુ સોંઘી મળતી નથી.

### સ. ૩ 'આણ' લગાડી નવો શબ્દ બનાવો. તેનો વાક્યમાં ઉપયોગ કરો.

દા.ત. લખવું – લખાણ

મને ચંપકમાં આવતું લખાણ વાંચવું ગમે છે.

| | | |
|---|---|---|
| ૧) દાબવું | ૨) ખેંચવું | ૩) ધોવું |
| ૪) ભાંગવું | ૫) નીચું | ૬) પોલું |

### સ. ૪ એકજ શબ્દના જુદાજુદા સંદર્ભે થતા અર્થ લખો.

દા.ત. વાળ – કેશ અને વાળ – વાળવાની ક્રિયા

| | | |
|---|---|---|
| ૧) ભર | ૨) ખર | ૩) વિશેષ |
| ૪) વાડી | ૫) રાગ | ૬) માલ |

### સ. ૫ રૂઢિપ્રયોગ અને તેના અર્થની જોડી બનાવો.

| | |
|---|---|
| ૧) ઓડનું ચોડ થવું | અ) નકામી વાતો કરવી |
| ૨) અધમૂઉ થવું | આ) થાકી જવું |
| ૩) વાતોનાં વડાં કરવાં | ઇ) સાવ ઊંધુ કે વિચિત્ર થવું |
| ૪) કંટાળી જવું | ઈ) નકામી રકઝક કરવી |
| ૫) માથાકૂટ કરવી | ઉ) અડધા મરેલા જેવા થવું |

### સ. ૬ ગાંધીજી વિશે અત્યાર સુધીમાં જે શીખી ગયા છો તેના આધારે દરેક જણ ચાર-પાંચ વાક્યો કહો.

### સ. ૭ યોગ્ય વિકલ્પ પસંદ કરીને નીચેનાં વિધાન પૂર્ણ કરો.

૧) સાહેબ મેહુલની નોટ ક્લાસમાં બધાને બતાવતા કારણ કે ...

ક) તેના અક્ષર સારા નહોતા.

ખ) તેનું લખાણ સારું હતું.

ગ) તેના અક્ષર સારા હતા અને તે છેકછાક કરતો નહોતો.

૨) નોટનાં પાનાં લીસાં હોય તો ...

ક) અક્ષર સારા જ આવે.

ખ) અક્ષર સારા જ આવે એવું ન હોય.

ગ) અક્ષર ગમે એવા આવે.

૩) રાધાના મતે સોનલના અક્ષર સારા આવે છે, કારણ કે..........
  - ક) તે સારી રીતે લખે છે.
  - ખ) તે સારી પેન્સિલથી લખે છે.
  - ગ) તે સારી બૉલપેનથી લખે છે.

૪) ગાંધીજીએ અક્ષરો વિશે કહ્યું હતું કે...............
  - ક) સુંદર અક્ષરો વ્યક્તિત્વ નિખારે છે.
  - ખ) ખરાબ અક્ષર વ્યક્તિત્વને બગાડે છે.
  - ગ) ખરાબ અક્ષરો એ અધૂરી કેળવણીની નિશાની છે.

૫) મિત્રો વચ્ચે ચર્ચા થતી હતી કે ....
  - ક) વાતોનાં વડાં કેવી રીતે કરવાં ?
  - ખ) ગંદા અક્ષર કેવી રીતે સુધારવા ?
  - ગ) રમતો કેવી રીતે રમવી ?

૬) અક્ષર ખરાબ હોય તો ...
  - ક) પરીક્ષામાં માર્કસ્ કપાઈ જાય છે.
  - ખ) કોઈ પણ વાંચી શકે નહિ.
  - ગ) સારો પ્રભાવ પાડી શકાય નહિ.

### સ. ૮ ખોટાં વાક્યો સુધારીને ફરીથી લખો.

૧) નોટબુકનાં પાનાં સારાં હોય તો સારા અક્ષર આવે.

૨) બૉલપેનથી લખીએ તો અક્ષર સારા આવે.

૩) કલમને ખડિયામાં ભરેલી શાહીમાં બોળવી પડે.

૪) ખરાબ અક્ષર હોય તો ગરબડ ઊભી થાય છે.

### સ.૯ નીચેનાં વાક્યો કોણ બોલે છે ? કોને કહે છે ?

૧) 'ગંદા અક્ષરની મને તો બહુ શરમ આવે છે !'

૨) 'અરે એના લીધે તો કેવી ગરબડ થતી હોય છે !'

૩) 'કેમ શું થયું ?'

### સ.૧૦ યોગ્ય વિરામચિહ્નો મૂકો.

૧) આ કલમ વળી શું છે

૨) માટલું બરાબર સાફ કરજો ઓટલો બરાબર વાળજો

૩) તું પણ વર્તુળવાળાં અર્ધવર્તુળવાળાં આડી ઊભી ત્રાંસી લીટીવાળાં ચિત્રો દોરી જો ને

### સ.૧૧ ક્રિયાપદના ધાતુને 'વાનું' લગાવી કૃદંતનું રૂપ બનાવો.

દા.ત. લખવું - લખવાનું

૧) કાઢવું ૨) બોળવું ૩) વાળવું ૪) દેવું ૫) કરવું ૬) પૂછવું

**સ.૧૨ ખરાબ અક્ષરને કારણે ઊભી થતી ગરબડ કે રમૂજ વર્ણવો.**

દા.ત. ગાયને ચારજો - ગાયને મારજો

૧) મેં તમને મરવા બોલાવ્યા. તમે મરવા આવ્યા નહિ.

('ર' ને બદલે 'ળ' મૂકીને વાક્યો ફરી લખો.)

૨) સબકો સન્મતિ દે ભગવાન. ('સ' ને બદલે 'શ' મૂકી વાક્ય બનાવીને વાંચો.)

૩) ખાઈખાઈને જાડા થઈ ગયા. ('જ' ની જગ્યાએ 'ઝ' મૂકી વાચંવાથી કેવી ગરબડ થાય.)

૪) ડોસાએ આપેલી સલાહ અમૂલ્ય હતી. ('ડો' ની જગ્યાએ 'ઢો' મૂકી વાંચીએ તો ?)

**સ. ૧૩'પેન અને નોટબુક સારા હોય તો અક્ષર સારા આવે :**

તમારું શું માનવું છે ? ૪થી ૫ વાક્યોમાં લખો.

## ♦ પ્રકલ્પ ♦

♦ સુંદરલેખન, સ્વતંત્રલેખન અને શ્રુતલેખન - આ ત્રણેય વિશે એક-એક પાનાંનો ચાર્ટ કરો. શ્રુતલેખન માટેનો પરિચ્છેદ તમારા વર્ગશિક્ષક પસંદ કરશે અને બોલીને તમને લખાવશે.

## હું વાંચું .... તમે પણ વાંચો

### કેલીગ્રાફી - એક કલા

મિત્રો, ઘણાં વિદ્યાર્થીઓને કેલીગ્રાફી શીખતા તમે સાંભળ્યું હશે. કદાચ તે સાંભળીને અને જોઈને તમે 'અરે વાહ !' અથવા તો 'કેટલું સરસ !' કે પછી 'વાઉ' એમ બોલી ગયા હશો ખરું ને ? પણ તમે તેના વિશે કંઈ જાણો છો ખરાં ?

### કેલીગ્રાફી એટલે શું ?

કેલીગ્રાફી એટલે સુંદરલેખન. આ કલાની શોધ દસમી સદીમાં થઈ હતી અને સમયાંતરે તેમાં પરિવર્તન થતું રહ્યું છે. તેના પ્રકાર નીચે પ્રમાણે છે.

૧) પાશ્ચાત્ય કેલીગ્રાફી
૨) પૂર્વ એશિયાઈ કેલીગ્રાફી
૩) દક્ષિણ એશિયાઈ કેલીગ્રાફી
૪) ઇસ્લામિક કેલીગ્રાફી

### કેલીગ્રાફી શીખવા શું શું જોઈએ ?

૧) ડ્રોઈંગબુક
૨) ગ્રાફ પેપર
૩) કેલીગ્રાફીની પેન
૪) બ્રશ
૫) સારા પ્રકારની શાહી

## તેનો ઉપયોગ શો ?

આ કલાનો ઉપયોગ સર્જનાત્મક કલામાં થાય છે. દા.ત. પુસ્તકની ડીઝાઈન, ચિહ્નો, પ્રતીકો, મુદ્રાલેખ, લગ્નપત્રિકા, આમંત્રણપત્રિકા, જન્મદિવસ કે એવા પ્રસંગોના અભિનંદન કાર્ડ, વગેરે બનાવવામાં થાય છે. તમારા સંગણકમાં ઉપયોગી 'ફોન્ટ' એ કેલીગ્રાફી જ છે.

## કેલીગ્રાફીથી થતા ફાયદા

૧) આ કલા અભિવ્યક્તિનું પ્રભાવશાળી માધ્યમ છે.
૨) સર્જનશક્તિનો વિકાસ કરે છે.
૩) આપણામાં શાંતિ, સ્વસ્થતા અને એકાગ્રતાના ગુણો ખીલવે છે.
૪) સૌંદર્યદૃષ્ટિ વિકસે છે.

તો મિત્રો જરૂરથી આ કલા તમે પણ શીખજો હોં ! શીખશો ને ?

### ♦ અધ્યાપન સંકેત ♦

આ કૃતિનું અધ્યાપન કરાવતા પહેલાં સુંદર અક્ષરનું મહત્ત્વ સમજાવવું. વર્ગમાં જેમના અક્ષર સુંદર હોય તે વિદ્યાર્થીઓના નામનો ઉલ્લેખ કરવો. જેમના અક્ષર સારા ન હોય તેમને પાઠના અધ્યયન પહેલાં જ સકારાત્મક રીતે પ્રેરણા આપવી. પાઠના અધ્યયન પછી સુલેખન સ્પર્ધાનું આયોજન કરવું. સુંદર અક્ષર માટે આવશ્યક બાબતોનું પ્રાત્યક્ષિક શિક્ષકે પોતે કાળા પાટિયા ઉપર કરી બતાવવું. કેલીગ્રાફી શીખવા માટે પ્રેરણા આપવી.

**હસ્તાક્ષર એ 'સ્વ' ની ઓળખ છે.**



## ♦ ઉપક્રમ ♦

### અ) ♦ મને ઓળખો.

૧) સત્યવાદી પાંડવ –
૨) ઇંદ્રને કવચકુંડળ દાનમાં આપનાર –
૩) લવ અને કુશની માતા –
૪) ગણપતિની બહેન –
૫) કૃષ્ણ-સુદામાના ગુરુ –
૬) મંદોદરીના પતિ –
૭) સવ્યસાચી પાંડવ –
૮) મહાભારતના રચયિતા –
૯) સત્યવાદી રાજા –
૧૦) ગણપતિના ભાઈ –
૧૧) યમરાજા પાસેથી મૃત પતિને પાછી લાવનાર સ્ત્રી –
૧૨) મહાભારત લખનાર લહિયા –
૧૩) ગુરુદક્ષિણામાં જમણો અંગૂઠો કાપી આપનાર –
૧૪) ત્રિકાળજ્ઞાની પાંડવ –
૧૫) હોળીના અગ્નિમાંથી હેમખેમ ઊગરી જનાર બાળક –
૧૬) રામને એઠાં બોર ખવડાવનાર ભીલડી –
૧૭) ઉત્તર દિશાનો અવિચળ તારો –
૧૮) રામસેતુ બાંધવામાં ઉપયોગી નાનું પ્રાણી –
૧૯) કુંભકર્ણની બહેન –
૨૦) પાંડવો અને કૌરવોના પિતામહ –

### બ) ♦ રેખાંકિત શબ્દ ઉત્તર આવે તેવી રીતે પ્રશ્ન બનાવો. પ્રશ્ન બનાવવા કૌંસમાંના શબ્દોનો ઉપયોગ કરો.

૧) ઝવેરચંદ મેઘાણીને રાષ્ટ્રીય શાયરનું બિરુદ મળ્યું છે.
૨) અત્યાર સુધીમાં પરમવીરચક્ર ફક્ત ૨૧ જણને મળ્યા છે.
૩) પી.વી.સિંધુએ ઈ.સ. ૨૦૧૬ ઓલિમ્પિકમાં પ્રથમ રજતચંદ્રક મેળવ્યો.
૪) વિશ્વ પર્યાવરણ દિન ૫ જૂને આવે છે.
૫) દર પાંચ વર્ષે લોકસભાની ચૂંટણી થાય છે.
૬) નરસિંહ મહેતા, મીરાંબાઈ અને અખો મધ્યયુગના કવિ છે.
૭) દરેક વ્યક્તિ આત્મવિશ્વાસ ધરાવતી હોવી જોઈએ.
૮) આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ઈ.સ. ૧૯૭૫થી ઉજવાય છે.
૯) ખાંડ અને ગોળ શેરડીમાંથી બને છે.
૧૦) અમે શાળામાં બસમાં આવીએ છીએ.

(શેનું, કેવી રીતે, કેટલાં, શેમાંથી, કોણે, ક્યારથી, ક્યારે, કેવી, કેટલા, કોણ કોણ)

# ૫. હો રંગરસિયા


2Y67YJ

♦ ચાલો રાસ રમીએ.



હો રંગરસિયા ! ક્યાં રમી આવ્યા રાસ જો ?
આંખલડી રાતી ને ઉજાગરો ક્યાં રે કીધો ...
આજ અમે ગ્યા’તા સોનીડાને હાટ જો, (૨)
આ ઝાલઝૂમણા વહોરતાં ને,
વહાણલાં વાહી ગયાં ... હો રંગ ...
આજ અમે ગ્યા’તા મણિયારાને હાટ જો, (૨)
આ ચૂડલડો ઉતરાવતાં
વહાણલાં વાહી ગયાં ... હો રંગ ...
આજ અમે ગ્યા’તા કસુંબીને હાટ જો (૨)
આ ચૂંદલડી વહોરતાં ને,
વહાણલાં વાહી ગયાં ... હો રંગ ...
આજ અમે ગ્યા’તા મોચીડાને હાટ જો (૨)
આ મોજડિયું મૂલવતાં ને
વહાણલાં વાહી ગયાં ... હો રંગ ...

લોકગીત



## ♦ સ્વાધ્યાય ♦

**સ. ૧ નીચેના શબ્દો માટે કવિતામાં વપરાયેલા શબ્દો શોધો.**

૧) ચક્ષુ - ....................... ૨) લાલ - .......................

૩) લટકણિયું- ....................... ૪) જાગરણ - .......................

૫) દુકાન - ....................... ૬) ચુડગર - .......................

૭) ઓઢણી - ....................... ૮) પરોઢિયું - .......................

**સ. ૨ નીચેના શબ્દોને શબ્દકોશના ક્રમમાં ગોઠવો.**

આંખલડી, ઉજાગરો, ઝૂમણાં, મણિયારો, વહાણલાં, આજ, રાસ, મોજડિયું

**સ. ૩ નમૂના પ્રમાણે શબ્દ લખો.** દા.ત. આંખ - આંખલડી

૧) રાત ૨) વાદળ ૩) નીંદર ૪) વાત ૫) ચૂંદડી ૬) વાંસળી

**સ. ૪ શું કહેશો ? જવાબ કૌંસમાંથી પસંદ કરો.** (મણિયારો, જાગરણ, વહોરવું, રાસ)

૧) આખી રાત ઉજાગરો કરીએ તેને -

૨) બજારમાંથી ખરીદવું તેને -

૩) સ્ત્રી-પુરુષો દાંડિયાથી ગોળ ફરીને રમે તેને -

૪) ચૂડલા ઉતારે તે કારીગરને -

♦ તમારા પરિસરમાં ઉજવાતા નવરાત્રિના ઉત્સવ વિશે વાત કરો.

♦ તમને ગમતું કોઈ પણ એક લોકગીત અથવા ગરબો ગાઈ સંભળાવો.

**સ. ૫ નીચેની પંક્તિઓને યોગ્ય ક્રમમાં ગોઠવો.**

૧) આ મોજડિયું મૂલવતાં ને ...

૨) આ ઝાલઝૂમણાં વહોરતાં ને ...

૩) આજ અમે ગ્યા'તા કસુંબીને હાટ જો ...

૪) આ ચૂડલડો ઉતરાવતાં વહાણલાં વાહી ગયા ...

**સ. ૬ સમજીને લખીએ.**

૧) વખત વીતી ગયો એમ દર્શાવતી પંક્તિ - [ ]

૨) રંગરસિયાએ મોચીની દુકાનેથી ખરીદ્યું - [ ]

૩) ઝાલ-ઝૂમણાં આની દુકાનેથી ખરીદાય છે - [ ]

૪) ચૂંદડી આની દુકાને મળે છે - [ ]

**સ. ૭ યોગ્ય શબ્દ લખો.**

૧) સોનીડો ----
૨) મણિયારો ----
૩) કસુંબી ----
૪) મોચીડો ----

**સ. ૮ યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

૧) રંગરસિયા ........... રમીને આવ્યા છે.
   ક) ગરબો ખ) રાસ ગ) ક્રિકેટ
૨) ચૂડલો .......... બનાવતો હતો.
   ક) મોચી ખ) સોની ગ) મણિયારો
૩) ઉજાગરો કરવાથી આંખ ........ થઈ ગઈ.
   ક) લાલ ખ) પીળી ગ) મોટી

**સ. ૯ નમૂના પ્રમાણે લખો. પછી તેનું ભવિષ્યકાળનું રૂપ લખો.**

દા.ત. ગ્યા'તા – ગયા હતા જશે

૧) લાવ્યા'તા – ....... ....... .........
૨) આવ્યા'તા – ....... ....... .........
૩) જાણ્યા'તા – ....... ....... .........
૪) માણ્યા'તા – ....... ....... .........
૫) જમ્યા'તા – ....... ....... .........

♦ આ કવિતાનો સાર ટૂંકમાં તમારા શબ્દોમાં લખો.

## ♦ પ્રકલ્પ ♦

♦ ૫ થી ૭ લોકગીતો ટહુકો ડોટ કોમની વેબસાઈટ ઉપરથી મેળવીને લોકગીતોનો એક નાનકડો સંગ્રહ તૈયાર કરો.

## હું વાંચું .... તમે પણ વાંચો

### કેસરિયો રંગ

કેસરિયો રંગ તને લાગ્યો અલ્યા ગરબા,
કેસરિયો રંગ તને લાગ્યો રે લોલ... – ટેક
આસોના નવરાત્રિ આવ્યા અલ્યા ગરબા,
આસોના નવરાત્રિ આવ્યા રે લોલ.
ઝીણાં ઝીણાં જાળિયાં મૂકાવ્યાં અલ્યા ગરબા,
ઝીણાં ઝીણાં જાળિયાં મૂકાવ્યાં રે લોલ.

કંકુના સાથિયા પુરાવ્યા અલ્યા ગરબા,
કંકુના સાથિયા પુરાવ્યા રે લોલ.
કોના કોના માથે ફર્યો અલ્યા ગરબા,
કોના કોના માથે ફર્યો રે લોલ.
નાની બેનડીના માથે ફર્યો અલ્યા ગરબા,
નાની બેનડીના માથે ફર્યો રે લોલ.
કેસરિયો રંગ તને લાગ્યો અલ્યા ગરબા,
કેસરિયો રંગ તને લાગ્યો રે લોલ.
ઘૂમતો ઘૂમતો આવ્યો અલ્યા ગરબા,
ઘૂમતો ઘૂમતો આવ્યો રે લોલ.
ફરતો આરાસુર આવ્યો અલ્યા ગરબા,
ફરતો આરાસુર આવ્યો રે લોલ.
અંબામાએ તને વધાવ્યો અલ્યા ગરબા,
અંબામાએ તને વધાવ્યો રે લોલ.
કેસરિયો રંગ તને લાગ્યો અલ્યા ગરબા,
કેસરિયો રંગ તને લાગ્યો રે લોલ.

– લોકગીત

**♦ અધ્યાપન સંકેત ♦**

શરૂઆતમાં આપણા પારંપરિક લોકનૃત્યો, લોકગીતો તેમજ લોકસાહિત્ય વિશે અછડતો પરિચય આપવો. ગરબા અને રાસ વચ્ચેનો તફાવત સમજાવવો. ગરબો માતાજીની ભક્તિ સાથે સંકળાયેલ છે જ્યારે રાસ કૃષ્ણભક્તિ સાથે સંકળાયેલ છે. દાંડિયારાસ રમતી વખતે પરંપરાગત પંચિયાની રમતનો ખ્યાલ આપવો. વર્ગમાં શરૂઆતમાં રાસ રમાડતી વખતે પંચિયા રમાડવા ઇચ્છનીય રહેશે. પરંપરાગત દાંડિયા અને વર્તમાન પરિસ્થિતિમાં રમાતા દાંડિયાનો ખ્યાલ વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરતાં કરતાં આપવો.

**આપણી સંસ્કૃતિ એ જ આપણો વારસો.**

# ૬. લોહી વિનાની સગાઈ

2YF417

♦ **ચાલો ચર્ચા કરીએ.**

પોતાના પરિવારજનો બાબત – ઘરમાં સાથે રહેતા કુટુંબીજનો બાબત – કુટુંબીજનોની અરસપરસ ફરજ બાબત – માતાપિતાની સંતાનો પ્રત્યેની મમતા – બાળકોની માતાપિતા તરફની લાગણી – ઘરમાં સંપનું વાતાવરણ જાળવવા જરૂરી બાબતો – એ બાબતોના અભાવથી ડહોળાઈ જતું વાતાવરણ – વાતાવરણ ડહોળાવાનાં કારણો – અરસપરસ દુભાતી લાગણીઓ – પરિણામ.

કિશનભાઈ નામના એક ખેડૂત, તેમની પત્ની, એક પુત્રી અને બે પુત્રો સાથે વડોદરા નજીકના એક નાનકડા ગામમાં રહેતા હતા. પતિ-પત્ની પોતાના ખેતરમાં આકરી મજૂરી કરતા. ગામના વડીલો આવી આકરી મજૂરી કરવા બાબત તેમને ટોકતા ત્યારે તેઓ હસીને જવાબ આપતા કે, 'દીકરાઓ ભણીગણીને થાળે પડે પછી નિરાંત જ છે ને ! તેમને સારું ભવિષ્ય મળે એટલે આ મજૂરી કરીએ છીએ.'

બહુ મહેનત પછી કિશનભાઈ આર્થિક રીતે સધ્ધર થતા ગયા. બંને દીકરાઓને શહેરમાં બોર્ડિંગ સ્કૂલમાં અને દીકરીને ગામની સરકારી શાળામાં ભણવા મૂક્યાં. દીકરી મોટી થતાં તેને સારું ઘર અને વર જોઈને સાસરે વળાવી.

બંને દીકરાઓ ઉચ્ચ અભ્યાસ પૂર્ણ કર્યા પછી શહેરની એક નામાંકિત ખાનગી કંપનીમાં ઊંચા પગારની નોકરીએ લાગી ગયા. હવે ગામલોકોને કિશનભાઈની ઈર્ષા થવા લાગી તેઓ કહેતા કે, 'હવે તો જલસા છે. ખેતરમાં કામ કરવાનું બંધ કરી દે.' પણ કિશનભાઈ વિચારતા કે 'એકવાર બંનેને પરણાવી દઉં તેમના માટે ઘર બનાવી દઉં પછી હરિભજન કરીશ.'

કિશનભાઈના બંને દીકરાના લગ્ન નક્કી થયા. તેમની પત્નીઓને રહેવામાં અગવડ ના પડે અને બન્ને દીકરાને અલાયદા રૂમ મળે એ માટે કિશનભાઈએ જીવનભરની બચતમૂડી કાચા મકાનને પાકું બનાવવામાં ખર્ચી નાંખી હતી. તેથી દીકરાઓના લગ્ન વખતે થોડી જમીન વેચવી પડી અને ઉછીના પૈસા પણ લેવા પડ્યા.

હવે કિશનભાઈને નિરાંત થશે તેમ બધાંને લાગતું હતું પણ બધાની ધારણા ખોટી પડી. બંનેની વહુઓ ઝઘડાખોર આવી. તેથી ઘરમાં રોજનો કકળાટ શરૂ થયો. કિશનભાઈ આંખ આડા કાન કરતા પણ તેમની પત્ની માટે એ ત્રાસ અસહ્ય બની ગયો.

એક દિવસ કિશનભાઈની પત્નીનું હૃદય અચાનક બંધ પડી ગયું. તેઓ એકલા થઈ ગયા. વહુઓ તેમની સાથે પણ કોઈને કોઈ બહાને બાખડ્યા કરતી, ઘણીવાર ખાવા પણ ન આપતી. કિશનભાઈની દીકરીને જ્યારે આ વાતની ખબર પડી ત્યારે તે દોડીને આવી. પિતાને પોતાના ઘરે આવવા ખૂબ વિનંતી કરી પણ કિશનભાઈ માન્યા નહિ. ભીની આંખે તેમણે એટલું જ કહ્યું કે, "બેટા, આ ઘરમાં તારી માનાં સંભારણાં છે. મને બીજે ક્યાંય નહીં ફાવે. તું મારી ચિંતા કરતી નહિ." દીકરીએ ભાઈ-ભાભીઓને સમજાવવાની કોશિશ કરી. અંતે નિરાશ થઈ તે વીલા મોઢે પાછી ફરી ગઈ.

માનસિક ત્રાસ અને ભૂખના કારણે એક વખત કિશનભાઈ બેહોશ થઈ ગયા. પછી તો કંટાળીને તેઓ ઘર છોડીને ચાલી નીકળ્યા. ગામના પાદરે આવેલા ખંડેર જેવા બસસ્ટેન્ડમાં તેઓ રહેવા લાગ્યા. નાહ્યા-ધોયા વિના મેલાં કપડાં સાથે



દિવસો સુધી પડી રહેતા. કોઈ જમવાનું આપે તો ખાઈ લેતા, નહિતર ભૂખ્યા પડી રહેતા. લોકો તેને માટે કહેવા લાગ્યા કે, 'કિશનિયો ગાંડો થઈ ગયો છે.'

થોડાં વર્ષો પહેલાં ગામ છોડીને ભાગી ગયેલો એક યુવાન સાર્વજનિક કાર્યક્રમમાં હાજરી આપવા એ જ ગામમાં આવ્યો હતો. તેણે ઘણા સંઘર્ષ પછી નજીકના શહેરમાં એક ફેક્ટરી શરૂ કરી હતી. કોઈએ તેને કિશનભાઈની વાત કરી તેથી તે તેમને મળવા આવ્યો. કિશનભાઈની હાલત જોઈને તે યુવાનનું હૃદય દ્રવી ઊઠ્યું. તેણે તેમને પાણી પાયું, ખવડાવ્યું અને તેમને પોતાની સાથે લઈ જવાની વાત કરી.

કિશનભાઈની આંખો છલકાઈ ગઈ તેમણે યુવાનને કહ્યું કે, 'હું મફતના રોટલા નહિ ખાઈ શકું. મને કામ આપજે. એ શરતે જ તારી સાથે આવું.' કિશનભાઈની ખુમારી હજી અકબંધ હતી.

ગામના લોકોએ યુવાનને ના પાડી. પણ પેલો યુવાન તો ગામલોકોની વણમાગી સલાહ અવગણીને કિશનભાઈને પોતાની સાથે લઈ જ ગયો. કિશનભાઈ તેની ફેક્ટરીના ગેસ્ટ હાઉસમાં રહેતા અને ધીમેધીમે કામ પણ કરવા લાગ્યા. ફરી એકવાર તેઓ સામાન્ય જીવન જીવતા થઈ ગયા.

ગામમાં વાતો થવા લાગી તેથી કિશનભાઈના દીકરાઓ અસ્વસ્થ થવા લાગ્યા. પિતાને ઘરે પાછા લાવવા દોડી ગયા અને કહ્યું, 'તમે આ રીતે કોઈની ફેક્ટરીમાં પડ્યા રહો તો અમારું નાક કપાય.'

કિશનભાઈએ દીકરાઓને સાફ શબ્દોમાં ના પાડી દીધી. પછી પોતાને આશરો આપનાર યુવાનને ભેટીને ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યા અને કહ્યું કે, 'મારા સગા દીકરાઓએ મને તરછોડ્યો જ્યારે તું પારકો હોવા છતાં મારી મદદે આવ્યો.' યુવાને કહ્યું કે, 'તમે માની લો કે હું તમારો દીકરો જ છું.'

કિશનભાઈ ગદ્‌ગદ્ થઈ ગયા અને કહ્યું કે, 'બેટા, મારે તારી માફી માગવી છે.' યુવાને કારણ પૂછતાં જવાબમાં કહ્યું કે, 'તું ઘર છોડી ભાગી ગયો ત્યારે હું બોલ્યો હતો કે, 'કોઈ પટાવાળા તરીકે પણ તને નોકરી નહિ આપે. આજે હું

તારી ફેક્ટરીમાં નોકરી કરું છું.'

યુવાને કહ્યું, 'ખુદ મારા પિતાને પણ મારા ઉપર વિશ્વાસ નહોતો. આખા ગામને પણ નહોતો તેથી તમે બોલ્યા તેની માફી માંગવાની જરૂર નથી.'

ઘણીવાર એવું બનતું હોય છે કે બધાં સગાં વહાલાં હોતાં નથી અને વહાલાં હોય એ સગાં હોતાં નથી ! આજે તમને દીકરો મળી ગયો અને મને બાપા.

સગા દીકરાઓએ લોહીની સગાઈ ભૂલી કિશનભાઈની જિંદગી બરબાદ કરી, પણ લોહી વિનાની સગાઈએ એટલે કે યુવાને તેમને નવજીવન આપ્યું.

– આશુ પટેલ

## ♦ સ્વાધ્યાય ♦

**સ. ૧ નીચેના શબ્દો માટે પાઠમાં વપરાયેલા શબ્દો શોધો.**

| | | | |
|---|---|---|---|
| ૧) સખત | – ...................... | ૨) સ્વાભિમાન | – ...................... |
| ૩) પ્રખ્યાત | – ...................... | ૪) બેચેન | – ...................... |
| ૫) કજિયા | – ...................... | ૬) પરિસ્થિતિ | – ...................... |
| ૭) મૂડી | – ...................... | ૮) અમાનત | – ...................... |

**સ. ૨ અર્થ બદલ્યા વગર નીચેનાં વાક્યોને હકારાત્મક બનાવો.**

૧) રોગી શરીરમાં મન સ્વસ્થ રહેતું નથી.

૨) પ્રદૂષણની માત્રા ગામડાંમાં વધારે હોતી નથી.

૩) ભણતર અને સંસ્કારથી જીવન બરબાદ થતું નથી.

૪) ગામના કૂવાઓ વ્યક્તિગત હોતા નથી.

૫) શિવાજી પોતાના સાથીઓ ઉપર અવિશ્વાસ રાખતા નહોતા.

**સ. ૩ રૂઢિપ્રયોગો અને તેના અર્થને યોગ્ય રીતે જોડો.**

| અ) રૂઢિપ્રયોગો | અર્થ |
|---|---|
| ૧) થાળે પડવું | અ) વધુ ખરાબ સ્થિતિમાં મૂકાવું |
| ૨) આંખ આડા કાન કરવા | આ) નિરાશ થઈ પાછા ફરવું |
| ૩) વીલા મોઢે પાછું ફરવું | ઇ) ધ્યાન ન આપવું |
| ૪) ઉલમાંથી ચૂલમાં પડવું | ઈ) વ્યવસ્થિત રીતે ગોઠવાઈ જવું |

| | |
|---|---|
| બ) ૧) ફટકો પડવો | અ) દયા ઉપજવી |
| ૨) નાક કપાવું | આ) માન્યતા ખોટી પડવી |
| ૩) હૃદય દ્રવી ઊઠવું | ઇ) નુકસાન થવું |
| ૪) ધારણા ઊંધી પડવી | ઈ) આબરૂ જવી |

સ. ૪ ‘વણમાગ્યું’ એટલે માગ્યા વગરનું. નીચેના શબ્દોને ‘વણ’ લગાવી નવો શબ્દ બનાવો. તેનો વાક્યમાં ઉપયોગ કરો. દા.ત. માગ્યું – વણમાગ્યું

ઘણા વણમાગી સલાહ આપતા હોય છે.

૧) લોભી ૨) કહ્યું ૩) નોતર્યું

સ. ૫ અ) ‘કાળું’નું યોગ્ય રૂપ મૂકી નવો શબ્દ બનાવ્યા પછી તેનો વાક્યમાં ઉપયોગ કરો.

૧) નાણું ૨) ચોર ૩) રાત ૪) કામ

બ) ઉદાહરણ પ્રમાણે પ્રેરકરૂપ બનાવો. દા.ત. વાળવું – વળાવવું

૧) વાંચવું ૨) આપવું ૩) સાંભળવું ૪) જાણવું

સ. ૬ પૈસાના વિનિમય માટે જુદાંજુદાં ક્ષેત્રે જુદાજુદા શબ્દ વપરાય છે. જેમ કે નોકરીના મહેનતાણા રૂપે અપાતા પૈસાને ‘પગાર’ કહે છે.

નીચેનાં વાક્યોને ધ્યાનમાં રાખી કૌંસમાંના શબ્દોમાંથી યોગ્ય શબ્દ ખાલી જગ્યામાં લખો.

(નફો, ફી, ચાંદલો, લવાજમ, વ્યાજ, દંડ)

૧) શાળા, કૉલેજમાં ભરવામાં આવતા પૈસા ................

૨) વર્તમાનપત્ર, સામાયિક નિયમિત મેળવવા અપાતા પૈસા ..........

૩) ગેરકાયદેસર કાર્ય માટે સજારૂપે ભરાતા પૈસા .........................

૪) ચોક્કસ મુદત માટે રાખેલી મૂડી પર અપાતા પૈસા .................

૫) ધંધામાં માલ વેચાતા મળતાં રોકાણ કરતાં વધારાના પૈસા ..........

૬) શુભ પ્રસંગે પરબીડિયામાં મૂકી અપાતા પૈસા ..........................

♦ કિશનભાઈ, તેમની પત્ની, પુત્રી, બે દીકરા, બે વહુઓ, યુવાન અને પથી ૬ ગામલોકો જેટલાં પાત્રો બનીને આ પાઠનું નાટ્યીકરણ વર્ગમાં કરો. નાટકના સંવાદો (જુદા જુદા પાત્રોના) તમારા શબ્દોમાં તૈયાર કરો.

સ. ૭ યોગ્ય વિકલ્પ પસંદ કરી નીચેનાં વિધાનો પૂર્ણ કરો.

૧) કિશનભાઈ અને તેમના પત્ની .......... આકરી મજૂરી કરતાં.

ક) કારખાનામાં ખ) ફેક્ટરીમાં ગ) ખેતરમાં

૨) કિશનભાઈના બંને દીકરા .......... કંપનીમાં ઊંચા પગારની નોકરીએ લાગી ગયા.

ક) ખાનગી ખ) સરકારી ગ) સહકારી

૩) પોતાની................છોડી દીકરીના ઘેર જવું કિશનભાઈએ નકાર્યું.

ક) ચિંતા ખ) ખુમારી ગ) નોકરી

૪) દીકરાઓની વહુઓ .................. હતી.

ક) ઝઘડાખોર ખ) મહેનતુ ગ) આર્થિક રીતે સદ્ધર

૫) જવાબદારી પૂરી કર્યા પછી કિશનભાઈને .......... કરવાની ઇચ્છા હતી.

ક) યાત્રા ખ) કથા ગ) હરિભજન

૬) કિશનભાઈએ પાકું મકાન બનાવવામાં જીવનભરની ....... ખર્ચી નાંખી.

ક) કમાણી ખ) બચત ગ) મિલકત

સ. ૮ કારણ લખો.

૧) ગામલોકોની ધારણા ઊંધી પડી. કારણ કે .....................

૨) ઝઘડા સામે કિશનભાઈ આંખ આડા કાન કરતા કારણ કે ....................

૩) કિશનભાઈ ઘર છોડીને નીકળી ગયા. કારણ કે ......................

૪) પોતાને આશરો આપનાર યુવાનને ભેટીને કિશનભાઈ ધ્રૂસકે ધ્રૂસકે રડી પડ્યા. કારણ કે ......................

૫) ગામલોકો કિશનભાઈની ઇર્ષ્યા કરતાં. કારણ કે......................

સ. ૯ ''લોહીની સગાઈએ જિંદગી બરબાદ કરી પણ લોહી વિનાની સગાઈએ નવજીવન આપ્યું'' સ્પષ્ટ કરો.

♦ ''કિશનભાઈ દીકરીના ઘરે ગયાં હોત, તો આ પાઠનો અંત અલગ હોત ?'' - વર્ગમાં ચર્ચા કરો.

## ♦ પ્રકલ્પ ♦

♦ શક્ય હોય તો શિક્ષક સાથે અથવા ઘરના વડીલ સાથે એકાદા વૃદ્ધાશ્રમની મુલાકાતે જાઓ. પછી એ મુલાકાતનો અહેવાલ તૈયાર કરો.

## હું વાંચું .... તમે પણ વાંચો

### એક દીકરો ગુમાવ્યો, એકસો ચોર્યાસી દીકરા મેળવ્યા !

૨૦૦૮માં ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળની પરીક્ષામાં ઉત્તીર્ણ થઈને એક યુવાન પોલીસ સબ-ઈન્સ્પેક્ટર તરીકે પસંદ થયો. તે પંચમહાલનો વતની હતો. અત્યંત ગરીબ કુટુંબમાંથી આવતા આ યુવાનનું નામ હતું મનુ ગરાસિયા. તેની માતા અને ત્રણ બહેનોની તેના ઉપર જવાબદારી હતી. તેના બેચમાં કુલ ૧૮૫ યુવાન હતા.

સબ-ઈન્સ્પેક્ટર તરીકે પસંદ થયા પછી મનુને તાલીમ માટે ગાંધીનગર નજીક કરાઈ સ્થિત ગુજરાત પોલીસ અકાદમીમાં મોકલાયો. ત્યાં તેની અન્ય તાલીમીઓ સાથે દોસ્તી બંધાઈ ગઈ. મનુને એક વખત સૂનમૂન બેઠેલો જોઈને તેના તાલીમી મિત્રોએ તેને પૂછ્યું, 'શું થયું ? કેમ આમ ઉદાસ છે ?'

મનુએ પોતાની માતાની હૃદયની બીમારી અને પોતાના કુટુંબની આર્થિક સ્થિતિ વિશે માંડીને વાત કરી. તેના બધા તાલીમી મિત્રો એ સાંભળીને તેની માતાની સારવાર માટે તેને મદદ કરવા તૈયાર થઈ ગયા. મનુની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. તેણે બધા મિત્રોનો આભાર માન્યો.

થોડા દિવસમાં જ ઉત્તરાયણની બે દિવસની રજા આવી ત્યારે મનુ માતાને અને બહેનોને મળવા મોટરસાઈકલ પર પોતાના ગામ જવા નીકળ્યો. માતાની સારવાર માટે પૈસાની વ્યવસ્થા થઈ ગઈ હોવાથી તેના મનમાં અનેરો ઉત્સાહ હતો. રસ્તામાં બસના બેદરકાર ડ્રાઈવરે અડફેટમાં લીધો. બસ નીચે કચડાઈ જવાને કારણે તેનું અકાળે મૃત્યુ થયું. તેના મૃત્યુના સમાચાર સાંભળી તેના પરિવાર ઉપર તો જાણે વીજળી ત્રાટકી. એક બસ ડ્રાઈવરની બેદરકારીને કારણે મનુના ગરીબ કુટુંબનો એકમાત્ર સહારો છીનવાઈ ગયો હતો.

મનુની અંતિમવિધિમાં હાજર રહેલા તેના મિત્રોને પણ ખૂબ જ આઘાત લાગ્યો હતો. તેમણે મનુના પરિવારના સભ્યોના ચહેરા ઉપર નોધારાપણાની લાગણી જોઈ નક્કી કરી લીધું કે આ પરિવારનો માળો આપણે વિખાવા દેવો નથી. તેમણે આ કુટુંબની જવાબદારી ઉપાડી લીધી. દરેકે પોતાની ક્ષમતા પ્રમાણે ફાળો આપી ત્રણેક લાખ રૂપિયા ભેગા કરી મનુની માતાના હાથમાં આપ્યા. અને કહ્યું, 'તમે કોઈ પણ વાતે મૂંઝાતા નહિ તમારો એક દીકરો ગયો, પણ ૧૮૪ દીકરા હજી બેઠા છે.' મનુની માતા અને બહેનો સજળ આંખે મનુના આ મિત્રોને જોઈ જ રહ્યાં.

મનુ ગરાસિયાના મૃત્યુને આઠ વર્ષ વીતી ગયાં છે પણ તેના કુટુંબની જવાબદારી લેનારા મિત્રોની ઉષ્મામાં હજી ઓટ આવી નથી. તેઓ ગુજરાતના જુદાજુદા વિસ્તારોમાં પોલીસ અધિકારી તરીકે ફરજ બજાવી રહ્યા છે, છતાં આજે પણ તેઓ મનુના પરિવાર સાથે સગા દીકરાની જેમ ઊભા રહે છે.

મનુની એક બહેનના લગ્ન વખતે તેના ૧૮૪ ભાઈઓ પોતાની સગી બહેનના લગ્ન હોય તેવા ઉમળકાથી ખડેપગે ઊભા રહ્યા હતા. મનુની માતા અને બહેનો મનુને યાદ કરીને રડ્યાં તથા સાથે મનુના દોસ્તોના નિઃસ્વાર્થ પ્રેમ અને હૂંફે પણ તેમને રડાવ્યાં. પારકા લોકો પોતીકા થઈને તેમની મદદે આવ્યા હતા.

જ્યારે બધી દિશાઓ બંધ થઈ જાય ત્યારે જેમની સાથે લોહીની સગાઈ ન હોય એવી વ્યક્તિઓ પાસેથી અણધારી મદદ મળી રહેતી હોય છે.

– આશુ પટેલ

### ♦ અધ્યાપન સંકેત ♦

શરૂઆતમાં આપેલા મુદ્દાઓને આધારે વિદ્યાર્થીઓના પોતાના પરિવાર સંબંધી મંતવ્યો જાણવા માટે ચર્ચા કરવી. ચર્ચામાં પ્રત્યેક વિદ્યાર્થીને સહભાગી બનાવવા. માતાપિતાના નિઃસ્વાર્થ સ્નેહની વાતો બાળકના મનમાં ઉદાહરણો દ્વારા દૃઢ કરાવવી. સાથે સાથે એક સંતાન તરીકે માતાપિતા પ્રત્યેનાં કર્તવ્યો તરફ સહજતાથી અંગુલિનિર્દેશ કરવો.

પાઠ શીખવવા માટે નાના નાના પ્રશ્નો પૂછી ઉત્તર મેળવવા સાથે વિદ્યાર્થીઓના પોતાનાં મંતવ્યો જરૂરથી માંગવાં. પાઠના લેખકની કટારને વર્તમાનપત્રમાં વાંચવા માટે પ્રેરણા આપવી.

'દીકરીના ઘરે રહેવાય નહીં' સમાજની પ્રચલિત માન્યતા પાયાવિહોણી છે, તે ખાસ કહેવું. લોહીની સગાઈ ન હોવા છતાં પણ કિશનભાઈને મદદ કરનાર યુવાન વિશેની ચર્ચા કરતી વખતે માનવતાના મૂલ્યનું પરોક્ષ રીતે આરોપણ કરી તેઓ અર્થાત્ વિદ્યાર્થીઓ માનવતા દર્શાવવા કેવાં કેવાં કાર્યો કરી શકે તે બાબત પણ ચર્ચા કરવી.

**માનવતા માનવી કરતાં શ્રેષ્ઠ છે.**

# ♦ ઉપક્રમ ♦

૧) આડાઅવળા અક્ષરો યોગ્ય ક્રમમાં ગોઠવી અર્થપૂર્ણ શબ્દ બનાવો.

૧) પુ લ કા અ રી

૨) ભિ અ મ ગ

૩) જ પં ગ અ નો

૪) તા વ વા ણ ર

૫) ડાં ર ઘ ર ઘ

ઉપરના અર્થપૂર્ણ શબ્દો બનાવ્યા પછી રંગીન ચોરસમાં આવતા અક્ષરોને પસંદ કરો, તેને ક્રમબદ્ધ લખો.

મળેલી કહેવતનો અર્થ સમજીને વાક્યમાં ઉપયોગ કરો.

૨) ૧) બં ર બો દ રી

૨) ક વ લ થા ન

૩) થ મ આ વું

૪) ના તે મ લી રા

૫) વું કા ર ફ વ

૬) ત્ર ક્ષ અ ય પા

૭) ળ ખા મ ણું અ

૮) જા વું સ મ વ

મળેલી કહેવતનો અર્થ સમજીને વાક્યમાં ઉપયોગ કરો.


# ૭. મોર એનું પગલું મૂકે ને...

♦ **કહો જોઈએ.**

આપણાં પંખીઓ –
આપણી નદીઓ –
આપણાં તીર્થસ્થળો –
કૃષ્ણનાં અન્ય નામો –
કૃષ્ણની પ્રિય વસ્તુ –

♦ **ચાલો ગાઈએ.**

ઝવેરચંદ મેઘાણીનું 'મન મોર બની થનગાટ કરે' ગીતનું સમૂહગાન



મોર એનું પગલું મૂકે ને માધવ મલકે
પછી યમુનાજી લાગણીએ છલકે ...
કે મોર એનું પગલું મૂકે ને શ્યામ મલકે.
પરભાતે પનિહારી ચાલે ઉતાવળી ને
કાંકરીની બીકે હો હાંફળી,
ગાયોની ખરીઓ એ ધૂળિયા ગોકુળિયાને
કરતી ગુલાલે બેબાકળી ;
મોર એની કીકીઓ નોંધે ને માધવ મલકે
પછી યમુનાજી વેગીલાં છલકે ... કે મોર ...
છાશને વલોણે શી વાત કરી છમ છમકે
ગોપીએ ન કાંઈ એને સાંભળી,
માખણ લેવાં છે ઝટ એને તો તારવીને
છલકાવી દેવી છે તાંસળી ;
મોર એનું પીંછું ફરકે ને માધવ મલકે
પછી યમુનાજી બે કાંઠે છલકે ... કે મોર ...

– મહેશ શાહ



## સ્વાધ્યાય

**સ. ૧ નીચેના શબ્દો માટે કાવ્યમાં વપરાયેલા શબ્દો શોધો.**

| | | | |
|---|---|---|---|
| ૧) કૃષ્ણ | - ...................... | ૨) ચરણ | - ...................... |
| ૩) સવાર | - ...................... | ૪) મયુર | - ...................... |
| ૫) તક્ર | - ...................... | ૬) નવનીત | - ...................... |
| ૭) પીંછ | - ...................... | ૮) કાલિંદી | - ...................... |

**સ. ૨ પરભાત - પ્રભાત તેવી રીતે નીચેના શબ્દો માટેના પ્રમાણિત શબ્દ લખો.**

| | | | |
|---|---|---|---|
| ૧) પરણામ | - .................... | ૨) સમરથ | - ...................... |
| ૩) સ્વારથ | - .................... | ૪) કિરપા | - ...................... |
| ૫) પદારથ | - .................... | ૬) તીરથ | - ...................... |
| ૭) પરભુ | - .................... | ૮) પરવત | - ...................... |

**સ. ૩ કાવ્યમાંથી પ્રાસયુક્ત શબ્દ શોધો.**

**સ. ૪ ઉદાહરણ પ્રમાણે વિશેષણ બનાવો :** દા.ત. વેગ - વેગીલું

૧) રસ  ૨) મોજ  ૩) ગમત  ૪) હઠ

**સ. ૫ ઉદાહરણ પ્રમાણે 'નું' યોગ્ય રૂપ લખો.** દા. ત. ગાયો<u>ની</u> ખરી

| | |
|---|---|
| ૧) મોર.... પીંછું | ૨) મોર... કીકી |
| ૩) યમુનાજી... વેગ | ૪) કૃષ્ણ... વાંસળી |
| ૫) મોર... પગલાં | ૬) ગોકુળ... ગોવાળ |

**સ. ૬ યોગ્ય વિકલ્પ શોધી પંક્તિ પૂર્ણ કરો.**

૧) મોર એનું પગલું મૂકે ને ............
 ક) માધવ મલકે
 ખ) હૈયું હલકે
 ગ) વીજળડી ચમકે

૨) પરભાતે પનિહારી ............
 ક) રહી વાંસળી સાંભળી
 ખ) ચાલે ઉતાવળી
 ગ) છે હાંફળી ને ફાંફળી

૩) છાશને વલોણે શી ............
 ક) વાત થઈ ઘમઘમ કે
 ખ) જામી ગઈ રમઝટ કે
 ગ) વાત કરી છમ છમ કે

૪) ગાયોની ખરીઓ એ ધૂળિયા ગોકુળિયાને ............
 ક) કરતી કંકુડે બેબાકળી
 ખ) કરતી અબીલે બેબાકળી
 ગ) કરતી ગુલાલે બેબાકળી

સ. ૭ લખીને બતાવો.

૧) લાગણીથી છલકનાર

૨) છાશના વલોણાથી આ તારવી લેવાય

૩) પીંછુ ફરકાવનાર

૪) બે કાંઠે છલકનાર

સ. ૮ નીચેનાનો ઉપયોગ લખો.

૧) માખણ ૨) ગુલાલ ૩) છાશ

સ. ૯ શાથી બન્યું ?

૧) પનિહારી હાંફળી થાય છે. કારણ કે ..........

૨) ગાયો બેબાકળી બને છે. કારણ કે ...........

સ. ૧૦ મોરને જોઈને તમને થયેલી અનુભૂતિ તમારા શબ્દોમાં વર્ણવો.

♦ વર્ગના વિદ્યાર્થીઓના બે જૂથ પાડો. એક જૂથ ગામડાં વિશે અને એક જૂથ શહેર વિશે કહેશે. બંને જૂથ એકસરખા મુદ્દા ઉપર વાતો કરશે. વાતો કરવા નીચેના મુદ્દાનો ઉપયોગ કરો.

૧) પ્રભાત ૨) વાતાવરણ ૩) પંખી ૪) પશુ ૫) નદી ૬) મંદિર

## ♦ પ્રકલ્પ ♦

♦ કૃષ્ણની વાંસળીનું મોરપીંછવાળું આકર્ષક ચિત્ર દોરો. તેની નીચે ૩થી ૪ વાક્યો લખો.

## હું વાંચું .... તમે પણ વાંચો



મોરપિચ્છની રજાઈ ઓઢી
તમે સૂઓને શ્યામ
અમને થાય પછી આરામ...
મુરલીના સૂરનાં ઓશીકાં
રાખો અડખે - પડખે
તમે નીંદમાં કેવા લાગો
જોવાને જીવ વલખે
રાત પછી તો રાતરાણી થઈ
મ્હેંકી ઊઠે આમ...
અમે તમારા સપનામાં તો



નક્કી જ આવી ચડીશું
આંખ ખોલીને જોશો ત્યારે
અમે જ નજરે પડશું
નિદ્રા-તંદ્રા-જાગૃતિમાં
ઝળહળભર્યો દમામ...

– સુરેશ દલાલ


## ♦ અધ્યાપન સંકેત ♦

શરૂઆતમાં આપેલાં નામો વિદ્યાર્થીઓ પાસેથી કઢાવવાં. તેમાંથી કાવ્યમાં ઉલ્લેખ થયો છે તે નામોનું મહત્ત્વ કહીને પછી મેઘાણીના અતિ પ્રચલિત કાવ્યના સમૂહગાન દ્વારા વિદ્યાર્થીઓને વિષયાભિમુખ કરવા.

કાવ્યના અધ્યાપન પહેલાં બેથી ત્રણ વખત પ્રસ્તુત ઊર્મિકાવ્યનું સમૂહગાન કરાવવું. પ્રશ્નો, ચર્ચા દ્વારા કાવ્યનો ક્રમિક વિકાસ સાધવો.


યમુના નદીનું બીજું નામ કાલિન્દી છે તેનું સ્પષ્ટીકરણ કરવું. ગામડાં અને શહેરના પ્રભાતનું કુદરતી વાતાવરણ કેવું હોય તે બાબત ચર્ચા દ્વારા વધારે માહિતી આપવી.

પનિહારીની, ગોકુળના સંધ્યા સમયના વાતાવરણની, વલોણાની સંકલ્પના શિક્ષકે શબ્દચિત્રની મદદથી સ્પષ્ટ કરવી. કૃષ્ણના શક્ય તેટલા વધારે નામો વિદ્યાર્થીઓ પાસેથી કઢાવવા સાથે શિક્ષકે પણ વધારે નામો આપવાં.



# ૮. ફિલ્ડિંગની મજા

♦ લો, પકડો.



આમ તો મને ક્રિકેટનો બહુ શોખ. હાથમાં બેટ ઘુમાવીને ચોગ્ગા-છક્કા મારવાની અનોખી મજા છે. એવું બૉલિંગનુંય છે. હાથમાં બોલ રમાડતાં રમાડતાં કોઈ અજબ અદાથી ચાલવું, પછી દોડીને સામે રમતા ખેલાડી તરફ સમસમાવીને બૉલિંગ કરવી અને પછી જાણે કંઈ કર્યું જ નથી એમ નિરપેક્ષ ભાવે જોઈ રહેવું એ બધાની વાત જ જુદી છે. પણ ક્રિકેટની ખરી મજા તો ફિલ્ડિંગ કરવામાં છે.

ક્રિકેટમાં મને ગમતી વસ્તુ માત્ર ફિલ્ડિંગ જ છે. ક્રિકેટમાં અને જીવનમાં-ખેલાડીઓના બે મુખ્ય વર્ગ જ હોય છે. એક વર્ગના ખેલાડીઓની નજર સદા બેટ ઉપર જ હોય છે. ચોગ્ગા અને છક્કાનાં જ એ સ્વપ્નાં જોતા હોય છે. જ્યારે જ્યારે કોઈક આઉટ થાય છે ત્યારે પોતાનો વારો આવવાની આશાએ એમનું હૈયું નાચી ઊઠે છે ; પણ કૅપ્ટન કોઈ ત્રીજાને બેટ પકડાવે છે, એટલે એ પાછો દુ:ખના દરિયામાં ડૂબી જાય છે ! ફિલ્ડિંગ એ એમને મન સજા છે. બૅટિંગ જ એમને મન જીવનનો ખરો લ્હાવો છે. અને એ લ્હાવાની રાહ જોવામાં તથા એ મળ્યા પછી એમાંથી ધારી મોજ ન મેળવી શકવાના શોકમાં જ એમનું બાકીનું જીવન પસાર થાય છે.

જ્યારે બીજો લઘુમતીનો વર્ગ છે-ફિલ્ડિંગ પ્રેમીઓનો. હું એ વર્ગમાં છું. મને ખુશ કરવાની દાનતથી એક જણે કહેલું કે ફિલસૂફને હંમેશાં ફિલ્ડિંગ જ ગમે છે. બૅટિંગ કે બૉલિંગ નહીં. કદાચ એની વાત ખરી પણ હોય ! કારણ આ માયાવી સંસાર અને એમાં રમાતી આ માયાવી ક્રિકેટની રમત વિશે ચિંતન કરવાની જેવી તક ફિલ્ડરોને હોય છે એવી કોઈનેય નથી હોતી.

પણ ફિલ્ડિંગ-ફિલ્ડિંગમાંય ફેર હોય છે. દર વખતે 'એ બોલ આવ્યો, એ કેચ આવ્યો' એમ બોલેબોલે શ્વાસ અધ્ધર થઈ જતો હોય તો એવા સ્વભાવવાળાએ ફિલ્ડિંગ કરવા કરતાં સરકસમાં દોરડાં પર ચાલવાનો ખેલ કરવા જવું વધુ સારું.



ફિલ્ડિંગનો સાચો આનંદ મેળવવા તમારામાં ઉદારતાનો સદ્‌ગુણ હોવો જોઈએ. રમનારો બિચારો બેચાર રન વધારે લઈ ગયો તોય શું ; ન લઈ ગયો તોય શું ; એકાદ કેચ ઝડપ્યો તોય શું ; ન ઝડપ્યો તોય શું ; અંતે તો ક્રિકેટર માત્રને ટેન્ટ ભેગા કે લંચ ભેગા જ થવાનું છે ને? એવી સ્વસ્થ દૃષ્ટિ રાખનાર જ ફિલ્ડિંગની મજા ભોગવી જાણે છે. એક જમાનામાં, નાનપણમાં જ્યારે હું ક્રિકેટનો ખેલાડી હતો ત્યારે, મારે ને કેપ્ટનને આ અંગે ઘણો મતભેદ થતો.

'તમે અહીં ઊભા રહો', સૂરજનો તડકો મોં ઉપર આવે અને બૉલ પણ વધારે આવે એવી ફિલ્ડના વચલા ભાગની એકાદ જગ્યા બતાવીને કેપ્ટન સાહેબ મને કહેતા.

'એના કરતાં તમે જ અહીં ઊભા રહો તો ?' હું પ્રેમથી સૂચન કરતો, અને ઉદારતાથી ઉમેરતો, 'મને તો ત્યાં સામેની બાજુએ-છેક છેડે બાઉન્ડરી પાસે ઊભો રાખશો તોય હું વાંધો નહિ લઉં હોં ?'

કેપ્ટન બિચારો 'ના, ના, તમે અહીં જ ઊભા રહો.' એમ કહીને બીજાને સૂચનાઓ આપવા જતો એટલે હું મેદાનને પેલે છેડે ઊભેલા કોઈ મિત્ર જોડે જગતની અસારતા વિશે વાર્તાલાપ કરવા ઊપડી જતો.

થોડી વારે બીજાઓને ગોઠવી કેપ્ટન મૂળસ્થાને પાછો આવતો, ત્યારે મને ગોઠવેલો એ જગ્યાએ હું ન હોઉં એટલે એને નવાઈ લાગતી. બિચારો ભલો ભોળો માણસ ! એટલું ન સમજે કે આ જગતમાં જ્યાં ધરતીકંપોને લીધે યુગેયુગે જળ ત્યાં સ્થળ અને સ્થળ ત્યાં જળ થઈ જાય છે, મોટાંમોટાં નગરો અદૃશ્ય થઈ જાય છે ત્યાં મારા જેવો એક નાચીઝ માણસ સંજોગાવશાત પહેલાંની જગ્યાએથી અદૃશ્ય થઈ જાય એમાં નવાઈ શી ?

ગમે તેમ પણ એની જોડે વાટાઘાટોને પરિણામે કંટાળીને છેલ્લો દાવ આપવાની શરતે એ મને મેદાનને છેક છેડે ફિલ્ડિંગનું કામ સોંપવા કબૂલ થતો, પણ તેય બબડતો બબડતો ! સાચું પૂછો તો મારે અને કેપ્ટનોને પહેલેથી લેણાદેણી જ નથી.

કોક વાર હું ફિલ્ડિંગ કરતો હોઉં અને એ કરતાં કરતાં કોઈ જોડેવાળા ફિલ્ડરની હૅટને તાકીને કાંકરા મારતો હોઉં ત્યાં એકાદ બૉલ ઝડપથી મારી પાસેથી પસાર થઈ જાય! હવે આવે વખતે કેપ્ટન ખૂબ છેડાઈ પડે. એ કહેઃ 'તમે બૉલ રોક્યો

કેમ નહીં ?' પણ આનું તો ભાઈ, એવું છે ને કે બૉલ આવે ત્યારે આપણા જેવા વિચારશીલ માણસનું ધ્યાન હોય બીજા વિચારમાં. બૉલ આવે ત્યારે એ વિચારોને મગજના એ વિષયના ખાનામાં ભરી દેવા, ખાનું બંધ કરી, તાળું મારી નવી કૂંચી શોધી, મગજનું ક્રિકેટવાળું ખાનું ઉઘાડીએ ત્યાં સુધીમાં બૉલ સડસડાટ પસાર થઈ પણ ગયો હોય. હવે તમે જ કહો, આવા સંજોગોમાં એ બૉલ રોકવો પણ કેમ કરીને ? અને બૉલ ન રોકયા બાબત તો ઠીક પણ એ બાઉન્ડરીએ પહોંચી ગયા પછી જે નિરાંતથી હું ધીમે પગલે એ લેવા જતો તે જોઈને કૅપ્ટનોને ખૂબ ગુસ્સો આવતો. મારી માન્યતા એવી છે કે પાસેથી પસાર થઈ ગયેલા બૉલ પાછળ દોડનારો માણસ ગુમાવેલી તક પાછળ દોડનાર જેવો મૂરખ લાગે છે. ગયું તે ભલે ગયું, ભૂતકાળને બદલે આપણે ભવિષ્ય તરફ દૃષ્ટિ રાખવી જોઈએ. હવેથી આવનારા ફટકાઓનો આપણે વિચાર કરવો જોઈએ, લેવાઈ ગયેલા ચોગ્ગાનો નહિ, એવી ભાવના હું રાખી શકતો, કૅપ્ટનો ન રાખી શકતા, ને એમાં જ બધી ઉપાધિ ઊભી થતી.

અને આ તો ઠીક પણ ક્રિકેટની રમતની એક મોટી નબળાઈ એ છે કે એમાં ફિલ્ડરોના રાજ્યની હદો નક્કી કરેલી નથી હોતી. અમુક બૉલ આવે છે તે આપણી હદમાં છે કે બીજા કોઈ ફિલ્ડરની હદમાં, એને આપણે રોકવો જોઈએ કે બીજા કોઈએ, એ કેમ ખબર પડે ? મારા પૂરતો તો હંમેશાં એ પ્રશ્ન ઊભો રહેતો કે બૉલ કોની હદમાં છે ? ઘણુંખરું અમે સૌ આ બાબતમાં ઉદાર રહેતા ને હંમેશાં અમારામાંનો દરેક જણ એમ જ કહેતો કે 'બૉલ મારી હદમાં નહિ પણ પેલા જોડેનાની હદમાં છે.' છેવટે કૅપ્ટન આવીને એ બૉલ કોણે લઈ આવવો એ ઠરાવતો. જોકે ઘણી વાર કોઈ ઉત્સાહી ભાઈઓ મારી હદમાં આવીને પણ બૉલ લઈ જતા ; પણ હું તો કદી એનો વિરોધ કરતો જ નહિ ; ભલેને એ બિચારા રમવાનો લ્હાવો લે, આપણે સંકુચિત માનસ તો કદી રાખવું જ નહિ. પણ આવે વખતેય પાછો કૅપ્ટન આવીને ઘાંટા પાડી જતો કે 'બૉલ તમારી પાસેથી ગયો તોય તમે કેમ ન રોક્યો ને છેક પેલાને આવીને લઈ જવો પડ્યો ?'

રમતને છેક અંતે અંદરઅંદર એકબીજા તરફ કાંકરા ફેંકી બૉલિંગની પ્રેક્ટિસ કરતાં કરતાં મારા જેવા ફિલ્ડિંગ-પ્રેમીઓનો બૅટિંગ કરવાનો વારો આવતો. હું ફટકા લગાવતો, સરસ લગાવતો, પણ મોટે ભાગે તો હું જે ઉદારતા બીજા બૅટ્સમેનો પ્રત્યે રાખતો તે એ લોકો ફિલ્ડર્સ તરીકે મારા પ્રત્યે ન રાખતા. એકાદ સરસ ફટકો લગાવી, હું બંસીધારી કૃષ્ણકનૈયાની જેમ એક પગની આગળ બીજો પગ રાખી, બૅટને ટેકે અદાથી ઊભો રહી, ગગનમાં અધ્ધર જતા બૉલને નીરખી રહ્યો હોઉં ત્યાં એ બૉલનો કેચ થઈ જાય ! મેં જે રમનારના સંખ્યાબંધ કેચ ગુમાવી એની બૅટ્સમેન તરીકેની જિંદગી અનેક વાર લંબાવી આપી હોય તે જ મારા એ બૉલનો કેચ કરી લેતો ! માનવજાતનું આ વિશ્વાસઘાતીપણું જોઈ મારું મન પણ ભાંગી જતું અને હું બૅટ લઈને ટેન્ટમાં પાછો આવતો રહેતો.

આ રીતે છગ્ગા લગાવીને મેં ક્રિકેટનો જે કંઈ આનંદ પ્રાપ્ત કર્યો છે, કે કાતિલ બૉલિંગ કરીને બીજાને ખેરવી નાખ્યાનો દુષ્ટ સંતોષ પણ જે કંઈ મેળવ્યો છે તેના કરતાં ફિલ્ડર તરીકે જ વધુ વિશુદ્ધ આનંદ મેળવ્યો છે. મને તો લાગે છે કે ક્રિકેટમાં તેમજ જીવનમાં બૅટ્સમેન તરીકે અધ્ધર શ્વાસે જીવવા કરતાં પણ નિરાંતે ફિલ્ડિંગ કરતાં કરતાં, રમ્યા છતાં નહિ રમવામાં, રંગાયા વિના જોઈ શકવામાં એક અનોખી મજા છે, એક ઓર આનંદ છે.

– બકુલ ત્રિપાઠી

## સ્વાધ્યાય

**સ. ૧ નીચેના શબ્દો માટે પાઠમાં કયા શબ્દો વપરાયા છે તે શોધો :**

૧) છટા - ......................  ૨) વૃત્તિ - ......................
૩) સાચી - ......................  ૪) ફરક - ......................
૫) વાટાઘાટ - ......................  ૬) કમજોરી - ......................
૭) સીમા - ......................  ૮) ચાવી - ......................

**સ. ૨ અર્થ બદલ્યા વગર વાક્યને સકારાત્મક અથવા નકારાત્મક બનાવો.**

૧) પર્યાવરણ શુદ્ધ રહે તો પ્રદૂષણ થતું નથી.
૨) સૂર્યપુત્ર કર્ણ ઉદાર દિલનો હતો.
૩) આપણો દેશ સ્વતંત્ર છે.
૪) મહાભારત આધુનિક કથા નથી.

**સ. ૩ નીચેના રૂઢિપ્રયોગોના અર્થ શોધો. શબ્દકોશનો ઉપયોગ કરો.**

૧) હૈયું નાચી ઊઠવું  ૨) લ્હાવો લેવો
૩) લેણાદેણી ન હોવી  ૪) છેડાઈ પડવું
૫) મન ભાંગી જવું  ૬) ખેરવી નાંખવું

**સ. ૪ ક્રિકેટ એ મેદાની રમત છે. આવી મેદાની રમતોના ઓછામાં ઓછા ૧૦ નામ લખો.**

**સ. ૫ ઉદાહરણ પ્રમાણે લખો. પછી વાક્યમાં ઉપયોગ કરો.**

દા.ત. કદીય - કદી પણ
આપણે કદીય આજ્ઞાનું ઉલ્લંઘન ન કરવું જોઈએ.

૧) ક્યારેય  ૨) કશીય
૩) કેવુંય  ૪) કેટલુંય

**સ. ૬ યોગ્ય વિકલ્પ શોધીને વિધાન પૂર્ણ કરો.**

૧) ક્રિકેટની ખરી મજા તો ............
   ક) રન કરવામાં છે.
   ખ) બૉલિંગ કરવામાં છે.
   ગ) ફિલ્ડિંગ કરવામાં છે.

૨) બોલ પાછળ દોડનારાને લેખક ............ સાથે સરખાવે છે.
   ક) ગુમાવેલી તક પાછળ દોડનારા
   ખ) ખોવાયેલી વસ્તુ પાછળ દોડનારા
   ગ) દોડસ્પર્ધામાં જીતવા માટે દોડનારા

૩) લેખકના મતાનુસાર જીવનમાં અને ક્રિકેટમાં .............. જીવવું પડે છે.

ક) શાંતિપૂર્વક ખ) અધ્ધર શ્વાસે ગ) આનંદપૂર્વક

## સ. ૭ વિચારીને લખીએ.

૧) ફિલ્ડરને આવું ચિંતન કરવાની તક મળે

૨) આ જાતની દૃષ્ટિ રાખનાર ફિલ્ડિંગની મજા ભોગવી જાણે છે

૩) ક્રિકેટની રમતની સૌથી મોટી નબળાઈ

૪) કેપ્ટન લેખક ઉપર છેડાઈ પડવાનું કારણ

## સ. ૮ પાઠ વાંચીને યોગ્ય શબ્દ લખો.

૧) ક્રિકેટની ખરી મજા .............. કરવામાં છે.

૨) ......... ફિલ્ડરોને વારંવાર સૂચના આપે.

૩) ......... માણસનું ધ્યાન અન્ય વિચારોમાં જ હોય છે.

૪) ......... સંસારમાં રમાતી ....... ક્રિકેટની રમત વિશેનું ચિંતન કરવાની તક ફિલ્ડરોને મળે છે.

## સ. ૯ શેની મજા આવે ?

૧) બૅટ્સમેન તરીકે .........

૨) બૉલર તરીકે ............

૩) ફિલ્ડર તરીકે ............

૪) કેપ્ટન તરીકે ............

૫) વિકેટકીપર તરીકે .......

૬) અમ્પાયર તરીકે.............

## સ. ૧૦ નમૂનાપ્રમાણે ક્રિયાપદનું યોગ્ય રૂપ લખો.

દા.ત. હું પ્રેમથી સૂચન <u>કરતો</u>. (કરવું)

૧) તે ઉદારતાથી દાન .............. (આપવું)

૨) હું ફિલ્ડિંગ ......... (કરવું) અને (બબડવું) ..............

૩) તે ચોક્કા-છક્કા સરસ .......... (ફટકારવું)

૪) તેઓનો બૅટિંગ કરવાનો વારો છેલ્લે ........ (આવવું)

## સ. ૧૧ નમૂનાપ્રમાણે બે શબ્દો જોડીને નવો શબ્દ બનાવો.

**અ)** દા.ત. મનસ્ + વૃત્તિ = મનોવૃત્તિ

૧) રજસ્ + ગુણ = ...................

૨) મનસ્ + હર = .....................

૩) તપસ્ + વન = ...................

૪) મનસ્ + દશા = ...................

બ) દા.ત. નિર્ + રવ = નીરવ

૧) નિર્ + રોગી = ...............

૨) નિર્ + રજ = ................

૩) નિર્ + રસ = ................

૪) નિર્ + રૂપ = ................

(**યાદ રાખો** : પહેલા શબ્દનો અંત્યાક્ષર અને પછીના શબ્દનો પ્રથમાક્ષર બંને 'ર' આવતા હોય ત્યારે તેનાથી બનતા નવા શબ્દનો પ્રથમ અક્ષર દીર્ઘ બને છે.)

- ♦ મહેન્દ્રસિંહ ધોનીના નેતૃત્વમાં મેળવેલા 'વર્લ્ડકપ'ની માહિતી મેળવીને ૬થી ૭ વાક્યોમાં લખો.
- ♦ ક્રિકેટની રમત વિશે તમારા શબ્દોમાં ૭થી ૮ વાક્યોમાં કહો.

## ♦ પ્રકલ્પ ♦

- ♦ રાષ્ટ્રીય રમત 'હોકી' અને પ્રાદેશિક રમત 'કબ્બડી' (હુતુતુતુ) ના નિયમો વિશે નિયમાવલી બનાવો.

## હું વાંચું .... તમે પણ વાંચો

### દીપા મલિક

જીવનની નાની નાની તકલીફોની સામે હાર માની લેવાને બદલે જીવનમાં નવી શરૂઆત કરવી જોઈએ. ગમે તે પરિસ્થિતિ હોય તો પણ તેમાંથી માર્ગ કાઢી શકાય છે, સપના જોઈ શકાય છે. આ વાક્યને સાર્થક કરનાર છે, રિયો પેરાઓલિમ્પિક (શારીરિક રીતે અક્ષમ હોય તેવા એથ્લેટ) ૨૦૧૬માં ઝળહળતી સફળતા મેળવનાર પ્રથમ ભારતીય નારી દીપા મલિક.

૪૫ વર્ષીય દીપા મલિક બે દીકરીઓની માતા છે પેરાપ્લેજિક (લકવાગ્રસ્ત) બન્યા બાદ તેઓએ સ્પોર્ટ્સવુમન તરીકે નવો ચીલો ચાતર્યો. ૩૬ વર્ષે તેમણે રમતના ક્ષેત્રમાં પ્રવેશ કર્યો. કરોડરજ્જુની ગાંઠ થવાને લીધે ૧૭ વર્ષમાં ૩૧ વાર શસ્ત્રક્રિયા કરાવી ચૂક્યાં છે. ૧૮૩ ટાંકાઓની નિશાની તેમના શરીર પર છે.

તેમણે ૧૭૦૦૦ કિમીનો પ્રવાસ બાઈક પર કર્યો છે. શૂન્ય ઓક્સિજનમાં હિમાલયમાં ૧૮૦૦૦ ફીટ સુધી તેઓ પહોંચ્યાં હતાં. ઇ.સ. ૨૦૧૬માં રિયો-ડી-જાનેરોમાં થયેલી પેરાઓલિમ્પિકમાં ગોળાફેંકમાં તેમણે રજત ચંદ્રક મેળવ્યો છે. આ જ્વલંત સફળતા દરેક ભારતીય માટે પ્રેરણારૂપ છે.

કોણ કહે છે ભારત રમતગમતમાં પાછળ છે? જો શારીરિક અક્ષમ વ્યક્તિ આ ઊંચાઈએ પહોંચી શકે તો ધ્યેયને વરેલા, તાલીમબદ્ધ અને સમર્પિત સક્ષમ તો શું ન કરી શકે?


## ♦ અધ્યાપન સંકેત ♦

દડો, રીંગ, ડીશ અને વોલીબોલ જેવી રમતો શરૂઆતમાં રમાડી તેમની પ્રિય રમત વિશે પૂછવું. રાષ્ટ્રીય રમત અને આંતરરાષ્ટ્રીય રમત વિશે ચર્ચા કરવી. ક્રિકેટ લગભગ બધા જ બાળકોની પ્રિય રમત હોવાથી વિદ્યાર્થીઓ ચર્ચામાં સક્રિય ભાગ લેશે. આ હાસ્યકૃતિ હોવાથી તેના અધ્યાપનમાં વિદ્યાર્થીઓ પણ જરૂર આનંદિત થશે. નાના પ્રશ્નો પૂછી વિદ્યાર્થીઓની આકલનશક્તિની કસોટી કરવી. ક્રિકેટની રમતના મુખ્ય પાસા બૉલિંગ, બૅટિંગ, ફિલ્ડીંગ, વિકેટકિપીંગ વિશેની માહિતી વિદ્યાર્થીઓ પાસેથી જ કઢાવવી. આ રમતની લોકપ્રિયતાની ચર્ચા સાથે દરેકના વ્યક્તિગત રસની માહિતી જાણવાનો પ્રયત્ન કરવો. લોકપ્રિય ક્રિકેટરો, તેમના દ્વારા સ્થાપિત વિક્રમો વિશે પણ ચર્ચા કરી શકાય. ક્રિકેટની રમતમાં ખેલદિલીની ભાવનાની આવશ્યકતા ઉપર પ્રકાશ પાડવો.










**હસો, હસી શકાય તેટલું હજી સમય છે જરા,**
**લો હસી, પણ હસવા સમી ન બનાવશો જિંદગી.**

## મહાનુભાવોના કિસ્સા

વિશ્વવિખ્યાત ચિત્રકાર પાબ્લો પિકાસોએ મિત્રોને જમવા માટે ઘરે બોલાવ્યા હતા. નજર ફેરવીને એક મિત્રે સવાલ કર્યો, ''દોસ્ત, તારું એકેય ચિત્ર કેમ આ ઓરડામાં નથી ? પોતાનાં જ ચિત્રો પસંદ નથી.''

પિકાસોએ એકદમ ઠાવકું મોઢું રાખી જવાબ આપ્યો. 'ચિત્રો ગમે તો છે પણ એટલાં બધાં મોંઘાં છે કે મને પરવડતાં નથી.'

★★★

સ્વામી વિવેકાનંદને સ્વદેશ, સ્વધર્મ અને સ્વવસ્ત્ર માટે ખૂબ ગૌરવ હતું. અમેરિકા ગયા ત્યારે પણ પરંપરાગત ભગવાં વસ્ત્રો પહેર્યાં હતાં.

એક ભાષણમાં તેઓ ગયા, ત્યારે ભગવાં કપડાં સાથે પગમાં વિદેશી પગરખાં પહેર્યાં હતાં. આ જોઈને એક પરદેશી મહિલાએ મહેણું માર્યું. ''દેશી વસ્ત્રો પહેરવાનો આગ્રહ રાખો છો તો પછી વિદેશી પગરખાં શા માટે? લેશમાત્ર મૂંઝાવાને બદલે સ્વામી વિવેકાનંદે મર્મવેધક જવાબ આપ્યો, ''અંગ્રેજોને ભારતમાં તેમનું સ્થાન બતાવી દેવા માટે.''

★★★

વિશ્વવિખ્યાત અમેરિકન લેખક માર્ક ટ્વેઈનનું એક સાવ નાનકડા ગામમાં ભાષણ હતું. તેઓ સવારે દાઢી કરાવવા માટે પહોંચી ગયા.

વાળંદે વાતચીતની શરૂઆત કરી લીધા બાદ થોડી બડાશ મારી. આજે આપણા ગામમાં માર્ક ટ્વેઈનનું ભાષણ છે. તમે ટાંકણે આવ્યો છો, તો ટિકિટ ખરીદી ? માર્ક ટ્વેઈને ના પાડી. તો વાળંદે કહ્યું, ''બધી ટિકિટ વેચાઈ ગઈ છે. હવે તમારે ઊભા રહીને સાંભળવું પડશે.'' માર્ક ટ્વેઈન મોઢું બગાડીને બોલ્યા, ''દર વખતે આ માણસ ભાષણ આપતો હોય ત્યારે મારે ઊભા રહેવાનો જ વારો આવે છે.''

★★★


આઝાદી પૂર્વે નામાંકિત ધારાશાસ્ત્રી મોતીલાલ નહેરુ પર ચિડાઈને એક ન્યાયાધીશે સવાલ કર્યો, ''મને સમજો છો શું તમે, મિસ્ટર નહેરુ ?''

પૂરેપૂરા વિવેક સાથે મોતીલાલજીએ જવાબ આપ્યો, ''હું તો આપ નામદારશ્રીને સજ્જન સમજું છું. આપને યોગ્ય ન લાગતું હોય તો મારો અભિપ્રાય બદલી નાખું.''

# ૯. વૃક્ષો

♦ ચાલો ગાઈએ

વૃક્ષ વિશેની કોઈ એક કવિતા.



કોઈક રાતે વરસતાં વાદળે ધોવાય છે વૃક્ષો
સવારે બંધ વર્ષા ને જુઓ ! તડકાય છે વૃક્ષો
છૂપો અફસોસ તો છે સૌ સહ્યા કરતી ધરા-માને
નથી દરકાર થાતી તોયે મોટાં  થાય છે વૃક્ષો
જરા સરખું પીવાડ્યું પાણી શું આદમના બચ્ચાંએ !
જીવન આખું અનર્ગળ આશરાઓ પાય છે વૃક્ષો
હવે સમજ્યો, ખરેખર તું વસંતોનો જ છે પર્યાય
તું જ્યાં પણ હોય, તારી ચોતરફ દેખાય છે વૃક્ષો
પવન હળવેકથી વાઈ રહ્યો છે ચાંદની સાથે
નીરવને કાનમાં આછા સ્વરે સંભળાય છે વૃક્ષો
ભલેને ખૂબ જંગી હો એ કદમાં સૌ દિશાએથી
મૂંગું દેનારના ખોળામાં કેવાં માય છે વૃક્ષો !
શહેર હું પાછો આવું, ગામ છોડી, જ્યાં વિચારોમાં ;
તરત મારી નજર સામેથી ઓઝલ થાય છે વૃક્ષો.

– શોભિત દેસાઈ

## સ્વાધ્યાય

**સ. ૧ નીચેના શબ્દો માટે કાવ્યમાં વપરાયેલા શબ્દો શોધો.**

| | | | |
|---|---|---|---|
| ૧) દિલગીરી | - ...................... | ૨) માનવ | - ...................... |
| ૩) અતિશય | - ...................... | ૪) સમાન | - ...................... |
| ૫) અદશ્ય | - ...................... | ૬) મૂક | - ...................... |
| ૭) મોટું | - ...................... | ૮) શાંત | - ...................... |

**સ. ૨ ઉદાહરણ મુજબ ક્રિયાપદનું રૂપ બદલો.** અ) દા.ત. ધોવું - ધોવાય

૧) જોવું ૨) ખાવું ૩) ગાવું ૪) લેવું

૫) દેવું ૬) કહેવું ૭) પીવું ૮) બીવું

બ) દા.ત. દેખવું - દેખાય

૧) સાંભળવું ૨) આપવું ૩) વાંચવું ૪) નાચવું

૫) કરવું ૬) લખવું ૭) બેસવું ૮) તરવું

ક) દા.ત. પીવું - પીવડાવવું

૧) ખાવું ૨) ગાવું ૩) લેવું ૪) દેવું ૫) જોવું

**સ. ૩ નીચેના શબ્દોનો વાક્યમાં ઉપયોગ કરો.**

૧) અફસોસ ૨) દરકાર ૩) ચોતરફ ૪) વસંત

૫) ચાંદની ૬) સ્વર ૭) ઓઝલ ૮) ખોળો

**સ. ૪ શબ્દકોશનો ઉપયોગ કરીને નીચેના શબ્દોના એક કરતાં વધારે પર્યાય વાચી શબ્દો લખો.**

દા. ત. રાત - રાત્રિ, રજની, નિશા, વિભાવરી, યામિની

૧) વૃક્ષ ૨) ધરા ૩) પાણી ૪) પવન ૫) સ્વર

**સ. ૫ 'આપણું ઘર બનાવવા પંખીઓનાં ઘર ન તોડાય' આ વિષય ઉપર વર્ગમાં સંવાદ રજૂ કરો.**

**સ. ૬ યોગ્ય વિકલ્પ શોધી પંક્તિ પૂર્ણ કરો.**

૧) સવારે બંધ વર્ષાને જુઓ ......

ક) તડકાય છે વૃક્ષો ખ) છલકાય છે વૃક્ષો

ગ) મલકાય છે વૃક્ષો

૨) તું જ્યાં પણ હોય ..............

ક) તારી એક તરફ થઈ જાય છે વૃક્ષો ખ) તારી ચોતરફ દેખાય છે વૃક્ષો

ગ) તારી અંદર ઊગી જાય છે વૃક્ષો

૩) તરત મારી નજર સામેથી .............
    ક) પસાર થાય છે વૃક્ષો    ખ) દોડી જાય છે વૃક્ષો
    ગ) ઓઝલ થાય છે વૃક્ષો

**સ. ૭ નીચેના અર્થ દર્શાવતી કાવ્યપંક્તિ લખો.**

૧) વૃક્ષોના કપાવાથી ધરતીને સહન કરવું પડે છે.
૨) થોડું સીંચન કરી ઉછેરેલાં વૃક્ષો આપણા પર અનેક ઉપકારો કરે છે.
૩) વિશાળ કદ ધરાવતાં વૃક્ષો પૃથ્વીના ખોળામાં બીજરૂપે સમાઈ જાય છે.

**સ. ૮ સમજીને લખીએ.**

૧) વૃક્ષોને પાણી પીવડાવનાર ............................
૨) વસંતોનો પર્યાય ............................
૩) વૃક્ષોને ધોનાર ............................
૪) વૃક્ષોનું કદ ............................

**સ. ૯ કાવ્યના આધારે વૃક્ષોના સંદર્ભે જવાબ લખો.**

૧) વરસતાં વાદળે - ................. ૨) આછા સ્વરે - .................
૩) સૂરજના તાપે - ................. ૪) પૃથ્વીના ખોળે - .................
૫) આખું જીવન - ................. ૬) નજર સામેથી - .................

(સંભળાય, ધોવાય, આશરાઓ પાય, ઓઝલ થાય, સમાય, તડકાય)

**સ. ૧૦ 'શહેરમાંથી ઓછાં થતાં જતાં વૃક્ષો' વિષય ઉપર પથી ૭ વાક્યો લખો.**

## ♦ પ્રકલ્પ ♦

♦ આસપાસથી ઉપલબ્ધ પાંદડાં ભેગાં કરી સુંદર કોલાજવર્ક કરી આકર્ષક કૃતિ તૈયાર કરો.

## હું વાંચું .... તમે પણ વાંચો

આ વૃક્ષ તણો સંદેશો
જીવનમાં ઉતારી લેજો
ઝીલીને તાપ જગતના
છાંયો બીજાને દેજો ! .......... આ વૃક્ષ
    નિજનું ના કોઈ પરાયું
    શીતળ થઈ વૃક્ષ છવાયું
    મારું મારું છોડીને .....
    જગ બાગ સજાવી દેજો ! ..... આ વૃક્ષ
ડાળી જો રખે કપાશે
ફરી ઉદાર થઈ કોળાશે
દ્વેષોને દફનાવીને
ઘા ઉદાર થઈને સહેજો ...... આ વૃક્ષ


## ♦ અધ્યાપન સંકેત ♦

શરૂઆતમાં આપેલી સૂચના મુજબ કાવ્યનું સમૂહમાં ગાન કરાવ્યા પછી પ્રસ્તુત કાવ્ય જે ગઝલ છે તે શીખવા વિદ્યાર્થીઓને તત્પર કરવા. પ્રસ્તુત કવિતાને ગઝલના સ્વરૂપે પ્રથમ વાર જ પરિચય કરાવવાનો હોવાથી દરેકે દરેક લીટીને સરળ ભાષામાં સમજાવવી. આપેલા સ્વાધ્યાયોને ધ્યાનમાં રાખીને જરૂરી માહિતી કાવ્ય સમજાવતી વખતે અવશ્ય આપવી.

કાવ્યમાં આવતા શબ્દોના એક કરતાં વધારે સમાનાર્થી શબ્દો જરૂર આપવા. તે શોધવા માટે શબ્દકોશ વિશે વિસ્તૃત સમજ આપી તેનો ઉપયોગ કરવા માટેની પ્રેરણા આપવી. વૃક્ષોના મહત્ત્વ વિશે સામૂહિક ચર્ચા કરવી. તેના ફાયદાઓ જણાવવા. તેનો નાશ થવાથી ઊભા થનારા સંકટથી અવગત કરવા. વૃક્ષારોપણ માટે પ્રેરણા આપવી.

**જો ચાહો જગતમાં અમન, તો કરો વૃક્ષદેવતાને નમન**


એકબીજાની મદદ કરીએ,
જીવન આસાન બનાવીએ.



ઉપરનું ચિત્ર જોઈ તમારાં મિત્રો કે ઘરનાં સદસ્યોને તેમાંની વાર્તા કહો.

# ૧૦. સાદું જીવન

♦ ચાલો, વાતો કરીએ.



માણસની જરૂરિયાત જેટલી ઓછી એટલી તેની સ્વતંત્રતા વધારે. અને જેટલું ટેન્શન ઓછું એટલી નિરાંત વધારે અને સુખ વધારે.

પરંતુ જરૂરિયાત બાબતમાં મર્યાદા નક્કી કરવાનું બહુ અઘરું છે, કારણ કે બધા માટે તે એકસરખી હોઈ શકતી નથી. આપણે ત્યાં મોટરકાર મોટપ અને લક્ઝરી ગણાય છે, જ્યારે ઈંગ્લેન્ડ-અમેરિકા જેવા દેશોમાં તે સામાન્ય મજૂર કે ક્લાર્ક માટે પણ જરૂરિયાતની વસ્તુ ગણાય છે. સ્થળ અને કાળમુજબ જરૂરિયાતની વ્યાખ્યા ભિન્ન-ભિન્ન થશે, એ જ રીતે દરેક વ્યક્તિ પ્રમાણે પણ તે ફરતી રહેશે. તેથી પોતાની જરૂરિયાત માટેની સાચી મર્યાદા વ્યક્તિ પોતે જ નક્કી કરી શકશે. અને જેટલા પ્રમાણમાં તે તેને ઓછી કરી શકશે તેટલા પ્રમાણમાં તેને પોતાને જ લાભ થશે.

થૉરોએ સુખી જીવન જીવવા માટે કહ્યું છે કે જીવનને બને એટલું સાદું બનાવો. એમાંથી આંટીઘૂંટી, ચાલાકી, છળકપટ, છેતરપિંડી દૂર કરો. રહેણીકરણી, વર્તણૂક, વ્યવહાર શક્ય એટલાં સરળ બનાવો. આધુનિક માનવી માટે રોટી કમાવાની વાત જ એટલી અટપટી બની ગઈ છે, કે જીવનના બીજા મહત્ત્વના પ્રશ્નો વિશે તે ભાગ્યે જ વિચારી શકે છે. તેની મોટા ભાગની શક્તિ પૈસા કમાવામાં વેડફાઈ જાય છે. પરિણામે આપણા યુગમાં સેંકડો અને હજારો લખપતિઓ હોવા છતાં સૉક્રેટિસ કે એરિસ્ટોટલ ભાગ્યે જ એકાદ પેદા થાય છે. આઈન્સ્ટાઈન જેવી કોઈ વિભૂતિ જન્મે છે, પણ એ લખપતિઓમાંથી જન્મતી નથી. આવી વ્યક્તિઓ પોતાને જેની જરૂર ન હોય એવી વસ્તુ સ્વીકારવાનો ઈન્કાર કરતી હોય છે અને બિનજરૂરી ચીજો પાછળ કે પ્રશ્નો પાછળ પોતાની જિંદગી બરબાદ કરતી નથી. ત્યાગ કે સાદગી અંદરની ચીજ છે. તેનો દેખાવ કરનારા પોતાની જાતને ઠગે છે.

આજનો માણસ પોતાની જિંદગીનો મોટો ભાગ બિનજરૂરી વસ્તુઓ ભેગી કરવામાં વેડફી નાખે છે. પોતાને શાની જરૂર છે તેની ખબર તેને ક્યારેય પડતી નથી. માણસની પાયાની જરૂરિયાતો રોટી, કપડાં, મકાનનો વિચાર કરીએ.

ખાવાની વાત આવે છે ત્યાં મોટાભાગે પોતાને અનુકૂળ હોય એ ખાવાના બદલે બીજા લોકો-પોતાનાથી ચડિયાતા લોકો જે ખાતા હોય છે તે ખાવાની કોશિશ માણસ કરે છે. પોતાને ન ફાવતું હોય તો પણ ડાઈનિંગ ટેબલ કે ફ્રિજ વસાવે છે.

કપડાંની બાબતમાં પણ બીજા માણસનો જ વિચાર માણસ કરે છે. હું જે પહેરું છું તે બીજાને કેવું લાગશે ? મારા વિશે બીજા માણસો શું ધારશે ? એવા પ્રશ્નો તેને સતાવ્યા કરે છે. સારા ઘરની સ્ત્રીઓ ઉનાળામાં સિન્થેટિક યાર્નનાં કપડાં પહેરે છે અને ઘણીવાર ચામડીના અવનવા રોગોનો ભોગ બને છે. અંગ્રેજો અહીંથી ગયા પણ વારસામાં એમના ઠંડા પ્રદેશનો પોશાક આપણને આપતા ગયા. ઉનાળાના ગરમ દિવસોમાં પણ કોટ, પેન્ટ, ટાઈ અને નાઈલોનનાં મોજાંની ગંદી વાસ આપણે છોડી શકતા નથી.

મકાનની વાત પણ એવી જ વિચિત્ર છે. દરેક વ્યક્તિનો સ્વભાવ ભિન્ન હોય છે એ જ રીતે તેની રહેવાની રીત પણ ભિન્ન હોય છે. છતાં માણસ પોતાને અનુકૂળ હોય એવું મકાન બાંધવાને બદલે પોતાના પાડોશી કે સગાં કરતાં વધારે સારું મકાન બાંધવાની કોશિશ કરે છે. મકાન બંધાવ્યા પછી તેને સજાવેલું રાખવા માટે જિંદગીના બાકીના દિવસો માણસ વેડફી નાખે છે.

થોડાં વરસ પહેલાં એક સમાચાર વાંચ્યા હતા. ગાંધી વિચારસરણીથી પ્રભાવિત થયેલ બ્રિટિશ આર્કિટેક્ટ લૉરી બૅકરે સુંદર અને ટકાઉ મકાનો કેટલી સસ્તી રીતે બનાવી શકાય તે ત્રિવેન્દ્રમમાં બતાવ્યું હતું. નાળિયેરીનાં થડ અને રેસા - પથ્થર, ચૂનો, નળિયાં, ઈંટો અને અન્ય સ્થાનિક સામગ્રીમાંથી તૈયાર કરવામાં આવેલ ત્રેવીસ ચોરસ મીટરના ક્ષેત્રફળના મકાનની કિંમત માત્ર દોઢેક હજાર રૂપિયા જ થતી હોય છે. તેમાં રહેવાના ઓરડા ઉપરાંત રસોડું, જાજરૂ, સ્ટોરરૂમ જેવી સગવડો પણ હોય છે.

પંદરેક હજાર રૂપિયામાં તો લગભગ એક હજાર ચોરસમીટર જેવડું મોટું મકાન બનાવી શકાય છે. તેમાં ચાર બેડરૂમ, ત્રણ બાથરૂમ, એક બેઠકખંડ, રસોડું વગેરે આવી શકે છે. આજે કદાચ આ કિંમતમાં વધારો થયો હશે.

પરંતુ માણસ સગવડવાળું મકાન ઇચ્છતો નથી, તેના પોતાના પાડોશી કરતાં કે સગાં કરતાં વધારે ભપકાદાર મકાન ઇચ્છે છે. અને એ જ એની બેચેની અને દુઃખનું મૂળ કારણ છે.

ગાંધીઆશ્રમ જોઈને કોઈને પણ નવાઈ લાગે, કે આવા સ્થળે આવી સ્થિતિમાં રહીને ભારતનો પરમપુરુષ દેશના અને દુનિયાના રાજકારણમાં કઈ રીતે સક્રિય રહી શકતો હશે ? આજે એવી સ્થિતિમાં રહીને એક સામાન્ય ઑફિસર એક સામાન્ય ઑફિસ ચલાવવાનું પણ ભાગ્યે જ પસંદ કરશે. ગાંધી ગયા અને ગાંધીવાદીઓએ ગાંધીની સાદગીનું ખોળિયું ઓઢી રાખ્યું પણ અંદર ઇચ્છાઓ સળવળતી રહી, પરિણામે સાદગીના દંભનો જન્મ થયો.

સાદગીની વાત બહુ સૂક્ષ્મ છે. તે એક વ્યક્તિગત વાત છે. તેના માટે કોઈ સર્વસામાન્ય નિયમ બનાવી શકાય તેમ નથી. ગાંધી માટે જે શક્ય હોય એ બીજા માટે શક્ય ન પણ હોય. અને સાદગી એ તો ભાર ઓછો કરવાની વાત છે. દરેકે પોતે તે ઓછો કરવો પડે છે. માત્ર સાદાઈના અંચળા નીચે એ ભાર ઢાંકી દેવાથી કશો ફેર પડી શકતો નથી. જે માણસ પોતાની ઇચ્છાઓ કરતાં થોડું ઓછું સ્વીકારે છે તે સાચા અર્થમાં સાદી, સરળ, સુખી જિંદગી વિતાવી શકે છે. તેને દંભ કરવાની જરૂર પડતી નથી.

– મોહમ્મદ માંકડ

# ♦ સ્વાધ્યાય ♦

**સ.૧ નીચેના શબ્દો માટે પાઠમાં વપરાયેલા શબ્દ શોધો.**

| | | | |
|---|---|---|---|
| ૧) સીમા | - ...................... | ૨) સમય | - ...................... |
| ૩) મૂળભૂત | - ...................... | ૪) ચતુરાઈ | - ...................... |
| ૫) તાકાત | - ...................... | ૬) દેખાડો | - ...................... |
| ૭) ફાયદો | - ...................... | ૮) આઝાદી | - ...................... |

**સ.૨ અર્થ ન બદલાય તે રીતે વાક્યોને બદલો.**

૧) પ્રતિકૂળ સંજોગોમાં હાર ન માને તે જ શૂરવીર.

૨) ભૂલનો સ્વીકાર કરવો એ નિખાલસતા છે.

૩) સત્કર્મથી હંમેશાં લાભ થાય.

૪) પર્યટનમાં જવાની મારી ઇચ્છા હતી.

**સ.૩ નમૂના પ્રમાણે શબ્દ બનાવો.**

| | |
|---|---|
| અ) ભપકો - ભપકાદાર | બ) જરૂરી - બિનજરૂરી |
| ૧) મોભો - | ૧) અનુભવી - |
| ૨) ઈમાન - | ૨) ઉપજાઉ - |
| ૩) અણી - | ૩) સરકારી - |
| ૪) પાણી - | ૪) ઉપયોગી - |

**સ.૪ પાઠમાં આવતી મહાન વ્યક્તિઓનાં નામ લખો.**

**સ.૫ તમારા ઘરમાં જે જે રાચરચીલું છે. તેનાં નામ લખી તે જરૂરી છે કે બિનજરૂરી તે તેની સામે લખો.**

**સ.૬ 'સાદું જીવન - વૈભવી જીવન' આ વિષય ઉપર વર્ગમાં બે જૂથ બનાવી બંને જૂથ પોતપોતાના વિચારો જણાવી વાદ-વિવાદ કરો.**

**સ.૭ ચાલો લખીએ.**

૧) માણસની પાયાની જરૂરિયાતો.

૨) થૉરોના મતે જીવનમાંથી દૂર કરવાની બાબતો

૩) વચ્ચેની ખાલી જગ્યામાં પાઠના આધારે યોગ્ય શબ્દ લખો.

| | | |
|---|---|---|
| જરૂરિયાત ઓછી | ———— | વધારે |
| ઓછું | ———— | નિરાંત વધારે |

૪) લૉરી બૅકરે ઘર બનાવવા માટે વાપરેલી સામગ્રી

૫) માણસ પોતાની ઇચ્છા કરતાં ઓછું સ્વીકારે તો આવી જિંદગી વિતાવી શકે.

### સ. ૮ યોગ્ય વિકલ્પ પસંદ કરી વિધાન પૂર્ણ કરો.

૧) આપણે ત્યાં મોટરકાર ..................
ક) મોટપ અને લકઝરી ગણાય છે. ખ) જીવન જરૂરિયાતનું સાધન ગણાય છે.
ગ) ઘેરઘેર વપરાતું સાધન ગણાય છે.

૨) પોતાને ન ફાવતું હોય તો પણ ડાઈનિંગ ..........
ક) ટેબલ અને કપ-રકાબી ખરીદે છે. ખ) ટેબલ અને પ્લેટ વસાવે છે.
ગ) ટેબલ કે ફ્રિજ વસાવે છે.

૩) કપડાંની બાબતમાં પણ ................
ક) પોતાના માણસનો જ વિચાર કરે છે. ખ) બીજા માણસોનો જ વિચાર કરે છે.
ગ) માત્ર પોતાનો જ વિચાર થાય છે.

૪) અંગ્રેજો અહીંથી ગયા પણ વારસામાં ...............
ક) ઠંડા પ્રદેશનો પોશાક આપણને આપતા ગયા.
ખ) એમના પ્રદેશનો ખોરાક આપતા ગયા. ગ) એમના વિચારો આપતા ગયા.

### સ. ૯ આડાઅવળા શબ્દોને યોગ્ય ક્રમમાં ગોઠવી અર્થપૂર્ણ વાક્ય બનાવો.

૧) માણસની સ્વતંત્રતા જરૂરિયાત એટલી ઓછી જેટલી વધારે.
૨) ભિન્ન સ્થળ અને મુજબ જરૂરિયાતની થશે ભિન્ન વ્યાખ્યા.
૩) તેની શક્તિ કમાવામાં પૈસા વેડફાઈ મોટા જાય ભાગની છે.
૪) ત્યાગ અંદરની સાદગી કે છે ચીજ.
૫) વાત એવી પણ વિચિત્ર જ મકાનની છે.

### સ. ૧૦ કોણ ?

૧) જીવનને બને એટલું સાદું બનાવો એમ કહેનાર ............
૨) સુંદર અને ટકાઉ મકાનને સસ્તી રીતે બનાવનાર ...........
૩) ગાંધીની સાદગીનું ખોળિયું ઓઢી રાખનાર ...................

સ. ૧૧ 'સાદું જીવન ઉચ્ચ વિચાર' વિષય ઉપર ૮થી ૧૦ વાક્યો તમારા શબ્દોમાં લખો.

## ♦ પ્રકલ્પ ♦

- મહાત્મા ગાંધીજી, વિનોબા ભાવે, સરદાર પટેલ, રવીન્દ્રનાથ ટાગોર, સંત મધર ટેરેસાના ફોટા લગાડી તેમની નીચે બે-ચાર લીટીઓમાં તેમના વિચારો લખી ભીંતપત્રકો બનાવો.

## હું વાંચું .... તમે પણ વાંચો

### રત્નકણિકા

- પ્રકૃતિની ગોદમાં જવા માટે પ્રથમ પગલું છે સાદાઈ.
- સ્વાવલંબન અને સાદગીના ગુણો માણસને સફળતાના શિખરે પહોંચાડે છે.
- સાદગી મનને સ્વસ્થ રાખવામાં મદદરૂપ થાય છે.
- સંતોષ કુદરતી દોલત છે જ્યારે ઐશ્વર્ય કૃત્રિમ ગરીબી છે.
- આપણી સંસ્કૃતિનો આધાર સાદાઈ અને ત્યાગ પર રહેલો છે. તેથી જ આપણી સંસ્કૃતિ આપણને સંપૂર્ણ સહિષ્ણુતા શીખવવા સક્ષમ છે.
- સત્યની શક્તિ અને સૌંદર્ય સાદાઈમાં છે.
- સાદું જીવન ઉચ્ચ-વિચાર એ જ જીવનનો મહામંત્ર.
- સંતોષી વ્યક્તિ સાદગીનું મહત્ત્વ સમજે છે.
- સાદાઈ એ સદ્‌વૃત્તિ છે. સદ્‌વૃત્તિ એટલે સારી વૃત્તિ. વૃત્તિ એટલે મનનું વલણ.

## ♦ અધ્યાપન સંકેત ♦

શરૂઆતમાં આપણા જીવનની મુખ્ય જરૂરિયાતો વિશે વાત કરી આવશ્યક અને અનાવશ્યક બાબતો વચ્ચેનો તફાવત સમજાવવાનો પ્રયત્ન કરવો. એ રીતે હેતુકથન સ્પષ્ટ કરી વિદ્યાર્થીઓને વિષયાભિમુખ કરવા.

લઘુપ્રશ્નોની સહાયથી પાઠનો ક્રમિક વિકાસ સાધવો. સાદાઈનું મહત્ત્વ સમજાવવું. આપણને સફળતા મેળવવા સાદાઈ કેટલી જરૂરી છે તે સમજાવવા સાદાઈ અપનાવનાર આપણા મહાન પુરુષોને યાદ કરાવવા. તેમનાં ઉદાહરણ ઉપરથી બાળકોને પ્રેરણા આપવી.

'ભૌતિક સમૃદ્ધિ' કરતાં 'આંતરિક સમૃદ્ધિ'નું મહત્ત્વ અનેકગણું મૂલ્યવાન છે.

**ભૌતિક સમૃદ્ધિનો અતિરેક - ઉપાધિઓ કરાવે અનેક**

## ♦ કૃદંત ♦

**નીચેનાં વાક્યો વાંચો.**

૧) પુલ પર ચાલતું માણસ નજીક આવે ત્યારે દેખાતું.

૨) તેઓ નાનપણમાં સાથે રમેલા.

૩) તેણે પ્રશ્ન પૂછવાનું ટાળ્યું.

૪) આવનાર ભાઈ તમારા કાકાના દીકરા હતા.

૫) શેઠ પાછા આવી નિરાંતે બેઠા.

ઉપરનાં વાક્યોમાં રેખાંકિત કરેલા શબ્દો ધ્યાનમાં રાખીને વિચારો.

કોઈમાં તે ક્રિયાપદ તરીકે છે. તો કોઈમાં સંજ્ઞા તરીકે.

કોઈમાં વિશેષણ તરીકે છે તો કોઈમાં ક્રિયાવિશેષણ તરીકે પણ છે.

- **યાદ રાખો :** ૧) કૃદંત ક્રિયાપદ તરીકે આવી શકે.

  ૨) ક્રિયાપદને જેમ કર્તા અને કર્મ હોય તેમ કૃદંતને પણ કર્તા અને કર્મ હોઈ શકે.

  ૩) કૃદંત સંજ્ઞા અને વિશેષણરૂપે આવી શકે.

  ૪) કૃદંત ક્રિયાવિશેષણ રૂપે હોઈ શકે.

- **કવિતામાં યાદ રાખો.**

  કૃદંતોની અજબ લીલા ક્રિયાપદ જેમ વર્તે તે,
  કૃદંતો તો ક્રિયાપદ જેમ કર્તા કર્મ ધારે છે.
  વળી સંજ્ઞા, વિશેષણનાં સ્વરૂપો લઈ ભમે છે તે,
  ક્રિયાની વૃદ્ધિ કરવાને કદી આવી ચડે છે તે.

**૧) વર્તમાન કૃદંત - 'ત' પ્રત્યય**

♦ ક્રિયાપદ તરીકે - જ્યારે સુખ આવતું ત્યારે મન નાચતું.

સંજ્ઞા તરીકે - ગમતાંનો કરીએ ગુલાલ

વિશેષણ તરીકે - તને ગમતાં બધાં કાર્યો હું કરું.

ક્રિયાવિશેષણ તરીકે - નમન કરતાં હું માંગું છું, મને સદ્‌બુદ્ધિ એવી દે.

**૨)ભૂત કૃદંત - 'ય', 'યેલ', 'એલ' પ્રત્યય**

ક્રિયાપદ તરીકે - આવ્યા, હસ્યા, નાચ્યા, રમ્યા, રડ્યા

સંજ્ઞા તરીકે - 'ગયેલું યાદ લાવીને ઉપાધિમાં પડો શાને ?
ગયું પાછું નહિ આવે નહિ આ વાત શું માને ?'

વિશેષણ તરીકે - 'ભેગાં થયેલાં વિત્તને ત્યાગી જવું કોને ગમે ?
લે સાથમાં એ પોટલાં ના કોણ પાડે છે તને ?'

ક્રિયાવિશેષણ તરીકે - પડ્યા પડ્યા પલંગમાં સરી વિચાર નીંદમાં
બન્યો વિચાર મૂર્ત ને છબી મળી છે સ્વપ્નમાં

**૩) ભવિષ્ય કૃદંત - 'નાર' પ્રત્યય**

ક્રિયાપદ તરીકે - આવનાર હતો એવું માનીને જાગતી રહી,
પ્રભાતે બંસરી વાગી કોઈ ક્યાંય હતું નહીં

સંજ્ઞા તરીકે - 'ભલે શસ્ત્રો ગ્રહી હાથે અહીં લડનાર આવે છે,
વિધિની વક્રતા કેવી નમન કરનાર ફાવે છે.

વિશેષણ તરીકે - રડનારા રફિકોને કહું છું આવવાનો છું.
લડનારા વિરોધીને કહું, ના ભૂલવાનો છું.

ક્રિયાવિશેષણ તરીકે - ભવિષ્યકૃદંત આવતું નથી.

**૪) સંબંધક ભૂતકૃદંત - 'ઈ' કે 'ઈને' પ્રત્યય**

સંબંધક ભૂતકૃદંતો માત્ર ક્રિયાવિશેષણો હોય છે. તે ક્રિયાપદ, સંજ્ઞા કે વિશેષણ તરીકે આવી શકે નહિ.

આવી, હસી, નાચી, રમી અંતે બધા ચાલી ગયા.
આવી કહે કે આવીને તોયે પડે છે ફેર ના
'ઈ'ને અને ઈ પ્રત્યયો સંબંધકોના ઓળખો.
રાખો સમજ તો એટલી એ છે ક્રિયાવિશેષણો.

**૫) વિધ્યર્થ કૃદંત - 'વું' કે 'વાનું' પ્રત્યય**

ક્રિયાપદ તરીકે - ન બીવું કોઈથી ભાઈ.

સંજ્ઞા તરીકે - મારા જવાથી આ જગતનો ભાર શું ઘટશે ?
ને આવવાથી વિશ્વ કેરો ભાર શું વધશે ?

વિશેષણ કે ક્રિયાવિશેષણ તરીકે વિધ્યર્થ કૃદંત આવતું નથી.

## ♦ સ્વાધ્યાય ♦

**સ. ૧ કૃદંતના પ્રકારોનું વર્ગીકરણ કરો.:** રમાડતો, આવેલ, જનાર, લખવી, ખાઈને, વગાડનાર, ફરતો, વાંચવાની, બતાવેલું, મળીને, ખેલનારા, જોઈને.

**સ. ૨ નીચેનાં વાક્યોમાંથી કૃદંત શોધી તેની નીચે લીટી દોરો. તેનો પ્રકાર જણાવો.**

૧) મોરને નાચતો જોઈને મને આનંદ થતો.

૨) ગુફામાં જનારનાં પગલાં દેખાય છે પાછાં આવનારનાં નહિ.

૩) તમારે જે લખવું હોય તે લખો. ૪) આજે મહેમાનો આવવાના છે.


૫) તળેલી પૂરીઓ કાચી છે. ૬) તમારે ક્યાં જવાનું છે ?

૭) બચાવેલા પૈસા ભવિષ્યમાં કામમાં આવશે.

૮) સરકસમાં જોકર બધાંને હસાવતો, મજા કરાવતો.


૯) ગરીબોને મદદ કરનાર કોઈક તો હોય જ છે. ૧૦)બાગમાં બેસવાના બાંકડા ઘણા છે.

### ચિત્રવાર્તા



# ૧૧. ઘડતર

♦ ચાલો વાંચીએ.




**વિદ્યા વિનયથી શોભે છે**
**વસુધૈવ કુટુંબકમ્**
**શિક્ષણ ક્ષેત્રની પ્રગતિ એ દેશની ઉન્નતિ**
**ચારિત્ર્ય એ ઉત્તમ ઘરેણું છે.**
**સત્ય એ જ પરમેશ્વર**

જવાને શાળામાં મન થનગને મોર થઈને ;
જતા નિત્યે પ્રીતે દફ્તર ભરી સજ્જ થઈને ;
મળેલા સંસ્કારો સભર ભરી માનીય મમતા ;
ઉમેરાતાં એમાં નિતનિત નવાં ભાવ – ક્ષમતા.
ભણી નોખા-નોખા વિષય મળતી દષ્ટિ નવલી ;
અને યોગે-ધ્યાને કસરત કરી, કાય કસવી.
પછી ચિત્તે હૈયે મન પર પડી, ભાત ઉમદા ;
ખરે વિદ્યા સોહે વિનયભર વ્યવહાર કરતાં !
વિવેક આનંદે સમરસ થશે જીવન-લીલા ;
સમાજે ચીંધેલા નિયમ, ભરવાં મૂલ્ય નવલાં.
ભૂંસાયા ભેદો સૌ હૃદય જગબંધુત્વ ભજશું ;
પશુ, પંખી વૃક્ષો સહુય-સહ-અસ્તિત્વ રચશું.
ઉછેર્યાં મા બાપે પણ અવર,
તું, તીર્થ વરદા ;
ટકી રહે તારી માં !
ઘડતરપ્રથા, મંગલકથા !

– પ્રતાપસિંહ હ. રાઠોડ

## ♦ સ્વાધ્યાય ♦

**સ. ૧ નીચેના શબ્દો માટે કાવ્યમાં વપરાયેલા શબ્દ શોધો.**

૧) હંમેશાં - ...................... ૨) નજર - ......................

૩) આચરણ - ...................... ૪) વ્યાયામ - ......................

૫) શ્રેષ્ઠ - ...................... ૬) ઝાડ - ......................

૭) માવતર - ...................... ૮) હયાતી - ......................

**સ. ૨ કાવ્યમાંથી પ્રાસયુક્ત શબ્દ શોધીને લખો.**

**સ. ૩ 'તર' પ્રત્યય લગાવી ભાવવાચક નામ બનાવો પછી તેનો વાક્યમાં ઉપયોગ કરો.**

દા.ત. ઘડવું - ઘડતર

જીવનમાં ભણતરની જેમ ઘડતરની પણ આવશ્યકતા છે.

૧) ચણવું - ૨) ભણવું -

૩) કળવું - ૪) નડવું -

૫) જડવું - ૬) ગળવું -

**સ. ૪ ઉદાહરણ પ્રમાણે કૃદંત બનાવો. (અ) દા.ત. થવું - થઈને**

૧) જવું - ૨) પૂછવું -

૩) લખવું - ૪) જોવું -

(બ) આપેલા ક્રિયાપદના કૃદંત અને વિશેષણનું રૂપ લખો.

દા.ત. ચીંધવું - ચીંધેલું - ચીંધેલા નિયમ
(ક્રિયાપદ) (કૃદંત) (વિશેષણ)

૧) સાંભળવું - ૨) વાંચવું -

૩) રચવું - ૪) ભજવું -

**સ. ૫ જોડણી સુધારો.**

૧) સંસકાર ૨) વયવહાર ૩) બનધુતવ

૪) અંધસરધા ૫) સૌંનદરય ૬) આત્મવિસ્વાસ

**સ. ૬ આપેલા શબ્દના અક્ષરોમાંથી અનેક શબ્દો બનાવો.**

૧) નાગદમન ૨) સ્મરણશક્તિ

♦ તમે કરેલાં સારાં કાર્યો વિશે વર્ગમાં કહો. હવે પછી જે કરવાના છો તેના વિશે પણ કહો.

**સ. ૭ યોગ્ય વિકલ્પ શોધી પંક્તિ પૂર્ણ કરો.**

૧) જવાને શાળામાં મન .........

ક) થનગને મોર થઈને

ખ) થનગને દફ્તર લઈને

ગ) મારું કહે રોજ જઈએ.

૨) ઉમેરાતાં એમાં નિતનિત .........

ક) નવાં જ્ઞાન ગમતાં

ખ) નવા ભાવ ક્ષમતા

ગ) નવાં પંખી પશુઓ

૩) ખરે વિદ્યા સોહે .........

ક) નિયમપૂર્વક કામ કરતાં

ખ) નિત્ય દફતર તરફ દષ્ટિ કરતાં

ગ) વિનયભર વ્યવહાર કરતાં

**સ.૮ આકૃતિ પૂર્ણ કરો.**

૧) ← જીવનલીલા સમરસ થવા જરૂરી →

૨) ← સહ અસ્તિત્વ રચનાર → ↓

૩) ← કાયા કસવા માટે આ કરવું પડે → ↓

**સ. ૯ વાક્યો વાંચો અને કૌંસમાં આપેલા શબ્દનો ઉપયોગ કરી પ્રશ્ન બનાવો.**

૧) પશુ, પંખી અને વૃક્ષો સાથે સહ અસ્તિત્વ રચશું. (કોની)

૨) શાળામાં જવા માટે મન થનગને છે. (ક્યાં?)

૩) યોગ, ધ્યાન અને કસરતથી કાયા કસાય છે ? (શું?)

૪) જુદાજુદા વિષયો ભણવાથી નવી દષ્ટિ પ્રાપ્ત થાય છે. (કેવી?)

૫) શાળા એ બીજું તીર્થ છે ? (કોણ?)

**સ.૧૦ નીચેનાં વાક્યોને ભવિષ્યકાળમાં ફેરવો :**

**ઉદા. યોગ, ધ્યાન અને કસરતથી કાયા કસાય છે.**

**જવાબ : યોગ, ધ્યાન અને કસરતથી કાયા કસાશે.**

૧) શ્રદ્ધાળુઓ ભગવાનને ભજે છે.

૨) અમે બાળકોનું ઘડતર કરીએ છીએ.

૩) તમે વિનયથી બોલો છો.

૪) શાળામાં મન મોરની જેમ થનગને છે.

♦ તમારી શાળામાં થતી જુદીજુદી પ્રવૃત્તિઓ જણાવતો અહેવાલ લખો.

## ♦ પ્રકલ્પ ♦

♦ તમારા શિક્ષકે તમને આપેલી ચિઠ્ઠીમાં જેનું નામ છે. તેના સારા ગુણો તમને આપેલા કાગળમાં લખો અને તે મિત્રની પીઠ ઉપર ચોંટાડો. દરેક બાળકનું આ કાર્ય થઈ ગયા પછી દરેક બાળક આગળ આવી ઊંધા ઊભા રહેશે અને તેના ગુણોનું વાંચન વર્ગના બધા વિદ્યાર્થીઓ સમૂહમાં કરશે. છેલ્લે દરેક વિદ્યાર્થી પોતાની પીઠ ઉપર લખેલા પોતાના ગુણની ચિઠ્ઠી કાઢીને પોતાની પ્રોજેક્ટ બુકમાં ચોંટાડશે.

## હું વાંચું .... તમે પણ વાંચો

### આપણે ભરોસે

આપણે ભરોસે આપણે હાલીએ,
હો ભેરુ મારા, આપણે ભરોસે આપણે હાલીએ...
બળને બાહુમાં ભરી, હૈયામાં હામ ધરી,
સાગર મોઝારે ઝુકાવીએ ;
આપણા વહાણનાં સઢ ને સુકાનને
આપણે જ હાથે સંભાળીએ.
કોણ રે ડુબાડે વળી કોણ રે ઉગારે,
કોણ લઈ જાય સામે પાર ?
એનો કરવૈયો કો' આપણી બહાર નહીં,
આપણે જ આપણે છઈએ.
હો ભેરુ મારા, આપણે ભરોસે આપણે હાલીએ.

– પ્રહ્લાદ પારેખ

## ♦ અધ્યાપન સંકેત ♦

શરૂઆતમાં આપેલા સુવિચારોનું વાંચન કરાવ્યા પછી આવા સુવિચારોમાં છુપાયેલાં મૂલ્યો બાબત સક્રિય ચર્ચા કરવી. સદ્‌ગુણો ખીલવે તેવા નાના નાના પ્રસંગો અને વાર્તા કહેવા અને સુભાષિતોને સમૂહમાં ગવડાવવાં. બાળકોને પ્રશ્નો પૂછી જુદાજુદા સંસ્કારમૂલ્યોના નામની યાદી બનાવરાવી કાળા પાટિયાં ઉપર નોંધવી. ત્યારપછી દરેક મૂલ્ય વિશે વિદ્યાર્થીઓના મંતવ્ય જાણવા. તેના જતન અને સંવર્ધન કરવા પ્રેરણા આપવી.

સ્વાધ્યાયોને ધ્યાનમાં રાખી જરૂરી જ્ઞાન અને જવાબ લખવાની સમજ આપવી. ભણતરથી જેમ શિક્ષિત થવાય તેમ ઘડતરથી દીક્ષિત થવાય તે સ્પષ્ટ કરી નાના નાના પ્રશ્નો દ્વારા કાવ્યનો ક્રમિક વિકાસ સાધવો.

**જે સત્ય બતાવે અને એનો અમલ પણ કરાવે તે જ સાચું શિક્ષણ.**

# ૧૨. પાંચ ચમચી મીઠું

♦ ચાલો હસીએ.



રવિવારનો દિવસ હતો. બજાર ભરાવાની હતી. ઘર માટે જરૂરી ચીજો લાવવાની હતી. ઘરના સાતેય બાળકોને બજાર જોવા જવાની ઇચ્છા પણ હતી. તેથી દાદીએ દાદાને કહ્યું કે, ‘‘તમે છોકરાંઓને લઈ જાઓ.’’ દાદાને થયું કે આવી ભીડભાડવાળી જગ્યામાં હું એકલો બધા બાળકોને કેવી રીતે લઈ જાઉં? દાદીને પણ દાદાની વાત સાચી લાગી. તેથી તેમણે દામુને સાથે લઈ જવાનું સૂચન કર્યું. દાદાને તે સૂચન ગમી ગયું. તેથી દાદા તૈયાર થઈ ગયા. દામુએ બજારમાં ચાલીને જવા કહ્યું ત્યારે સખત તાપમાં બે કિલોમીટર ચાલવાનું બાળકોને કંટાળાજનક લાગ્યું તેથી દામુએ બાળકોને રસ્તામાં સરસ મજાની વાર્તા કહેવાની લાલચ આપી.

વાર્તાનું નામ પડતાં બાળકોનો ઉત્સાહ વધી ગયો અને બધા હોંશેહોંશે બજાર જોવા ચાલી નીકળ્યા. દામુએ વાર્તા કહેવાની શરૂઆત કરી.

એક વખત ગીતાના દાદાએ તેને બૂમ પાડીને બોલાવી અને કહ્યું, ‘‘સવારથી મારું માથું દુઃખે છે. તું મારા માટે દવા લઈ આવીશ?’’

ગીતા દવા લેવા નીકળી ગઈ. રસ્તામાં મીઠાઈની દુકાન જોઈને તેને મીઠાઈ ખાવાનું મન થયું. ત્યાંજ તેની બહેનપણી આવી. ગીતા

ભૂલી ગઈ કે તે દવા લેવા નીકળી છે. બંને બહેનપણીઓએ વાતોના તડાકા માર્યાં, મીઠાઈ ખાધી ત્યાં સાંજ પડી ગઈ અને ગીતા ઘરે આવી. પણ દાદાની દવા લીધા વગર જ ! તેથી દાદાએ ગુસ્સે થઈને તેને કહ્યું કે, ''ગીતા ! તું ક્યારે મોટી થઈશ ?'' ખરેખર ભૂલકણી ગીતા પોતે શા માટે બહાર ગઈ હતી તે જ ભૂલી ગઈ હતી.

ખરેખર ગીતા એવી ને એવી જ ભૂલકણી રહી. પછી તે તાર પરથી કપડાં લેવાનાં હોય કે નાની બહેનને નાસ્તાનો ડબ્બો આપવાનો હોય ! તેણે ગરબડ કરેલી જ હોય. એક વખત તો ઈસ્ત્રી કરતાં તેના પિતાનું ખમીસ બાળી નાખ્યું હતું.

એક વખત શાળાએથી ઘરે આવી તેણે મમ્મીને કહ્યું કે, ''મારા વર્ગના બધાં જ વિદ્યાર્થીઓ શિક્ષક સાથે પ્રવાસે જવાના છે. માટે તું અમારા બધા માટે સંભાર બનાવી આપજે.''

બીજા દિવસે સવારે તેની મમ્મી વહેલી ઊઠીને સંભાર બનાવવા લાગી. દાળ બાફી, તેમાં બધાં શાકભાજી, કોપરું, બધા તેજાના મસાલા નાંખ્યા. થોડીવારમાં સંભારની સુગંધ આવવા માંડી. હજી સુધી સૂતેલી ગીતાને મમ્મીએ ઉઠાડી અને કહ્યું કે, ''હું મંદિરે જાઉં છું, થોડીવાર પછી સંભારમાં પાંચ ચમચી મીઠું નાખી દેજે. જોજે ભૂલી ન જતી હોં ? અને હવે ઊઠ ને જલદી તૈયાર થઈ જા.''

ગીતાની મમ્મી તો મંદિરે જવા નીકળી ગઈ. તેમણે ગીતાને પાંચ ચમચી મીઠું નાંખવાનું કહ્યું હતું તે ઓસરીમાં બેઠેલા ગીતાના દાદાએ, રસોડામાં કામ કરતાં દાદીએ, નિશાળે જવા તૈયાર થતી બહેને, દાતણ કરતાં તેના ભાઈએ તેમ જ કપડાંને ઈસ્ત્રી કરતાં તેના પિતાએ પણ સાંભળી હતી. ઘરનાં બધાંજ ગીતાના ભૂલકણા સ્વભાવથી પરિચિત હતાં.

બધાંને તેના ભૂલકણા સ્વભાવનો પરિચય થઈ ગયો હતો. છતાં બધાં જ ગીતાને ખૂબજ ચાહતાં હતાં. તેથી તેઓએ એમ વિચાર્યું કે, 'ગીતા મીઠું નાંખતા ભૂલી જશે અને મીઠા વગરનો સંભાર ખાઈને તેની બહેનપણીઓ તેને ખીજવશે. એના કરતાં હું જ મીઠું નાંખી દઉં.' આમ ગીતાના દાદી, દાદા, બહેન, ભાઈ અને પિતા બધાએ જ પાંચપાંચ ચમચી મીઠું સંભારમાં નાંખી દીધું. આશ્ચર્ય તો એ વાતનું હતું કે ભૂલકણી ગીતાને સંભારમાં મીઠું નાંખવાની વાત યાદ હતી. તેથી તેણે પણ પાંચ ચમચી મીઠું નાંખ્યું.

તે દરમિયાન તેની મમ્મી પાછી આવી ગઈ. તેમણે એક મોટા વાસણમાં સંભાર ભર્યો અને દીકરીને પ્રવાસે મોકલી. પ્રવાસના સ્થળે છોકરાંઓએ ખૂબ આનંદ કર્યો, રમ્યા, ઘૂમ્યા, મજા કરી. કકડીને ભૂખ લાગતા બધાં જમવા બેઠાં. થાળી પીરસાઈ ગયા પછી બધાંએ જમવાની શરૂઆત કરી. જ્યાં પહેલી ચમચી મોંમાં મૂકી કે 'બાપ રે ! ભયંકર ! ખારું ખારું ઊસ જેવું !' એમ દરેક બોલવા લાગ્યા. ગીતાએ પણ ચાખી જોયો તેને પણ બહુજ વિચિત્ર લાગ્યું. તેને પ્રશ્ન થયો કે આ ગરબડ કેવી રીતે થઈ ?

પ્રવાસેથી ઘરે આવી ગીતાએ બરાડીને પૂછ્યું કે, શું તમારામાંથી કોઈએ મીઠું નાંખ્યું હતું ? દાદી, દાદા, બહેન, ભાઈ, પપ્પા બધાં જ એક સાથે બોલી ઊઠ્યાં કે, 'હા, મેં નાંખ્યું હતું.' ગીતા બહુ દુ:ખી થઈ ગઈ બધાંએ કહ્યું કે, 'તું કદાચ ભૂલી જઈશ એમ સમજીને અમે નાંખ્યું હતું.' ગીતાની આંખમાં આંસુ આવી ગયાં. તેની મમ્મીએ તેના આંસુ લૂછ્યાં અને સમજાવ્યું કે, 'યાદ કરાવ્યા વગર તું કોઈ કામ કરી શકે એવો કોઈને વિશ્વાસ જ નથી. હવે તું વચન આપ કે, 'તું દરેક કામ કાળજીથી કરીશ. તું જવાબદાર બનીશ. પછી અમે બધાં તારા કામમાં વિશ્વાસ રાખીશું.' ગીતાએ માથું હલાવ્યું. હવે તે એક જવાબદાર વ્યક્તિ બની ગઈ.

પછી એક દિવસ તેણે તેના મિત્રોને ઘરે બોલાવી જમાડ્યાં. બધાં તેની મમ્મીના હાથની સ્વાદિષ્ટ રસોઈ જમી ખૂબ ખુશ થયાં.

વાર્તા પૂરી થઈ અને બધાં બજારમાં આવી પહોંચ્યાં. બજારમાં મળતી બધી વસ્તુઓમાંથી કંઈક ખરીદવામાં મશ્ગુલ બની ગયાં. પછી ખૂબજ પ્રસન્ન ચિત્તે ખુશ થતાં થતાં ઘરે પાછાં આવ્યાં.

- સુધા મૂર્તિ

## ♦ સ્વાધ્યાય ♦

**સ. ૧ નીચેના શબ્દો માટે પાઠમાં વપરાયેલા શબ્દો શોધો.**

| | | | |
|---|---|---|---|
| ૧) પ્રલોભન | - ...................... | ૨) ધગશ | - ...................... |
| ૩) ભરોસો | - ...................... | ૪) તલ્લીન | - ...................... |
| ૫) મન | - ...................... | ૬) સુવાસ | - ...................... |
| ૭) મુસાફરી- | ...................... | ૮) નવાઈ | - ...................... |

**સ. ૨ ઉદાહરણ પ્રમાણે શબ્દ બનાવો. દા. ત. કંટાળો - કંટાળાજનક**

૧) દુઃખ  ૨) પીડા  ૩) સંતોષ

૪) આશ્ચર્ય  ૫) અપમાન  ૬) ભય

**સ. ૩ અર્થ બદલ્યા વગર વાક્યને નકારાત્મક બનાવો.**

૧) જવાબદાર શિક્ષક ઉત્તમ શિક્ષણ આપી શકે.

૨) કાર્ય ઉત્સાહથી કરીએ તો દીપી ઊઠે.

૩) આપણે પરિચિતોનો જ વિશ્વાસ કરવો.

૪) પ્રાર્થના કરવાથી મન પ્રસન્ન થાય છે.

**સ. ૪ જોડણી સુધારો.**

૧) સ્વાદીસ્ટ  ૨) વ્યક્તી  ૩) પરીચિત  ૪) આસચરય

**સ. ૫ શબ્દની અંતાક્ષરી પૂરી કરો.**

૧) મશગુલ - લતા - ...... - ..... - ..... - .....

૨) મીઠાઈ - ..... - ..... - ..... - ..... - .....

૩) પ્રવાસ - ..... - ..... - ..... - ..... - .....

૪) શિક્ષક - ..... - ..... - ..... - ..... - .....

### સંભાષણ

♦ તમે લીધેલી મોલની મુલાકાત વિશે તમારા શબ્દોમાં રજૂઆત કરો.

**સ. ૬ યોગ્ય વિકલ્પ શોધી વિધાન પૂર્ણ કરો.**

૧) સંભારમાં બધાએ પાંચ ચમચી ..........

ક) મીઠું નાંખ્યું  ખ) મરચું નાંખ્યું  ગ) ફટકડી નાંખી


૨) રવિવારની અઠવાડિક બજારમાં દાદા સાથે .........
ક) નવ બાળકો ગયાં ખ) સાત બાળકો ગયાં ગ) પાંચ બાળકો ગયાં

૩) ગીતાનો સ્વભાવ ....... ક) સારો હતો ખ) મળતાવડો હતો ગ) ભૂલકણો હતો


૪) ગીતાએ પ્રવાસમાં લઈ જવા માટે........... ક) થેપલા બનાવવા કહ્યું
ખ) સંભાર બનાવવા કહ્યું ગ) ઇડલી બનાવવા કહ્યું

## સ. ૭ લખતાં થઈએ.


૧)




૨)




૩)




## સ. ૮ નીચેનાં વાક્યો કોણ બોલે છે ? કોને કહે છે ?

૧) ''તમે છોકરાઓને લઈ જાઓ.'' ૨) ''ગીતા ! તું ક્યારે મોટી થઈશ ?''

૩) ''હું મંદિરે જાઉં છું.'' ૪) ''શું તમારામાંથી કોઈએ મીઠું નાંખ્યું હતું ?''

## સ. ૯ નીચેનાં વાક્યોને યોગ્ય ક્રમમાં ગોઠવો.

૧) બધાંને સંભાર ખારો લાગ્યો. ૨) ગીતા એક જવાબદાર વ્યક્તિ બની ગઈ.

૩) છોકરાઓ બજારે જવા નીકળ્યા. ૪) ગીતાની મમ્મીએ સંભાર બનાવ્યો છે.

## સ.૧૦ યોગ્ય વિરામચિહ્ન મૂકો.

૧) સવારથી મારું માથું દુ:ખે છે તું મારા માટે દવા લઈ આવીશ

૨) ગીતા તું ક્યારે મોટી થઈશ ૩) જોજે ભૂલી ન જતી હોં

## સ.૧૧ રેખાંકિત શબ્દો ઓળખો.

૧) ગીતા <u>ભૂલકણી</u> હતી. ૨) <u>રવિવારે</u> બજાર ભરાવાની હતી.

૩) તું ક્યારે મોટી થઈશ ?    ૪) દાદા ગીતા ઉપર ગુસ્સે થયા.

♦ તમારી શાળાનાં પર્યટનમાં તમે કેવી રીતે આનંદ કર્યો ? તે તમારા મિત્રને પત્ર લખી જણાવો.

## ♦ પ્રકલ્પ ♦

♦ નીચેના મુદ્દાને ધ્યાનમાં રાખી સંભાર બનાવવાની રીત લખો.

૧) સામગ્રી    ૨) રીત    ૩) ધ્યાનમાં રાખવાની બાબતો

નોંધ : ઉપર મુજબ સંભાર બનાવી ઘરમાં ઇડલી સાથે પીરસો.

## હું વાંચું .... તમે પણ વાંચો

### હસનચાચા

હસનચાચાએ દરજી પાસે પૅન્ટ સીવડાવ્યું. પૅન્ટ મોટું થયું. દરજીને પાછું આપ્યું. હસનચાચા સ્વભાવે ભૂલકણા. દરજીને પૅન્ટ બે આંગળ ઓછું કરાવવાનું કહેતાં ભૂલી ગયા. ચાચીને થયું લાવ હું દરજીને કહી આવું. તે દરજીને કહી આવ્યા. હસનચાચાના દીકરાને થયું લાવ, હું પણ દરજીને બે આંગળ પૅન્ટ ઓછું કરવાનું કહી આવું. તે પણ કહી આવ્યો. હસનચાચાની વહુ શાક લેવા ગઈ તેને પણ થયું, 'લાવ, હું પણ દરજીભાઈને કહેતી આવું. તે પણ દરજીને કહી આવી. છેલ્લે હસનચાચાને યાદ આવ્યું તે પણ બે આંગળ પૅન્ટ ઓછું કરવાનું કહી આવ્યા. બીજે દિવસે પૅન્ટ હસનચાચાએ પહેર્યું. ત્યારે પૅન્ટ-બરમોડો (લાંબી ચડ્ડી) બની ગયું હતું.

### ♦ અધ્યાપન સંકેત ♦

શરૂઆતમાં ભૂલકણા પ્રોફેસર વિશેના રમૂજી ટૂચકા કહેવા. વિદ્યાર્થીઓ પાસેથી પણ એવા ટૂચકાઓ કહેવડાવવા. આ રીતે વર્ગનું વાતાવરણ આનંદદાયક બનાવવું. પછી પાઠની પૂર્વભૂમિકામાં આપેલા વિષયવસ્તુને આધારે પ્રશ્નોત્તરની મદદથી મૂળ વિષયવસ્તુ તરફ દોરી જવા. ભૂલકણા સ્વભાવને લીધે કેવી કેવી તકલીફો ઊભી થાય તેના ઉપર વિસ્તૃત ચર્ચા કરવી. અહીં ગીતાના ભૂલકણા સ્વભાવથી પરિચિત ઘરના બધા લોકોએ સારી ભાવનાથી કરેલું કાર્ય પણ કેટલી મુસીબત નોતરે છે. એનાં ઉદાહરણ દ્વારા વર્ગના વિદ્યાર્થીઓને એવા કોઈ થયેલા અનુભવ વિશે વાત કરવા પ્રેરિત કરવા. ખરેખર જોતા આ કોઈ હાસ્યકૃતિ નથી. આમાંથી આપણે સજાગ રહેવાનો, યાદશક્તિનો સાચી દિશામાં ઉપયોગ કરવાનો બોધ ગ્રહણ કરવાનો છે. સાથે સાથે બેજવાબદારી ભર્યા વર્તનથી હંમેશાં દૂર રહેવાનો નિર્ણય કરવાનો છે.

**'ચોકસાઈ'નો ગુણ કાર્યમાં થતી ગરબડને અટકાવે છે.**

## ♦ ઉપક્રમ ♦

### વાંચો, વિચારો અને નક્કી કરો.

મિહિર, સંજય અને ધ્રુવ ત્રણ મિત્રો છે.

તેઓમાંથી એક ફઈ સાથે, એક કાકા સાથે અને એક પપ્પા સાથે મેદાનમાં જાય છે.

દરેકે ગુલાબી, પીળા અને સફેદ રંગના ટી-શર્ટ પહેર્યાં છે. ત્રણેયની પાસે એક-એક રમતનું સાધન છે. બોલ, બેટ અને સ્ટમ્પ.

♦ આટલી માહિતી ઉપરથી તમારે શોધવાનું છે કે

- ત્રણે મિત્રોમાંથી કોણ કોની સાથે આવ્યું હતું ?
- કોણે ક્યા રંગનું ટી-શર્ટ પહેર્યું હતું ?
- કોની પાસે ક્યું રમતનું સાધન હતું ?

♦ જવાબ સહેલાઈથી શોધી શકાય તે માટે નીચે કેટલીક ચાવીઓ આપી છે.

- મિહિરે પીળું ટી-શર્ટ પહેર્યું નથી તે તેના કાકા સાથે આવ્યો છે.
- જે ફઈ સાથે આવ્યો છે તેની પાસે બેટ છે.
- જેની પાસે સ્ટમ્પ છે તેણે સફેદ ટી શર્ટ પહેર્યું છે.
- જેણે પીળું ટી શર્ટ પહેર્યું છે તે કાકા સાથે નથી આવ્યો અને તે ધ્રુવ પણ નથી.

♦ જવાબ શોધી નીચેનો કોઠો પૂર્ણ કરો.

| મિત્રો | ટી-શર્ટ | કોની સાથે આવ્યા ? | કયું સાધન છે ? |
|---|---|---|---|
| મિહિર | | | |
| સંજય | | | |
| ધ્રુવ | | | |

# ૧૩. વેળા

♦ કહો.

૧) તમે ચોથા ધોરણમાં ક્યા વર્ષે હતાં ?
૨) દસમા ધોરણમાં ક્યા વર્ષે આવશો ?
૩) હાલમાં કેટલા વર્ષના છો ?



જાય છે વેળા, જાય છે વેળા
જાય છે વેળા છૂટી,
પળની પાછળ પળની સાંકળ
એક ન કડી તૂટી ... જાય ...

રાત ને દિવસ એકબીજાની
પાછળ કરે દોડ,
લેશ ચૂકે ના તોય કદીયે
મળતાં જોડાજોડ ;

એકમેકના તલસાટે પણ
ક્યાંય ન જરી ત્રુટી ...... જાય .....





જાય છે વેળા, આવતી કદી
પણ ન પાછી એક,
આજના ફૂલની આજ માણી લો
મન ભરીને મ્હેંક !
પળની ભીતર શાશ્વતીની
રખે મળે જડીબુટ્ટી ! જાય ...
જાય છે વેળા, જાય છે વેળા,
જાય છે વેળા છૂટી,
મોકળો મેલ્યો કાળ - ખજાનો.
આવડે તો લ્યો લૂંટી ! ... જાય ...

– ગીતા પરીખ

## ♦ સ્વાધ્યાય ♦

**સ. ૧ નીચેના શબ્દો માટે કાવ્યમાં વપરાયેલા શબ્દ શોધો.**

| | | | |
|---|---|---|---|
| ૧) સમય | - ...................... | ૨) ખામી | - ...................... |
| ૩) પુષ્પ | - ...................... | ૪) સુગંધ | - ...................... |
| ૫) ભંડાર | - ...................... | ૬) ખુલ્લો | - ...................... |
| ૭) ક્ષણ | - ...................... | ૮) કદાચ | - ...................... |

**સ. ૨ કવિતામાં ઈકારાન્ત શબ્દો કેટલા છે ? તે ગણો અને તેની યાદી બનાવો.**

**સ. ૩** અ) કાવ્યમાંથી પ્રાસવાળા શબ્દો શોધીને લખો.

બ) કાવ્યમાંના જોડશબ્દો લખો તેમાં તમને આવડતા બીજા પણ ઉમેરો.

**સ. ૪ રાત પછી દિવસ, દિવસ પછી રાત - સમયચક્ર**

તેમ શિયાળો પછી ઉનાળો એ ....................

૧) પાણીની વરાળ ... વાદળાં ... વરસાદ .......................

૨) ઈંડુ - ઈયળ ... કોશેટો ... પતંગિયું .......................

૩) બી - વનસ્પતિ ... ફૂલ ... ફળ .......................

**સ. ૫ 'તોય' એટલે 'તો પણ' અને 'તોય' એટલે 'પાણી'**

આમ એકજ શબ્દના જુદાજુદા સંદર્ભે જુદા અર્થ થાય છે. તેવી રીતે નીચેના શબ્દોના જુદાજુદા અર્થ લખો.

| | | |
|---|---|---|
| ૧) ફેર | ૨) હલકું | ૩) નોટ |
| ૪) ઠરવું | ૫) કાંઠો | ૬) વાટ |
| ૭) બાજુ | ૮) વાર | ૯) કાણું |

**સ. ૬ જો સમય થંભી જાય, ઘડિયાળ અટકી જાય અને સૂરજ ન ઊગે તો ...**
**આ વિશે ત્રણ જૂથમાં વર્ગમાં ચર્ચા કરો.**

**સ. ૭ કાવ્યપંક્તિ પૂર્ણ કરો.**

૧) લેશ ચૂકે ના તોય .......
૨) પળની ભીતર ........
૩) આજના ફૂલની ...........
૪) મોકળો મેલ્યો ........
૫) રાત ને દિવસ ...........

**સ. ૮ લખો જોઈએ.**

૧) કવયિત્રીએ કહ્યું છે કે....................

(અ) મન ભરીને માણી લો ............

(બ) આવડે તો લૂંટી લો...............

૨) કવયિત્રીનું નામ ...............

૩) કવિતાનો વિષય..............

**સ. ૯ નીચેના અર્થ દર્શાવતી પંક્તિ કાવ્યમાંથી શોધી લખો.**

૧) રાત પછી દિવસ અને દિવસ પછી રાત આમ ચક્ર ચાલતું રહે છે.
૨) વર્તમાનમાં જ જીવન જીવી લેવું.
૩) સમયના ખજાનાને લૂંટતા શીખી લેવાનું છે.

**સ.૧૦ કૌંસમાં આપેલા શબ્દનો ઉપયોગ કરીને નીચેના અધોરેખિત શબ્દો ઉત્તર આવે એ રીતે પ્રશ્નો બનાવો.**

(શેનો, ક્યાંથી, ક્યારે, કોણે, ક્યાં)

૧) <u>કવયિત્રીએ</u> કાવ્યમાં સમયનું તત્ત્વજ્ઞાન સમજાવ્યું છે.
૨) ખેલાડીઓ ક્રિકેટ રમવા <u>મેદાન પર</u> જાય છે.
૩) બધાએ <u>સમયનો</u> સદુપયોગ કરવો જોઈએ.
૪) હું આ <u>અમદાવાદથી</u> લાવ્યો છું.
૫) રોજ <u>સવારે</u> વ્યાયામ કરવો જોઈએ.

**સ.૧૧ સમયસર કાર્ય કરવાના ફાયદા જણાવો.**

## ♦ પ્રકલ્પ ♦

♦ શાળાના વાર્ષિકોત્સવ માટે વાલીઓને સૂચના આપવાની છે.
તમારા વર્ગશિક્ષકની મદદથી તે સૂચના તૈયાર કરો પછી નોટીસબોર્ડ પર ચોંટાડો.

## હું વાંચું .... તમે પણ વાંચો


### પંદર જ મિનિટ

ઘણા લોકો બૂમો મારે છે કે, અમને સમય મળતો નથી પણ મોટાં મોટાં કામ કરનારા અનેક માણસો તો નજીવાં દેખાતાં કામો કરવાની ફુરસદ મેળવી શકે છે. જેઓ પોતાના કામની અને સમયની વિચારપૂર્વકની યોજના કરે છે અને તે મુજબ ચાલવાની ટેવ પાડે છે તેઓ ઘણી ઉપાધિમાંથી બચી જાય છે.

પંદર મિનિટ જેટલા ટૂંકા સમયમાં માણસ શું શું કરી શકે તેનાં ઉદાહરણો આપણે જોઈએ.

૧૫ મિનિટમાં ...

- સામાન્ય ઝડપે સવા કિલોમીટર ચાલી શકાય, જ્યારે સાયકલ ઉપર ૩ કિલોમીટરનું અંતર કાપી શકાય.
- સામાન્ય પુસ્તકનાં પાંચ પાનાં વાંચી શકાય.
- ઘરનાં ઓરડાની સફાઈ કરી શકાય.
- પોતાનાં કપડાં ધોઈ શકાય.
- શાકભાજી સુધારી શકાય.
- રોજની ડાયરી લખી શકાય.
- શરીરને તંદુરસ્ત રાખવા આસનો કે વ્યાયામ કરી શકાય.
- મનને સ્વસ્થ રાખવા પ્રાર્થના, ધ્યાન કે ચિંતન કરી શકાય.



– રઘુનાથજી નાયક

### અધ્યાપન સંકેત

શરૂઆતમાં પૂછેલા પ્રશ્નોના આધારે વિદ્યાર્થીઓને તેમના પોતાના વિશે પ્રશ્નો પૂછીને સમયના ચક્રની માહિતી આપી 'વેળા' કવિતાના અધ્યાપન માટે વિષયાભિમુખ કરવા.

જેમ રાત પછી દિવસ અને દિવસ પછી રાતનું સમયચક્ર સતત ફરતું રહે છે એ સમજાવી વર્તમાનમાં આનંદથી જીવવાની વાત કરી છે. ભૂતકાળની યાદ કે ભવિષ્યની કોઈ પણ આશા અપેક્ષા રાખ્યા વગર પાણીના રેલાની જેમ પસાર થતા સમયની કિંમત જાણવી અને માણવી.

સમયચક્રની સમજ આપવા સાથે સ્વાધ્યાયોને ધ્યાનમાં રાખીને જલચક્ર, ઋતુચક્ર, જીવનચક્ર અને વનસ્પતિચક્રની પણ સમજ આપવી.

**રોજ સવારે એક નવો વિચાર મનુષ્યની રાહ જોતો હોય છે.**

# ૧૪. પવિત્ર આંસુ

31I6ED

♦ **કહો જોઈએ.**

- વરસાદના ગારામાં તમારો પગ પડી ગયો. તો ગારો દૂર કરવા તમે શું કરશો ?
- ઘરને સાફ રાખવા શું શું કરવું જોઈએ ?
- તમારા આંગણાને સાફ સૂથરું રાખવા શું કરશો ?
- તમારા પરિસરને સ્વચ્છ રાખવા તમે તમારું યોગદાન કેવી કેવી રીતે આપશો ?
- તમારાં કપડાં ઉપર કોઈ ડાઘ પડી ગયાં હોય તો તમે શું કરશો ?
- તેવી જ રીતે મનને સ્વચ્છ, સાફ રાખવા, પવિત્ર રાખવા તમે શું શું કરી શકો ?

**નોંધ :** સાને ગુરુજી લિખિત મૂળ મરાઠી અને તેના નટવર દવેએ કરેલા ગુજરાતી અનુવાદ 'શ્યામની મા' પુસ્તકમાંથી પ્રસ્તુત પ્રસંગ લેવામાં આવ્યો છે. તમે છેલ્લાં ત્રણ વર્ષથી આ પુસ્તકના એક એક પ્રસંગ શીખી રહ્યાં છો, તો આ પ્રસંગ શીખતાં પહેલાં આગળ શીખી ગયેલા બધા પ્રસંગોને યાદ કરી લો.

નાનપણથી બે વખત સ્નાન કરવાની મને ટેવ પડી છે. શ્યામે શરૂ કર્યું : સંધ્યાકાળે હું રમવા જતો. લંગડી, સંતાકૂકડી વગેરે જાતજાતની રમતો અમે રમતા હતા. રમીને આવ્યો એટલે હું નાહવાનો. મા મને પાણી ઊનું કરીને આપતી. મા તાંબાકુંડીમાં પાણી લાવી આપતી અને મારું શરીર ચોળતી. બે વખત સ્નાન કરવાની પદ્ધતિ બહુ સારી. રાત્રે સૂતાં પહેલાં સ્નાન કર્યું હોય તો શરીર સ્વચ્છ, નિર્મળ અને હલકું લાગે છે. ઊંઘતાં પહેલાં આપણે પ્રાર્થના કરીએ છીએ તે મનનું સ્નાન. શરીર અને મન સ્વચ્છ હોય તો ઊંઘ કેવી ઘસઘસાટ આવે ?

એક દિવસ હંમેશ પ્રમાણે હું રમીને ઘેર આવ્યો. પહેરણ કાઢ્યું, ચોટલીને તેલની આંગળી લગાડી અને નાવણિયા ઉપર જઈને બેઠો. નાહવાને માટે એક મોટો પથરો હતો. નાહવાનું પાણી ગિલોડીના ખામણામાં જતું હતું. સંધ્યાકાળનું સ્નાન ; એને બહુ પાણી જોઈતું નથી. માએ ઘસીને શરીર ચોળી આપ્યું. વધેલા પાણીને હું શરીર ઉપર રેડવા લાગ્યો. પાણી પૂરું થયું અને હું માને બૂમ મારવા લાગ્યો.

''મા ! મારું શરીર લૂછી આપ, બધું પાણી થઈ રહ્યું. મને ટાઢ વાય છે. જલદી મારું શરીર લૂછી આપ.'' હું બરાડા પાડવા લાગ્યો. મારા નાનપણમાં ટૉવેલ, પંચિયાં વગેરે અમારા ગામમાં બહુ આવ્યાં ન હતાં. ઘરના મોટા પુરુષો ધોતિયું નિચોવીને તેના વડે જ શરીર લૂછતા, એકાદ જૂનો કકડો છોકરાંનાં શરીર લૂછવાને માટે હોય. સંધ્યાકાળે મા પોતાના સાલ્લાના છેડા વડે ક્યારેક ક્યારેક મારું શરીર લૂછતી.

મા આવી, તેણે મારું શરીર સાલ્લાના છેડા વતી લૂછ્યું અને કહ્યું : ''જા, દેવનાં ફૂલ ઉતારી નાખ.''

મેં કહ્યું, ''મારાં તળિયાં ભીનાં છે, એને માટી ચોંટશે, મારાં તળિયાં લૂછી નાખ.''

''તળિયાં ભીનાં છે તેથી શું થયું ? શાના

વડે લૂછું?'' માએ કહ્યું.

''તારો છેડો નાવણિયા ઉપર પાથર, એની ઉપર હું પગ મૂકીશ. તેના ઉપર પગ લૂછી નાખીશ અને પછી કૂદકો મારીશ. મને ભીના પગે માટી ચોંટે એ નથી ગમતું. પાથર ને તારો છેડો.'' હું હઠ પકડીને બોલ્યો.



''તું તો તદ્દન હઠીલો છે, શ્યામ. એકેક મૂર્ખાઈ ક્યાંથી શીખી લાવે છે, કોને ખબર ? હાં, લે પગ મૂક.'' માએ પોતાનો છેડો નાવણિયા ઉપર પાથર્યો. મેં મારા પગ તેની ઉપર મૂક્યા, બરાબર ચોખ્ખા કર્યા અને કૂદકો માર્યો. માનો સાલ્લો ભીનો થયો, તેની મને પરવા ન હતી. એને થોડો જ તે વખતે બદલવાનો હતો? પણ બાળકના પગને માટી ચોંટે નહિ, તેની હોંશ પૂરી થાય એટલા માટે તેણે પોતાનો સાલ્લો ભીનો કર્યો તે બાળક માટે શું ન કરે, શું કષ્ટ સહન ન કરે, શું ન આપે ?

હું ઘરમાં ગયો ને દેવનાં ફૂલ ઉતારવા લાગ્યો. મા આરતી લઈને આવી ને બોલી, ''શ્યામ, પગને માટી લાગે નહિ એટલા માટે ચીવટ રાખે છે, તે જ પ્રમાણે મનને મેલ ન લાગે તેટલા માટે ચીવટ રાખજે. દેવને પ્રાર્થના કર કે શુદ્ધ બુદ્ધિ આપે.''

મિત્રો ! કેટલા સુંદર શબ્દ ! આપણાં શરીર અને આપણાં કપડાંને સ્વચ્છ રાખવા માટે કેટલી ધમપછાડ કરીએ છીએ ! કેટલી કાળજી લઈએ છીએ ! કપડાં સ્વચ્છ રહે માટે ધોબી છે, બૂટ સ્વચ્છ રહે માટે પોલિશ કરનારા છે. શરીરે લગાડવાને સુખડનો સાબુ છે. શરીરને તથા કપડાંને મેલ ન લાગે તેટલા માટે સહુના પ્રયત્નો છે. પરંતુ મનને સ્વચ્છ રાખવા માટે આપણે કેટલા જાગૃત રહીએ છીએ ? મંદિરને રંગાવીએ છીએ, પરંતુ દેવની ખબર લેતા નથી. મન મેલું થાય છે તેથી રડીએ છીએ કે કોઈ દિવસ ? પોતાના મન નિર્મળ નથી એમ જાણીને રડનારા તો કોઈ ભાગ્યવાન વીરલા. તે પવિત્ર આંસુ આ જગતમાં દેખાતાં નથી. પહેરવાનું ન હોય, ખાવાનું ન હોય, પરીક્ષામાં નાપાસ થવાય કે કોઈ મરી ગયું તો આવીને બધાં રડે છે. આવી બીજી સર્વ વાતોને માટે આંસુના હોજ આંખોમાં ભરેલા હોય છે. પરંતુ હું હજી શુદ્ધ, નિષ્પાપ થતો નથી એમ સમજાતાં કોઈ તરફડે છે ખરું કે ? હજી મારું મન મેલમાં રંગાયેલું છે એમ મનમાં લાવીને કેટલાંને દુ:ખ થાય છે ? મીરાંબાઈએ ગાયું છે કે,

''અંસુવન જલ સીંચ સીંચ પ્રેમબેલિ બોઈ.''

આંસુરૂપી પાણી પાઈ પાઈને, પ્રેમની, ઈશ્વરભક્તિની વેલ મેં ઊછેરી છે. આ મીરાંબાઈનું ચરણ હું કેટલીય વાર ગણગણતો હોઉં છું. આંસુથી છલોછલ ભરેલા હૃદયમાં જ ભક્તિરૂપી કમળનો જન્મ થાય છે !

– સાને ગુરુજી

નટવર દવે (અનુવાદક)

## સ્વાધ્યાય

**સ. ૧ નીચેના શબ્દો માટે પાઠમાં વપરાયેલા શબ્દ શોધો.**

| | | | |
|---|---|---|---|
| ૧) સાડી | - ...................... | ૨) ચોકસાઈ | - ...................... |
| ૩) અક્કલ | - ...................... | ૪) ગરમ | - ...................... |
| ૫) ચંદન | - ...................... | ૬) પાવન | - ...................... |
| ૭) સજાગ | - ...................... | ૮) નસીબદાર | - ...................... |

**સ. ૨ નમૂના પ્રમાણે શબ્દ બનાવો. તેનો વાક્યમાં ઉપયોગ કરો.**

દા.ત. પવિત્ર - પવિત્રતા

૧) મંદિરોના વાતાવરણમાં પવિત્રતાનો અનુભવ થાય છે.

૧) સ્વચ્છ ૨) નિર્મળ ૩) નીડર ૪) સુંદર

**સ. ૩ નમૂના પ્રમાણે શબ્દ બનાવો.** દા. ત. ભાગ્ય - ભાગ્યવાન

૧) બળ ૨) ચારિત્ર્ય ૩) ધન ૪) કુળ ૫) ગુણ ૬) પ્રજ્ઞા

**સ. ૪ અર્થ બદલ્યા વગર વાક્યને નકારાત્મક બનાવો.**

૧) વિદ્યાર્થીઓ **નાપાસ** થાય તો તેમની ફેરપરીક્ષા લેવાય છે.

૨) ચોર-લૂંટારાઓ પાપ કરે છે.

૩) ગંગા નદી પવિત્ર છે.

૪) વ્યક્તિના જન્મ વખતે ખુશી થાય છે.

**સ. ૫ નીચેના પ્રત્યય લગાડીને ભાવવાચક નામ બનાવો.**

| ૧) 'આઈ' | | ૨) 'પણ' | |
|---|---|---|---|
| મૂર્ખ | - મૂર્ખાઈ | નાનું | - નાનપણ |
| ચતુર | - ............... | મોટું | - ............ |
| લુચ્ચું | - ............... | ઘરડું | - ............ |
| નબળું | - ............... | ભોળું | - ............ |
| મજબૂત | - ............... | શાણું | - ............ |

**સ. ૬** ♦ તમે કઈ કઈ રમતો રમો છો ? તેના વિશે વર્ગમાં વાતો કરો.

♦ ઘરમાં તમારા મમ્મીને કયાં કયાં કામોમાં મદદ કરો છો ? તે વર્ગમાં કહો.

**સ. ૭ વાક્ય પૂર્ણ કરો :-**

૧) મનનું સ્નાન કરવા આપણે ..................................

૨) ઘરના મોટા પુરુષો નાહ્યા પછી ..................................

૩) લેખકના પગે માટી ન ચોંટે તે માટે માએ ..................................

૪) આંસુથી છલોછલ ભરેલા હૃદયમાં જ ..................................

**સ. ૮ પાઠના આધારે નીચેનાં વાક્યો યોગ્ય ક્રમમાં ગોઠવો.**

૧) નાવણિયા પર જઈને બેઠો.

૨) હું રમીને ઘેર આવ્યો.

૩) માએ શરીર લૂછી આપ્યું.

૪) પહેરણ કાઢ્યું.

૫) ચોટલીને તેલની આંગળી લગાડી.

**સ. ૯ (અ) નીચેનાં વાક્યો કોણ બોલે છે ? કોને કહે છે ?**

૧) ''જા, દેવનાં ફૂલ ઉતારી નાખ.''

૨) ''મને ભીના પગે માટી ચોંટે એ નથી ગમતું.''

૩) ''મનને મેલ ન લાગે તેટલા માટે ચીવટ રાખજે.''

૪) ''મારું શરીર લૂછી આપ.''

**(બ) યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

૧) ઈશ્વરભક્તિની વેલ .......... રૂપી પાણીથી ઉછરે છે.

ક) ગંગાજળ ખ) આંસુ ગ) પરસેવા ઘ) ખાતર

૨) મા તાંબાકુંડીમાં ............ લાવી આપતી.

ક) પાણી ખ) ફૂલ ગ) આરતી ઘ) પ્રસાદ

૩) ''અંસુવન જલ સીંચ સીંચ પ્રેમબેલિ બોઈ'' પંક્તિ કોણે લખેલી છે ?

ક) નરસિંહે ખ) શ્યામની માએ ગ) મીરાંબાઈએ ઘ) લેખકે

**સ. ૧૦ (અ) નીચેનાં વાક્યોમાં લીટી દોરેલા શબ્દો નામ, સર્વનામ, વિશેષણ કે ક્રિયાપદ છે તે ઓળખો.**

૧) મન મેલું થાય છે તેથી રડીએ છીએ કે કોઈ દિવસ ?

૨) તેણે શ્યામનું શરીર સાલ્લાના છેડાથી લૂછી આપ્યું.

૩) તારો છેડો નાવણિયા ઉપર પાથર.

૪) તું તો તદ્દન હઠીલો છે, શ્યામ.

**(બ)** ♦ પાઠમાં આવતા શબ્દપ્રયોગ (રૂઢિપ્રયોગ) શોધીને લખો.

♦ શ્યામની માએ શેની ચીવટ રાખવાનું કહ્યું તે વિશે ૪થી ૫ વાક્યો તમારા શબ્દોમાં લખો.

♦ પ્રસ્તુત કૃતિમાં કેવાં આંસુને પવિત્ર કહ્યાં છે તે બાબત તમારા વિચારો જણાવો.

- તમારી મનપસંદ રમત વિશે સચિત્ર માહિતી લખેલું ભીંતપત્રક તૈયાર કરો.
- જેનાથી મન પવિત્ર અને શુદ્ધ થાય તેવાં કાર્યોની યાદી બનાવીને ચાર્ટ તૈયાર કરો. વર્ગમાં લગાડો.



## હું વાંચું .... તમે પણ વાંચો



### સ્વતંત્રતા અને સીમા

બાળકને સ્વતંત્રતા આપવામાં તેની શક્તિઓ ખીલે, તેનો સમતોલ વિકાસ થાય એ હેતુ આપણી સમક્ષ હોવો જોઈએ.

બાળકને જ્યારે કોઈ વસ્તુ આપીએ નહીં, કોઈ કામ કરતાં તેને અટકાવીએ, કોઈ વાતની તેને ના પાડીએ, ત્યારે તેનો ટૂંકો સચ્ચાઈ ભરેલો ખુલાસો આપણે આપી શકીએ. બાળકને સહાય આપીને પરાવલંબીપણામાંથી તેને સ્વાવલંબીપણા તરફ લઈ જઈએ, તો તેના પ્રત્યે સાચો પ્રેમ દર્શાવ્યો ગણાય. બાળકને એવી સ્વતંત્રતા ન આપીએ કે એ નાનો સરખો સરમુખત્યાર બને અને બીજા કોઈનો વિચાર જ ન કરે.

સ્વતંત્રતાથી બાળક પોતાની અંદરનાં સારાં તત્ત્વોને વિકસાવે છે, અને પરિણામે પોતાનાં માબાપ પ્રસન્નતા અનુભવે છે, તેમાં તેમનો પૂરેપૂરો ટેકો છે, તે બાળક જુએ છે. સાથે સાથે તેને એવો વિશ્વાસ પણ હોય છે કે પોતે કોઈ ભૂલ કરશે તો તેને રોકનાર કોઈક છે. આવી લાગણી બાળકને જ નહિ, આપણને સહુને કેટલી બધી સલામતી આપે છે ! સવારે ઘડિયાળનું એલાર્મ વાગશે, આપણને જગાડશે અને આપણે સમયસર પહોંચી શકશું - એવી જ્યારે ખાતરી હોય ત્યારે આપણે કેવાં નિરાંતે ઊંઘી જઈ શકીએ છીએ ! એ જ પ્રમાણે બાળકને પણ જગાડનાર કોઈક હોય, તેને ભૂલોમાંથી બચાવનાર કોઈક હોય, તો નિરાંતે તેના પર આધાર રાખીને એ કેટલું નિર્ભય બની શકે છે ! કેટલી સલામતી અનુભવી શકે છે !

- ચુનીભાઈ શાહ

### ♦ અધ્યાપન સંકેત ♦

શરૂઆતમાં આપેલા પ્રશ્નો પૂછીને પ્રત્યેક વિદ્યાર્થીઓ પાસેથી તેમના મંતવ્યો જાણી લેવા. તેના ઉપરથી પ્રસ્તુત કૃતિના અધ્યાપન માટે વિદ્યાર્થીઓને વિષયાભિમુખ કરવા. આગળના ધોરણોમાં શીખી ગયેલા પ્રસંગોની યાદ અપાવવી. 'શ્યામચી આઈ' પુસ્તકનો ખ્યાલ આપવો. નાના નાના પ્રશ્નો, રોજબરોજની ઘટનાઓ, સ્વચ્છતા અભિયાનના મુદ્દાઓ વિશે ચર્ચા કરીને પ્રસ્તુત પાઠનો ક્રમિક વિકાસ સાધવો. સ્વાધ્યાયોમાં આપેલી વિવિધતાને ધ્યાનમાં રાખી જરૂરી માર્ગદર્શન પાઠના અધ્યાપન વખતે જરૂર આપવું. 'પવિત્ર આંસુ' શીર્ષકની યથાર્થતા શિક્ષકે ખૂબજ સરળ ભાષામાં સમજાવવાનો પ્રયત્ન કરવો. પાઠમાંથી મળતો સંદેશો વિદ્યાર્થીઓ સુધી સરળતાથી પહોંચે તે રીતે અધ્યાપન કરાવતી વખતે કાળજી રાખવી.

**પંડિતો આંજી નાખે છે જ્યારે સંતો માંજી નાખે છે.**

## ઉપક્રમ

નીચેના શબ્દચોરસમાં આપણા દેશનાં રમતવીરોનાં નામ આડાં, ઊભાં, ત્રાંસાં છુપાયેલાં છે તે શોધો. નામ શોધવા માટે ચાવીનો ઉપયોગ કરો.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| કે | સા | નિ | યા | મિ | ર્ઝા | સ | હા | ક | ક્ષ |
| ખો | નિ | ઈ | જ | મે | ની | ઘ | લિ | મા | ણ |
| ગ | યા | ઉ | રા | પા | સિં | મ | ર | પ્ર | બા |
| મ | ને | યુ | ક | ન્દ્ર | ક્ષી | વ | દ્રા | કા | ર |
| ની | હ | દી | રે | સા | રા | ક | બિં | શ | લી |
| પે | વા | વિ | મે | રી | કો | મ | વ | પ | ક |
| જી | લ | ગુ | છ | ખા | વ | નો | ન | દુ | કો |
| પિ | મિ | લ્ખા | સિં | ઘ | ચી | ન | ભિ | કો | ટ |
| ચી | ત | મા | સૌ | કી | લા | પી | અ | ણ | રા |
| વિ | શ્વ | ના | થ | આ | નં | દ | ટી | ઉ | વિ |

**ચાવી :**

૧) એક મહિલા ટેનિસ ખેલાડી
૨) બેડમિન્ટન ખેલાડી
૩) એક પુરુષ બોક્સર
૪) ફ્લાઈંગ શીખ
૫) શતરંજનો વિજેતા
૬) કાંસ્ય ચંદ્રક જીતનાર મહિલા કુસ્તીબાજ
૭) એક મહિલા બોક્સર
૮) રાઈફલ શૂટર
૯) ભૂતપૂર્વ બેડમિન્ટન ચેમ્પિયન
૧૦) ભારતનો હાલનો લોકપ્રિય ક્રિકેટર


# ૧૫. મારું ચકડોળ

♦ **ચાલો મેળાનો માનસપ્રવાસ કરીએ.**

ચરર ચરર મારું ચકડોળ ચાલે,
ચાકડ્ચું ચીંચીં ચાકડ્ચું ચીંચીં તાલે,
આજે રોકડા ને ઉધાર કાલે. ચરર ચરર
ઓ લાલ ફેંટાવાળા ! ઓ સોમાભાઈના સાળા !
ઓ કરસનકાકા કાળા ! ઓ ભૂરી બંડીવાળા !
મારું ચકડોળ ચાલે, ચાકડ્ચું ચીંચીં, ચાકડ્ચું ચીંચીં. ચરર ચરર

અધ્ધર પધ્ધર, હવામાં સધ્ધર, એનો હીંચકો હાલે,
નાનાં મોટાં, સારાં ખોટાં, બેસી અંદર મ્હાલે ;
અરે બે પૈસામાં બબલો જોને આસમાનમાં ભાળે.
ચાકડ્ચું ચીંચીં તાલે. ચરર ચરર
ચકડોળ ચઢે, ઊંચે નીચે, જીવતર એવું ચડતું પડતું,
ઘડીમાં ઉપર ... ઘડીમાં નીચે ... ભાગ્ય એવું સૌનું ફરતું;
દુઃખ ભૂલીને સુખથી ઝૂલો નસીબની ઘટમાળે,
ચાકડ્ચું ચીંચીં ચાકડ્ચું ચીંચીં ચાલે,
આજે રોકડા ને ઉધાર કાલે. ચરર ચરર

– અવિનાશ વ્યાસ



## ♦ સ્વાધ્યાય ♦

**સ. ૧ નીચેના શબ્દો માટે કવિતામાં વપરાયેલા શબ્દો શોધો.**

| | | | |
|---|---|---|---|
| ૧) નગદ | - ...................... | ૨) રાતા | - ...................... |
| ૩) વાદળી | - ...................... | ૪) પાઘડી | - ...................... |
| ૫) વાયરો | - ...................... | ૬) ઝુલો | - ...................... |
| ૭) તકદીર | - ...................... | ૮) આકાશ | - ...................... |

**સ. ૨ શબ્દોનો ઉપયોગ કરી વાક્ય બનાવો.**

૧) ચકડોળ  ૨) નસીબ  ૩) જીવતર  ૪) સુખ

**સ. ૩ 'સોમાભાઈના સાળા' : સાળા-પત્નીના ભાઈ.**

**આ પ્રમાણે નીચેની વ્યક્તિઓ વચ્ચે શો સંબંધ છે ? તે લખો.**

૧) પતિના મોટા ભાઈ - ..................................

૨) પત્નીના પિતા - ..................................

૩) પતિની બહેન - ..........................................

૪) પતિની બહેનના પતિ - ..................................

૫) પત્નીની બહેન - ..........................................

૬) પત્નીની બહેનના પતિ - ..................................

**સ. ૪ અર્થ બદલાય નહિ તેવી રીતે વાક્ય બનાવો.**

૧) ધંધામાં <u>પડતી</u> થાય ત્યારે નાસીપાસ થવું નહિ.

૨) વાક્યો <u>ખરાં</u> હોય તો સુધારીને ફરી લખો નહિ.

૩) શાકભાજી <u>રોકડાથી</u> જ ખરીદાય છે.

૪) આરસનો પથ્થર <u>લીસો</u> હોય છે.

**સ. ૫ પ્રાસવાળા શબ્દો લખો.** દા.ત. ચાલે - તાલે

૧) સાળા  ૨) અધ્ધર  ૩) હાલે  ૪) પડતું

♦ તમે જોયેલા મેળાનું વર્ણન મૌખિક રીતે રજૂ કરો.

સ. ૬ લખીને બતાવો.

અ) ચકડોળમાં બેસવા આવનાર

______ ______ ______ ______

બ) હીંચકામાં હીંચનાર

ક) .................... ભૂલીને; .................. થી ઝૂલો.

ડ) ચકડોળની સરખામણી ..............................

સ. ૭ યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.

૧) મારું ચકડોળ ........... ............ ચાલે છે.

ક) ચરર ચરર ખ) ફરર ફરર ગ) ચાકડ ચાકડ

૨) મારું ચકડોળ હવામાં ............. રહે છે.

ક) અધ્ધર ખ) સધ્ધર ગ) પધ્ધર

૩) ચકડોળની જેમ ........ પણ ચડે ને પડે છે.

ક) ચણતર ખ) ભણતર ગ) જીવતર

૪) બે પૈસામાં ચકડોળમાં બેસવાથી .......... દેખાય છે.

ક) આસમાન ખ) ધરતી ગ) પાતાળ

સ. ૮ નીચેના અર્થ બતાવતી પંક્તિઓ લખો.

૧) નાનાં મોટાં સૌ કોઈ ચકડોળમાં બેસી મજા માણે છે.

૨) ચકડોળની જેમ જીવન પણ ક્યારેક ઉપર ચડતું દેખાય તો ક્યારેક પડતું દેખાય છે.

સ. ૯ 'મેળાની મોજ' વિશે ૮થી ૧૦ લીટીનો નિબંધ ફકરા પાડીને લખો.

## ♦ પ્રકલ્પ ♦

♦ ચકડોળનું સુંદર ચિત્ર દોરી તેમાં રંગ પૂરો.

## હું વાંચું .... તમે પણ વાંચો

### લા-પરવા !

કો'ક દિન ઈદ અને કો'ક દિન રોજા,
ઊછળે ને પડે નીચે જિંદગીનાં મોજાં.

કાંઈ અફસોસ નહીં, કાંઈ નહીં ફિકર,
કોઈ ચીજ તણી નહીં જિંદગીમાં જિકર.
આવે ને જાય એના વેઠવા હા બોજા?
કો'ક દિન ઈદ અને કો'ક દિન રોજા.

માન મળે, મળે ધન-ધાન, મળે સત્તા,
પાન ચાવી બીજી પળે ખાવા પડે ખત્તા.
વાહ ભાખે કોઈ રૂડી આંખે વેષ ભાળી,
આહ નાકે કોઈ ભૂંડી મોંઢે મેશ ઢાળી.
રામ મારો રૂદે હસે, રંગ નહીં દૂજા:
કો'ક દિન ઈદ અને કો'ક દિન રોજા.

હાલ્યા કરે દુનિયાની વણઝાર ગાંડી
કોણ બેઠું રહે એની સામે મીટ માંડી ?
દૂધ મળે વાટમાં કે મળે ઝેર પીવા,
આપણા તો થિર બળે આતમાના દીવા.
લાંબી લાંબી લેખણે ત્યાં નોંધાવી શી યાદી !
બેય કોરે આપી જવી મુબારકબાદી :
ઘેલાં ભલે ઘૂઘવે આ જિંદગીનાં મોજાં,
આવો તમે ઈદ, અને આવો તમે રોજા !

– મકરંદ દવે

### ♦ અધ્યાપન સંકેત ♦

શરૂઆતમાં આપેલા મેળાના ચિત્રનું બારીકાઈથી નિરીક્ષણ કરવા કહેવું પછી બાળકોને મેળાના માનસિક પ્રવાસે લઈ જવા શિક્ષકે ચિત્રનું વર્ણન કરતાં વાક્યો બોલતા જઈ તે તે સ્થળે લઈ જવા ત્યાં શું શું હોય તેનું વર્ણન કરવું. બાળકોને તેની અનુભૂતિ કરવા કહેવું.

ત્યારપછી પ્રસ્તુત કૃતિનું લયબદ્ધ સમૂહગાન કરાવી વર્ગમાં આનંદદાયક વાતાવરણ નિર્મિત કરવું. કાવ્ય ખૂબજ સરળ ભાષામાં હોવાથી બાળકો સ્વયં અધ્યયન કરી તે સમજે તેવા પ્રયત્નો કરી શકાય. ચકડોળની માનવજીવન સાથે કરેલી સરખામણીને સરળ ભાષામાં સમજાવવી. આ ચકડોળના ગીત જેવાં બીજાં જાણીતાં ઉજાણીનાં ગીતોનો સંદર્ભ આપી વિશેષ જ્ઞાન આપવું. આ કાવ્ય આપણને સદાય આનંદમાં રહેવાની સુંદર શીખ આપે છે.

**માનવીનું જીવન એટલે સ્મિત અને આંસુ વચ્ચેનું લોલક !**

# ૧૬. એકમાત્ર વીરલો

♦ **ચાલો દેશની સુરક્ષાની વાતો કરીએ.**

સુરક્ષા માટેની ત્રણ સેનાઓ - વાયુદળ, નૌકાદળ, ભૂમિદળ - ત્રણેય દળ વિશેની પ્રાથમિક માહિતી - રાષ્ટ્રીય તહેવારોના દિવસે ત્રણેય દળોની ભૂમિકા - રાષ્ટ્રપતિના હસ્તે અપાતા શૌર્ય પુરસ્કારો - શૌર્ય પુરસ્કાર મેળવનાર તુકારામ ઓંબળે અને સંદીપ ઉન્ની ક્રિષ્ણન



કેરળના એર્નાકુલમમાં ૧૯૫૧ની પહેલી જાન્યુઆરી ને સોમવારે નાયર પરિવારમાં નીલકાંતનનો જન્મ થયો હતો.

'એનજે'ના હુલામણા નામે જાણીતા થયેલા નીલકાંતન જયચંદ્રન નાયરે ભારતીય લશ્કરમાં બેનમૂન સિદ્ધિ મેળવી છે, જે આજ સુધી તો ન ભૂતો ન ભવિષ્યતિ છે.

નીલકાંતનનો લશ્કર સાથેનો પ્રેમ બહુ નાની ઉંમરે શરૂ થઈ ગયો હતો. કાઝાકુટમની સૈનિક સ્કૂલમાં ભણતર. મોનિટર બનીને શાળા છોડી પછી ૧૯૬૭ના જૂનમાં નેશનલ ડિફેન્સ ઍકેડેમીમાં ગયા. આને લીધે વીરતા, શિસ્ત અને શૌર્યના પાઠ ખૂબ જાણવા, સમજવા અને શીખવા મળ્યા એમ કહેવાની જરૂર ન પડે.

જોતજોતામાં એકવીસમું વર્ષ બેસી ગયું. ડૉક્ટર, વકીલ, એન્જિનિયર, ક્રિકેટર કે બેન્કર જેવી કારકિર્દી કે પ્રેમનો વિચાર કર્યા વગર નીલકાંતન પોતાના માર્ગે જ આગળ વધ્યા. ૧૯૭૧ના જૂનમાં ૧૬મી મરાઠા લાઈટ ઇન્ફન્ટ્રીમાં જોડાઈ ગયા. આ રેજિમેન્ટ અને મરાઠાઓના એક એક ગુણના પ્રેમમાં પડી ગયા નીલકાંતન. આ સ્નેહમાત્ર શાબ્દિક કે દેખાડો નહોતો, ખરા દિલનો હતો. તેમણે પોતાના એકના એક દીકરાનું નામ રાખ્યું હતું 'શિવાજી'.

નીલકાંતન જયચંદ્રન નાયર અદના સૈનિકમાંથી કર્નલના હોદ્દા સુધી પહોંચ્યા પણ તેઓ બહુવિધ વ્યક્તિત્વના સ્વામી હતા. એક સાચા દેશપ્રેમી સૈનિક ઉપરાંત તેઓ યોગના શોખીન, પ્રવાસ-પ્રેમી અને કર્ણાટકી સંગીતના ચાહક હતા. એકદમ મૃદુભાષી, સંનિષ્ઠ, સૌની દરકાર કરનારા અને વીરોના વીર એવા હતા 'એનજે'. તેઓ પુણે સ્થિત આર્મી ઇન્ટેલિજન્સ સ્કૂલના પ્રશિક્ષક હતા. બે દાયકાની લશ્કરી કારકિર્દીમાં ઘણી જવાબદારી સફળતાપૂર્વક નિભાવી જાણી હતી.

૧૯૮૩માં કર્નલ નીલકાંતન જયચંદ્રન નાયર મિઝોરમમાં બળવાખોરો સામે એટલા બહાદુરીપૂર્વક લડ્યા કે આ અપ્રતિમ વીરતા બદલ કીર્તિચક્ર એનાયત થયું હતું.

દસેક વર્ષ બાદ એટલે કે ૧૯૯૩માં તેઓ નાગાલેન્ડમાં ફરજ બજાવતા હતા. સશસ્ત્ર નાગ બળવાખોરો સામેની લડતમાં તેઓ અગ્રેસર હતા. હા, ૧૬મી મરાઠા લાઈટ ઇન્ફન્ટ્રીને નાગાલેન્ડમાં મોબાઈલ કાઉન્ટર ઇન્સ્યુર્જન્સી ઓપરેશન્સમાં

તૈનાત કરાઈ હતી. આ સમયે કર્નલ નાયરની બદલી અને બઢતી એકદમ હાથવેંતમાં હતી, પણ એનો વિચાર સુદ્ધાં કર્યો નહીં. ૧૯૯૩ની ૨૦મી ડિસેમ્બરે સવારે બરાબર ૮.૪૦ કલાકે મોકોયુંગમારિયાની રોડ પર કર્નલ નાયર પોતાના જવાનો સાથે ભાવિવ્યૂહની ચર્ચા કરી રહ્યા હતા. એ સમયે એક સો જેટલા સશસ્ત્ર બળવાખોરોએ ઓચિંતો હુમલો કરી દીધો.

અજાણી ધરતી અને શક્તિશાળી બળવાખોરો છતાં કર્નલ નાયર લેશમાત્ર વ્યથિત કે ચલિત ન થયા. દુશ્મનોના અંધાધૂંધ ગોળીબારને લીધે એક જુનિયર ઑફિસર અને તેર જવાન ઘટનાસ્થળે જ શહીદ થઈ ગયા. ખુદ કર્નલ નાયરને ગંભીર ઈજાઓ થઈ હતી.

આ બધાની લેશમાત્ર પરવા કર્યા વગર કર્નલ નાયરે પોતાના લાન્સ નાયકને હુકમ કર્યો કે મારા ખભા પર ચડીને દુશ્મનો પર ગ્રેનેડો ફેંકવા માંડો. જરા કલ્પના કરી જુઓ... બદલી-બઢતી હાથવેંતમાં છે, લોહી તરસ્યા સશસ્ત્ર દુશ્મનોનાં ધાડાં સામે છે, ચૌદ સાથીઓની લાશ નજરે પડે છે, ખુદ લોહીલુહાણ છે છતાં આવો ઓર્ડર ? એ સમયે તેમણે પત્ની મંજુ કે પુત્ર શિવાજીનો પળભર પણ વિચાર કર્યો નહીં હોય ?

કર્નલ નાયરના આ કલ્પનાતીત અને જોરદાર વળતા હુમલાથી દુશ્મનો એકદમ સ્તબ્ધ થઈ ગયા, જીવ બચાવવા છૂટાછવાયા વિખેરાઈ ગયા. શત્રુએ કરેલી ક્ષણિક પીછેહઠનો કર્નલે પૂરેપૂરો લાભ લઈ લીધો. તેમણે પોતાના સૈનિકોને વ્યવસ્થિત ગોઠવી દીધા, હુમલા માટે તૈયાર કરી દીધા અને આગેકૂચ શરૂ કરી દીધી.

ધારણા બહારના આ પ્રતિ-આક્રમણથી દુશ્મનો એકદમ રઘવાયા થઈ ગયા અને જીવ બચાવવા માટે નાસભાગ કરવા માંડ્યા, પરંતુ મરાઠા ઇન્ફન્ટ્રીએ જલદીથી એમનો કેડો ન મૂક્યો. હતોત્સાહ થયેલા દુશ્મનો દેખાતા બંધ થયા અને મરાઠા ઇન્ફન્ટ્રીએ નિરાંતનો શ્વાસ લીધો, ત્યારે બળવાખોરો પરના હુમલાની અગ્ર-હરોળની ફાયરિંગ પોઝિશન પાસેથી કર્નલ નાયર મૃતાવસ્થામાં મળી આવ્યા.

પોતાના સાથી જવાનોના જીવ અને દેશની આબરૂ બચાવવા માટે અનન્ય પરાક્રમ બજાવીને એક વીર શહાદતને વર્યો હતો. કર્નલ નાયરની સમયોચિત હિમ્મત વગર ભારતે મોટી સંખ્યામાં જવાનો ગુમાવવાનો વારો આવ્યો હોત.

આ ઉત્કૃષ્ટ શૂરાતન તથા અસાધારણ દેશપ્રેમ બદલ કર્નલ નીલકાંતન જયચંદ્રન નાયરને મરણોત્તર અશોકચક્ર એનાયત કરાયો હતો. કીર્તિચક્ર અને અશોકચક્ર એવા બંને એવૉર્ડસ મેળવનારા એક માત્ર ભારતીય લશ્કરી અધિકારી એટલે આપણા કર્નલ નાયર. બેતાલીસ વર્ષ મરવાની ઉંમર નથી. પણ સાચો સૈનિક શહાદત માટે સ્થળ, સમય, સંજોગ, સગા કે ઉંમરનો ક્યાં વિચાર કરે છે ?

અગણિત સલામ આવા પુરુષોત્તમ શહીદ કર્નલ નીલકાંતન જયચંદ્રન નાયરને.

- પ્રફુલ શાહ

## ♦ સ્વાધ્યાય ♦

**સ. ૧ નીચેના શબ્દો માટે પાઠમાં વપરાયેલા શબ્દો શોધો.**

| | | | |
|---|---|---|---|
| ૧) પ્રખ્યાત | - ...................... | ૨) મામૂલી | - ...................... |
| ૩) સફળતા | - ...................... | ૪) નિરુત્સાહ | - ...................... |
| ૫) દંભ | - ...................... | ૬) હુમલો | - ...................... |
| ૭) અચાનક | - ...................... | ૮) મુસાફરી | - ...................... |

**સ. ૨ રૂઢિપ્રયોગ અને તેના અર્થની જોડી બનાવો.**

| રૂઢિપ્રયોગો | અર્થ |
|---|---|
| ૧) હાથવેંતમાં હોવું | અ) ઉતાવળથી ગભરાઈ જવું |
| ૨) કેડો ન મૂકવો | આ) બલિદાન આપવું |
| ૩) રઘવાયા થવું | ઇ) હાર માની પાછળ ખસી જવું |
| ૪) શહાદતને વરવું | ઈ) ઘણું નજીક હોવું |
| ૫) પીછેહઠ કરવી | ઉ) પીછો ન છોડવો |

**સ. ૩ ઉદાહરણ પ્રમાણે 'તું' પ્રત્યય લગાવી નવો શબ્દ બનાવો. પછી તે શબ્દનો વાક્યમાં ઉપયોગ કરો.**

દા. ત. જાણવું - જાણીતું.

તેઓ જાણીતી સંસ્થામાં જોડાયા.

૧) ઓળખવું -

૨) માનવું -

૩) ગમવું -

૪) પહોંચવું -

**સ. ૪ '...ખોર એટલે '...ની ટેવવાળું.' તે નામના અંતે આવે છે.**

**ઉદા. તરીકે બળવાખોર. નીચેના શબ્દને '...ખોર' લગાવી શબ્દ બનાવો.**

૧) મસ્તી -

૨) ઝઘડા -

૩) બંડ -

૪) હુમલા -

૫) ઘૂસણ -

૬) નકલ -

**સ. ૫ નમૂના પ્રમાણે શબ્દ બનાવો. દા.ત. જુવાની** - ભરજુવાની

૧) ઊંઘ -

૨) શિયાળે -

૩) ઉનાળે -

૪) ચોમાસે -

♦ 'આપણા રાષ્ટ્રધ્વજ ત્રિરંગાનું મહત્ત્વ' અથવા તમે ત્રિરંગાની શાન કેવી રીતે જાળવશો? તેના વિશે તમારા વિચારો જણાવો.

**સ. ૬ યોગ્ય વિકલ્પ પસંદ કરી અધૂરાં વિધાન પૂર્ણ કરો.**

૧) નીલકાંતન જયચંદ્રન નાયરે ભારતીય લશ્કરમાં ................

ક) બેનમૂન સિદ્ધિ મેળવી છે.

ખ) અદ્વિતીય સફળતા મેળવી છે.

ગ) અભૂતપૂર્વ નામના મેળવી છે.

૨) 'એનજે' અદના સૈનિકમાંથી ................

ક) લેફ્ટેનન્ટ જનરલના હોદ્દા સુધી પહોંચ્યા.

ખ) કર્નલના હોદ્દા સુધી પહોંચ્યા.

ગ) બ્રિગેડિયરના હોદ્દા સુધી પહોંચ્યા.

3) મિઝોરમમાં બળવાખોરો સામે બહાદુરીપૂર્વક લડવાને લીધે તેમને ................

ક) પદ્મશ્રીનો ઇલ્કાબ એનાયત થયો.

ખ) અશોકચક્ર એવૉર્ડ એનાયત થયો.

ગ) કીર્તિચક્ર એનાયત થયો હતો.

૪) કર્નલ નાયરે પોતાના લાન્સ નાયકને હુકમ કર્યો કે ................

ક) દુશ્મનો પર ગ્રેનેડો ફેંકવા માંડો.

ખ) દુશ્મનો પર તૂટી પડો.

ગ) દુશ્મનો પર ફાયરીંગ કરવા માંડો.

## સ. ૭ વિચારીને લખીએ.

૧) દુશ્મનો સ્તબ્ધ થવાનું કારણ ...................................

૨) કર્નલ નાયર મૃતાવસ્થામાં મળી આવ્યાનું સ્થળ ...................................

3) એનજે જે સ્કૂલના પ્રશિક્ષક હતા તેનું નામ ...................................

૪) નીલકાંતનનું જન્મ સ્થળ ...................................

## સ. ૮ કહો કોણ ?

૧) એનજેના હુલામણા નામે જાણીતા થયા -

૨) નીલકાંતનનો પુત્ર -

3) નીલકાંતનની પત્ની -

૪) જવાનો સાથે ભાવિવ્યૂહની ચર્ચાના સમયે ઓચિંતો હુમલો કરનાર -

## સ. ૯ નીલકાંતન જયચંદ્રન નાયરના સંદર્ભે યોગ્ય સાલ લખો.

૧) તેમનો જન્મ થયો -

૨) તેઓ મરાઠા લાઈટ ઇન્ફન્ટ્રીમાં જોડાયા -

3) તેમને કીર્તિચક્ર એનાયત થયો -

૪) તેઓ નાગાલેન્ડમાં ફરજ બજાવતા હતા -

૫) તેઓ નેશનલ ડિફેન્સ ઍકેડેમીમાં પ્રવેશ્યા -

## સ. ૧૦ (અ)બે શબ્દોને ભેગા કરી સંધિ કરો.

ઉદા. તરીકે મૃત + અવસ્થા = મૃતાવસ્થા

| | |
|---|---|
| ૧) કિશોર + અવસ્થા | ૨) વિદ્યા + અભ્યાસ |
| 3) પુસ્તક + આલય | ૪) ભાષા + અંતર |
| ૫) લાભ + અલાભ | ૬) વાત + આવરણ |

(બ) બે શબ્દોના રૂપમાં લખો.

દા.ત. સમયોચિત - સમય + ઉચિત

| | |
|---|---|
| ૧) પરોપકાર - | ૨) પુરુષોત્તમ - |
| ૩) આનંદોર્મિ - | ૪) વિદ્યોપાસના - |
| ૫) સર્વોદય - | ૬) મરણોત્તર |

**સ. ૧૧ પાઠમાં આવતા કેટલાક વિશેષ શબ્દો નીચે આપ્યા છે. તેમનું નામ, સર્વનામ, વિશેષણ અને ક્રિયાપદમાં વર્ગીકરણ કરો.**

ભારતીય, સિદ્ધ, ભણતર, છોડી, તેમણે, બેનમૂન, લશ્કર, રાખ્યું, શોખીન, તેઓ, મૃદુભાષી, નિભાવી, પહોંચ્યાં, કરાઈ, એનો, ઓચિંતો, ગંભીર, પોતાના.

**સ. ૧૨ 'નીલકાંતન જયચંદ્રન નાયર બહુવિધ વ્યક્તિત્વના સ્વામી હતા.' આ વાક્યને યથાર્થ કરતાં તેમનામાં રહેલા અન્ય ગુણો તેમજ તેમના શોખને તમારા શબ્દોમાં વ્યક્ત કરો.**

## ♦ પ્રકલ્પ ♦

♦ આપણા દેશના શહીદોની તસ્વીરો ભેગી કરી એક કાર્ડપેપરમાં ચોંટાડો તેની નીચે તેમનાં નામ લખો. તેમાંથી જેમને જેમને પુરસ્કાર કે એવૉર્ડ મળ્યા હોય તેનો પણ ઉલ્લેખ કરો.



## હું વાંચું .... તમે પણ વાંચો



### નેશનલ ડિફેન્સ ઍકેડેમીને ઓળખો

બેનમૂન શૌર્ય બદલ અપાતા કીર્તિચક્ર અને અશોકચક્ર જેવા બબ્બે એવૉર્ડ્સ મેળવનારા ભારતના એકમાત્ર લશ્કરી વીરલા કર્નલ નીલકાંતન જયચંદ્રન નાયર નેશનલ ડિફેન્સ ઍકેડેમીમાં ગયા હોવાનું આપણે ઉપરોક્ત પાઠમાં જાણ્યું.

આ નેશનલ ડિફેન્સ ઍકેડેમી (એનડીએ) એટલે કે રાષ્ટ્રીય રક્ષા અકાદમીનો મુદ્રાલેખ 'સેવા પરમો ધર્મ:' છે. લશ્કરની ત્રણેય સેવા - હવાઈ દળ, નૌકાદળ અને પાયદળના જવાનોને સંયુક્ત તાલીમ આપનારી વિશ્વની આ એકમાત્ર ઍકેડેમી પુણેના ખડકવાસલા નજીક આવેલી છે. પોતપોતાની સેવામાં જોડાતા અગાઉની તાલીમમાં જતાં પૂર્વે ત્રણેય પાંખના ઉમેદવારો એન.ડી.એ.માં સંયુક્ત તાલીમ મેળવે છે.

૭૦૧૫ એકરમાં પથરાયેલા એકેડેમીના કેમ્પસના જન્મની વાત રસપ્રદ છે. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન પૂર્વ આફ્રિકાના સુદાનને આઝાદ કરવા માટે ભારતીય જવાનોએ આપેલા બલિદાન પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરવા સુદાન સરકારે એક લાખ ડોલરની ભેટ ૧૯૪૧માં ભારતના ગવર્નર જનરલ લોર્ડ લીનવીથગોને આપી હતી. એ રકમમાંથી બનેલી નેશનલ ડિફેન્સ ઍકેડેમીનું ઉદ્‌ઘાટન ૧૯૫૫ની ૧૬મી જાન્યુઆરીએ તત્કાલીન વડાપ્રધાન જવાહરલાલ નેહરુએ કર્યું હતું.

એન.ડી.એ.માં જોડાવા ઇચ્છુક ઉમેદવારોની પસંદગી યુ.પી.એસ.સી. (યુનિયન પબ્લિક સર્વિસ કમિશન)ની લેખિત પરીક્ષા દ્વારા થાય છે. ત્યારબાદ શારીરિક-સામાજિક કૌશલ્ય ઉપરાંત માનસ શાસ્ત્રીય પરીક્ષા અને ટીમવર્ક જેવા મામલાના સમાવેશ સહિતના વિસ્તૃત ઇન્ટરવ્યુ બાદ અંતિમ પસંદગી થાય છે. દર વર્ષે લગભગ ૪.૨ લાખ વિદ્યાર્થી લેખિત પરીક્ષામાં બેસે છે. આમાંથી માત્ર ૬૧૦૦ ઇન્ટરવ્યુ સુધી પહોંચે છે. આમાંથી હવાઈદળ માટે ૭૦, નૌકાદળ માટે ૪૨ અને પાયદળ માટે ૨૦૮ ઉમેદવાર જાન્યુઆરી અને જુલાઈમાં શરૂ થતાં સત્રમાં અભ્યાસ કરે છે. અહીંથી સફળતાપૂર્વક આગળ વધનારા ઉમેદવારોને પોતપોતાની પસંદગીની લશ્કરી પાંખમાં એક વર્ષની તાલીમ માટે મોકલાય છે.

એન.ડી.એ.નું મહત્ત્વ શબ્દમાં વર્ણવવું મુશ્કેલ છે. હાલની લશ્કરની ત્રણેય પાંખના વડા એન.ડી.એ.ના ભૂતપૂર્વ વિદ્યાર્થી છે. અહીંના વિદ્યાર્થીઓ સ્વતંત્રતા બાદ મોટાભાગના મહત્ત્વના યુદ્ધમાં લડી ચૂક્યા છે. આ ઍકેડેમીના વીરલામાં ત્રણ પરમવીરચક્ર વિજેતા અને નવ અશોકચક્ર વિજેતા છે.

નેશનલ ડિફેન્સ ઍકેડેમીની વધુ વિગત માટે જુઓ

વેબસાઈટ : nda.nic.in

– *પ્રફુલ શાહ*

## ♦ અધ્યાપન સંકેત ♦


દેશની સુરક્ષા બાબતની વાતો કર્યા પછી પ્રસ્તુત સત્યઘટના વિશે ભાવવાહી અને જુસ્સાયુક્ત રીતે વાર્તા કહેવી. જરૂર લાગે ત્યાં વિદ્યાર્થીઓમાં દેશદાઝ ઉત્પન્ન કરવા કે જાગૃત કરવા પ્રેરણા આપવી. અત્યાર સુધીમાં વિદ્યાર્થીઓ જે-જે શૂરવીરો વિશે ભણી ગયા છે તેમના વિશેની વાતો યાદ કરાવી વિદ્યાર્થીઓમાં પણ દેશભક્તિની લાગણી જગાડવાનો પ્રયત્ન કરવો. બાળકોમાં લશ્કરમાં જોડાવાનાં વિચારો આવે તેવા પ્રયત્ન કરવાં. ધોરણ ૬માં ભણી ગયેલ પરમવીરચક્ર વિજેતા – આપણા વીરપુરુષોની યાદ અપાવવી.

**"કોઈ એમ કહે કે, "હું મોતથી ડરતો નથી**
**તો એ જૂઠું બોલે છે કાં તો એ ગુરખો છે."**

**– ફિલ્ડ માર્શલ જનરલ માણકેશા**

# ♦ બાળકોની કૃતિઓ ♦

## મારે ઊડવું છે.



મારે ઊડવું છે.

મારે ઊડવું છે ઊંચે આકાશમાં
મારે પંખી થઈ ભમવું આકાશમાં

મારે ચાખવો છે સ્વાદ પેલાં વાદળ નો
મારે માણવો છે સ્વાદ ઝરી ઊડવાનો
મારે ઊડવું છે ઊંચે આકાશ માં
મારે રહેવું છે એકવાર માળામાં
મારે ચણવી છે ચણ મારા ભાણામાં
મારે ઊડવું છે ઊંચે આકાશમાં

પંખી બનું તો ના જરૂર મારે પ્લેનની
ના રે જરૂર હેલિકૉપ્ટરની
આભ જેવું મન જો વિશાળ બની જાય
પછી રહેશે જરૂર નહીં આભની
ભમવું છે, ફરવું છે, ઊડતાં જ રહેવું છે
મારે આભ જેવા એ મન માં
તો કહી ઊડવું છે ઊંચે આકાશ માં.

ઝીલુ મરચંટ







ચકલી

ચકલી મેક અપ કરતી જાય
ચકલાને તો ટેન્શન થાય

ચકલી પિક્ચર જોવા જાય
સાથે ચકલાને લઈ જાય

ચીં ચીં ચીં ચીં કરતી જાય
પોપકોર્ન આઈસ્ક્રીમ ખાતી જાય


ચકલાને તો મનમાં થાય
આ પિક્ચર ક્યારે પૂરું થાય

– પ્રીતા પંડ્યા

# એકડાથી દસડો

▫ એકડાથી દસડો

એકડાએ કીધું બગડાને
મને થોડું પાણી આપ
બગડાએ પૂછ્યું ત્રગડાને
માટલું ક્યાં રાખ્યું તે આજ
ચોગડાએ સાંભળી આ વાત
પાંચડાને ધમકાવ્યો ત્યાં જ
છગડાએ તો લાડુ ખાધા
સાતડાને દોડાવ્યો
આઠડાના ઘર સુધી
નવડાએ સાંભળી આ વાત
દસડાને ખવડાવ્યા હીંચકા
ત્યાં દસડાને મળ્યું માટલું
અને પીવડાવ્યું એકડાને પાણી
ત્યારે એકડાની તરસ છીપાણી



સૌમ્ય

મિત્રો,

અહીં આપેલાં ત્રણેય કાવ્યો વાંચ્યાં ને તમને મજા પડી કે નહિ ?

તમે જાણો છો કે આ કાવ્યો તમારાં જેવાં બાળકોએ જ લખ્યાં છે.

તમે પણ આવાં કાવ્યો લખી શકો છો. તો તમને ગમતાં કોઈપણ વિષય ઉપર આજથી જ લખવાનું શરૂ કરી દો. મૂંઝવણ થાય તો વર્ગશિક્ષક તમને મદદ કરવા તૈયાર જ છે. તો ઝડપી લો આ તકને !

# ભાષિક સમજ

## ક્રિયાવિશેષણ


♦ નિરીક્ષણ કરો.



ચડવાની ક્રિયા થાય છે.

ક્યાં ?

ઝાડ ઉપર



ઊગવાની ક્રિયા

ક્યારે ?

સવારે



દોડવાની ક્રિયા

કેવી રીતે ?

ઝડપથી / ધીમેધીમે



આપવા - લેવાની ક્રિયા

ક્યારે ?

પહેલાં - પછી



જમવાની ક્રિયા

કેટલું ?

થોડું - વધારે

- **વાક્યો વાંચો.**

૧) ઉમેશ <u>ઝાડ ઉપર</u> ચડ્યો.
૨) સૂરજ <u>સવારે</u> ઊગે છે.
૩) છોકરો <u>ઝડપથી</u> દોડે છે.
૪) દુકાનદાર માલ આપે <u>પછી</u> ગ્રાહક પૈસા આપે છે.
૫) બાળકો જમવામાં <u>થોડું જ</u> ખાય છે.

- **ઉપરનાં વાક્યોમાં લીટી દોરેલા શબ્દો ક્રિયાના અર્થમાં વધારો કરે છે.**

**: આટલું યાદ રાખો :**

ક્રિયાના અર્થમાં વધારો કરનાર શબ્દને **'ક્રિયાવિશેષણ'** કહેવાય છે.

- **હંમેશાં યાદ રાખો.**

''બની સાથી ક્રિયાપદનું વધારો અર્થનું કરતું,
ક્રિયાનું એ વિશેષણ છે વિશેષણથી જરા જુદું.''

- **ચાલો મહાવરો કરીએ.**

**ક્રિયા વિશેષણ શોધી નીચે લીટી દોરો.**

૧) કાલે મિતેશ વહેલો જવાનો છે. ..........................................
૨) ગણપતિએ ઝડપથી લખ્યું ને શિક્ષક જોતા રહ્યા. ..........................................
૩) મંદિરમાં જોરજોરથી ઝાલર વાગતી હતી. ..........................................
૪) હાસ્ય કલાકારો ખૂબ હસાવે છે. ..........................................
૫) સંદીપ હમણાં આવવો જોઈએ. ..........................................

## ક્રિયાવિશેષણના પ્રકાર

**૧) યાદ રાખો :** ઈશ ઉપર, ઈશ નીચે, ઈશ દૂર ને નજીકમાં છે ;
તમે જ્યાં જ્યાં જુઓ ત્યાં ત્યાં ઈશ્વરનો વાસ છે.

**ચાવીરૂપ શબ્દો :**

અહીં, નજીક, નીચે, ઉપર, ત્યાં, પાછળ, પાસે, સામે વગેરે.

- ઉદાહરણો :

૧) અશોક કવિતા અહીં જ ગાતો.
૨) નજીકમાં જ ગરમ પાણીના કુંડ છે.
૩) અમારી શાળાની પાછળ રમતનું મોટું મેદાન આવેલું છે.
૪) શિક્ષક વિદ્યાર્થીઓ પાસે આવ્યા.

**સ્થળવાચક ક્રિયાવિશેષણ**

૨) **યાદ રાખો.**

૧) સદા એ સાથમાં રહેતો, કદી છૂટો નથી પડતો ;
જુઓ જ્યારે મળો ત્યારે નિરંતર અંતરે વસતો.

૨) હંમેશાં તું મને જુએ નજીકથી નિત્ય નીરખે છે.
હજારો આંખથી મારી સદા સંભાળ રાખે છે.

- **ચાવીરૂપ શબ્દો** : અત્યારે, ક્યારે, હમણાં, તરત, વારંવાર વગેરે.
- ઉદાહરણો :

૧) મેં આ વાર્તા અત્યારે જ સાંભળી.
૨) સુનિતા વારંવાર ભૂલી જાય છે.
૩) ફોન કરતાં પોલીસ અકસ્માત સ્થળે તરત આવી ગઈ.
૪) આપણે હંમેશાં સાચું બોલવું જોઈએ.

**કાળવાચક (સમયવાચક) ક્રિયાવિશેષણ**

૩) **યાદ રાખો** : એકદમ તું માન આ મન રાહ ના બતલાવશે,
બંદગી તું કર ખુદાની, રાહ એ દર્શાવશે.

- **ચાવીરૂપ શબ્દો** : કેમ, જેમ, આમ, એમ, એકદમ, સડસડાટ, ધડાધડ.
- ઉદાહરણો :

૧) ધરતીકંપનો આંચકો આવતાં મકાનો ધડાધડ પડવા લાગ્યાં.
૨) સાતના ટકોરા સાંભળી હું એકદમ જાગી ગઈ.
૩) વરસાદ ઝરમર વરસતો હતો.
૪) મારી સાવ નજીકથી મોટર સડસડાટ ચાલી ગઈ.

**રીતિવાચક ક્રિયાવિશેષણ**

૪) **યાદ રાખો** : ખુદા આગળ ને પાછળ છે, ખુદા પહેલાં ને છેલ્લે છે.
નહીં ખાલી જગ્યા કોઈ ખરેખર જ્ઞાન તો આ છે.

- **ચાવીરૂપ શબ્દો** : આગળ, પાછળ, પહેલાં, પછી વગેરે.
- ઉદાહરણો :

૧) હું આગળ નીકળી ગઈ, બા પાછળ રહી ગયાં.
૨) પાર્થને જવા દો, તેના પછી તમારો વારો.
૩) તું કેમ બધાની પાછળ રહી ગયો ?
૪) નાનાં બાળકોને પહેલાં જમાડી લો.

**ક્રમવાચક ક્રિયાવિશેષણ**

૫) **યાદ રાખો :** રખે ભૂલો પડે જો તું જરૂર એ માર્ગ દર્શાવે
કૃપા એની સતત વરસે તું જો એ માર્ગ પર ચાલે.

- **ચાવીરૂપ શબ્દો :** જરૂર, અવશ્ય, ખરેખર, રખે, જાણે, કદાચ વગેરે.
- ઉદાહરણો :
  - ❖ તેઓ કદાચ ચાલ્યા ગયા હશે.
  - ❖ ગાંધી સાહેબ તમારી સાથે અવશ્ય આવશે.
  - ❖ આ દશ્ય ખરેખર ખૂબ સરસ છે.
  - ❖ તમારું કામ એ જરૂર કરી આપશે.

**નિશ્ચયવાચક ક્રિયાવિશેષણ (સંભાવનાવાચક)**

૬) **યાદ રાખો :** ભલે પાપો કર્યાં ઝાઝાં, પ્રભુ તો પતિતપાવન છે,
તમે પસ્તાઈને પાછા ફરો તો આશ્રયે લે છે.

- **ચાવીરૂપ શબ્દો :** ઠીક, વારુ, ભલે, હા, સારુ.
- ઉદાહરણો :
  - ❖ હા, કાલે હું સમયસર આવીશ.
  - ❖ ઠીક છે. મને એ ચાલશે.
  - ❖ ભલે ત્યારે, આ વખતે તમારા ઘરે કાર્યક્રમ રાખીએ.
  - ❖ સારુ – તમારી વાત અમને મંજૂર છે.

**સ્વીકારવાચક ક્રિયાવિશેષણ**

૭) **યાદ રાખો :** ન બોલો કોઈનું બૂરું, ન આપો ત્રાસ કોઈને,
ન દુભવો કોઈનું હૈયું,
ખરે એ પુણ્ય મોટું છે.

- **ચાવીરૂપ શબ્દો :** ન, મા, ના, નહિ, નથી વગેરે.
- ઉદાહરણો :
  - ❖ અહીં મારાથી ન રહેવાય.
  - ❖ મેં કોઈ ખોટું કામ કર્યું નથી.
  - ❖ રમતાં રમતાં અભ્યાસ કરાય નહિ.
  - ❖ કિશોર, લતાને માર મા. તે રડશે.

**નકારવાચક ક્રિયાવિશેષણ**

૮) **યાદ રાખો :** ખૂબ સમજાવું છતાં મન કેમ તું માને નહિ ?
દર્દ આપી જાય તેને કેમ તું ભૂલે નહિ ?

- **ચાવીરૂપ શબ્દો :** ખૂબ, જરા, થોડું, ઘણું, ઓછું, અતિશય, ભરપૂર, અધૂરું વગેરે.

- ઉદાહરણો :

૧) રામભાઈએ જરાય ખાધું નહિ.
૨) અમારા ઘરે ખૂબ તુલસી થાય છે.
૩) અધૂરો ઘડો છલકાય છે.
૪) સરોવરમાં ભરપૂર પાણી છે.

**પરિમાણવાચક ક્રિયાવિશેષણ**

શિક્ષકમિત્રો,

આ વર્ષે અનુક્રમણિકામાં દરેક કૃતિના અધ્યયન માટે અપેક્ષિત પિરિયડ દર્શાવવાનો નૂતન અભિગમ અપનાવ્યો છે તે આપ સૌ નક્કી આવકારશો.

અહીં આપેલી પિરિયડની વહેંચણી સંપૂર્ણ સ્થિતિસ્થાપક છે છતાં દરેક કૃતિનું અધ્યયન ઓછા પિરિયડમાં પૂરું ન કરવાનો આગ્રહ અવશ્ય રાખવો.

ઉપક્રમ માટે બે પિરિયડ આપેલા છે. તેથી એવા જ અન્ય ઉપક્રમ શિક્ષક પોતાની કલ્પકતાથી કરાવી શકશે અને વિદ્યાર્થીઓને જાતે તૈયાર કરવાની પ્રેરણા પણ આપી શકશે.

ભાષિક સમજને ફાળવેલા પિરિયડમાં અગાઉ શીખી ગયેલા વિષયોનું પુનરાવર્તન પણ કરાવી શકાય. અને પિરિયડ ઓછા પડે તો કવિતાના પિરિયડમાંથી લઈ પણ શકાય.

‘હું વાંચું........ તમે પણ વાંચો’ નો અલગ વિભાગ ન હોવા છતાં તેને માટે અલગ પિરિયડ ફાળવેલા છે. તેના પ્રશ્નોત્તરો પણ કરાવવાના નથી છતાં તેનું વાંચન કરાવવું આવશ્યક છે. તે વાંચીને તેઓ સમજી શકે તે માટે શિક્ષકે માર્ગદર્શકની ભૂમિકા બજાવવાની છે.

# કવિ-લેખક પરિચય

## ૧. હરિ આવોને (પ્રાર્થના)

**ન્હાનાલાલ** : કવિ ન્હાનાલાલનો જન્મ ૧૮૭૭માં અમદાવાદમાં થયો હતો. તેમણે રસસભર કાવ્યો અને વિપુલ સાહિત્ય સર્જન દ્વારા ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ કર્યુ છે. કાવ્ય, ઇતિહાસ અને તત્ત્વજ્ઞાનનો ત્રિવેણી સંગમ તેમના સર્જનને ઓજસ અર્પે છે. કાવ્યો, નાટકો, નવલકથા, વિવેચન, ચરિત્ર વગેરે સાહિત્યસ્વરૂપોમાં તેમણે પોતાની આગવી પ્રતિભા દર્શાવી છે. તેમણે જે કંઈ સર્જ્યું તે ઊચ્ચ કોટિનું છે. આ સિવાય તેઓ રાજકોટના નાયબ દીવાન અને કેળવણીકાર હતા, વળી તેમણે રાજકુમાર કોલેજના અધ્યાપક તરીકે કાર્ય કર્યું હતું.

'ન્હાના ન્હાના રાસ', 'કેટલાંક કાવ્યો', 'ઈન્દુકુમાર', 'જયા જયન્ત' એમની પ્રસિદ્ધ કૃતિઓ છે.

## ૨. બીરબલનો દીકરો

**મુકુંદ શાહ** : મુકુન્દ પ્રાણજીવનદાસ શાહનો જન્મ ૧૯૨૩માં અમદાવાદના શિનોરમાં થયો હતો. તેઓ નોનમેટ્રિક હતા. પત્રકારત્વના ક્ષેત્રમાં તેમણે 'નવચેતન', 'કતાર લેખન', 'સમભાવ', 'ગુજરાત', 'મુંબઈ સમાચાર'ના સંપાદક તરીકે કામ કર્યું હતું. કુસુમ પ્રકાશન (અમદાવાદ)ના સંચાલક પદને તેમણે શોભાવ્યું છે. 'જીવનમાં આગળ વધવું છે'નું બ્રેઈલ લિપિમાં તેમણે સંપાદન કર્યું. તેઓ ધનજી કાનજી સુવર્ણચંદ્રકથી સન્માનિત થયા છે. તે ઉપરાંત જયભિખ્ખુ પુરસ્કાર તેમજ સંસ્કાર પરિવારના પુરસ્કાર પણ મળ્યા છે.

સાહિત્યના ક્ષેત્રે તેમણે નિબંધ, નવલિકા, સંપાદન, હાસ્યસાહિત્યમાં અનોખું પ્રદાન કર્યું છે.

## ૩. જલશક્તિ ગીત

**સાંઈરામ દવે** : સૌરાષ્ટ્રના જામનગરમાં ઇ.સ. ૧૯૭૭માં જન્મેલા સાંઈરામ દવે ગુજરાતી વર્તમાનપત્ર 'મિડડે' અને 'સંદેશ'માં હાસ્યલેખક તરીકે લેખન કરે છે. તેમની બે કૉલમો અનુક્રમે 'સાંઈરામનું હાયરામ' અને 'મસ્તીના પૂર' નિયમિત પ્રસિદ્ધ થાય છે. ગુજરાત સરકારે તેમને 'ગુજરાત ગૌરવ પુરસ્કાર'થી નવાજ્યા છે. તેમનો પ્રથમ કાવ્યસંગ્રહ 'સાંઈરામના હસતા અક્ષર' છે. 'રંગ કસુંબલ ગુજરાતી' અને 'અક્ષરની આંગળિયું ઝાલો' એ તેમનાં અન્ય પુસ્તકો છે.

## ૪. સારા અક્ષર

**પિંકી શાહ** : પિંકીબેન શાહનો જન્મ ઇ.સ. ૧૯૬૯માં અમદાવાદમાં થયો છે. 'ગુજરાતી ધ્વનિ વ્યવસ્થા' અને 'ગુજરાતી કોશરચના' વિશે એમણે સંશોધનો કર્યા છે. એમફીલ, પી.જી. ડિપ્લોમા ઇન લિંગવિસ્ટિક્સ પી.એચ.ડી., ગુજરાતી ધ્વનિ વિચારણાની વ્યવસ્થા તેમણે કરી હતી. ૧૯૯૮માં તેઓ અમદાવાદની એફ.ડી.આર્ટસ કોલેજના ગુજરાતી વિભાગના અધ્યક્ષ હતા. ભાષાવિજ્ઞાન, કોશરચના અને જોડણી જેવાં તેમનાં પ્રકાશનો ૧૯૯૯માં પ્રગટ થયાં હતાં.

## ૫. હો રંગરસિયા

**લોકગીત** : લોકો દ્વારા રચાયેલું, પોતપોતાની સંસ્કૃતિને વિવિધ ગીતો દ્વારા પ્રગટ કરતું ગીત એટલે લોકગીત. જીવનના વિવિધ તબક્કે, વિવિધ પ્રસંગોમાં લોકોના મુખમાંથી સરી પડેલા શબ્દોએ ગીતોનું સ્થાન પ્રાપ્ત કરી આપણી પરંપરાગત માન્યતા અને રિવાજો તહેવારો તથા આપણી સંસ્કૃતિને જીવંતતા અર્પી છે. લોકગીતમાં ભજનો, હાલરડાં, ગરબા, લગ્નગીતો, શૌર્યગીતો, ઋતુગીતો વગેરેનો સમાવેશ થાય છે.

## ૬. લોહી વિનાની સગાઈ

**આશુ પટેલ** : અશ્વિનકુમાર રવજીભાઈ ખાંટ તેમનું મૂળ નામ છે. તેમનો જન્મ ૧૯૬૮માં થયો છે. ગુજરાતના જામનગર જિલ્લાના જામ સાખપુરના વતની છે. તેમણે ૩૮ પુસ્તકો લખ્યાં છે. તેમજ અનેક સમાચારપત્રોમાં રીપોર્ટરથી માંડીને તંત્રી તરીકેની ફરજ બજાવી છે. સાહિત્ય ક્ષેત્રે તેમણે ટૂંકી વાર્તાઓ, નવલકથાઓ, પ્રવાસવર્ણનો, વિવિધ લેખો તેમજ હાસ્યલેખો દ્વારા પોતાનો અમૂલ્ય ફાળો આપ્યો છે.

મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમીના સભ્ય તરીકે બે વખત ફરજ બજાવી ચૂક્યા છે.

## ૭. મોર એનું પગલું મૂકેને

**મહેશ શાહ** : મહેશ નાનાલાલ શાહનો જન્મ ઈ.સ. ૧૯૪૭માં મુંબઈમાં થયો હતો. તેમણે સમર્પણ (પાક્ષિક) જનશક્તિ (દૈનિક)માં લેખનકાર્ય કર્યું. બાલભારતી કૉલેજમાં અધ્યાપક તરીકે તેમજ આકાશવાણીમાં તેઓ કાર્યરત હતા. તેમના વૈવિધ્યસભર લેખનમાં કાવ્યો, નૃત્યનાટિકા, ટૂંકીવાર્તા, નિબંધ, લેખો, કોલમનો સમાવેશ થાય છે.

## ૮. ફિલ્ડીંગની મઝા

**બકુલ ત્રિપાઠી** : ત્રિપાઠી બકુલ પદ્મમણિશંકર (ઠોઠ નિશાળિયો)નો જન્મ ૧૯૨૮માં થયો હતો. તેઓ અમદાવાદની એચ.એલ.કૉમર્સ કૉલેજના પ્રાધ્યાપક હતા. તેઓ આકાશવાણી કાર્યક્રમ સલાહકાર સમિતિના સભ્ય હતા. તેમને કુમારચંદ્રક તેમજ જ્યોતીન્દ્ર દવે પારિતોષિક પ્રાપ્ત થયા હતા. તેમનાં ત્રણ પુસ્તકો 'સોમવારની સવારે', 'વૈકુંઠ નથી જાવું' અને 'દ્રોણાચાર્યનું સિંહાસન' ગુજરાત રાજ્ય દ્વારા પુરસ્કૃત થયાં છે.

## ૯. વૃક્ષો

**શોભિત દેસાઈ** : શોભિત દેસાઈનો જન્મ ૧૯૫૬માં થયો છે. ગુજરાતી ગઝલમાં આદરણીય સ્થાન ધરાવતા મોટા ગજાના કવિ છે. સતત ૪૦ વર્ષથી ગઝલમાં તેઓનું અપ્રતિમ યોગદાન છે.

અદ્ભુત સ્મરણશક્તિની દેન ધરાવતા કવિશ્રીને ઉર્દૂમાં ગાલીબથી મીર અને ગુજરાતીમાં નરસિંહ–મીરાંથી લઈ વર્તમાન અનેકાનેક શાયરોની રચના એમને કંઠસ્થ છે. તેઓ ઉત્તમ કક્ષાના સંચાલક છે. મુશાયરા અને ગઝલના કાર્યક્રમને તેમણે પોતાની ગઝલો અને આગવી સંચાલન કલા દ્વારા એક અદ્ભુત ઊંચાઈ અર્પી છે.

## ૧૦. સાદું જીવન

**મોહમ્મદ માંકડ** : માંકડ મોહમ્મદ વલીભાઈનો જન્મ ૧૯૨૮માં સૌરાષ્ટ્રમાં આવેલા પાળિયાદમાં થયો હતો. તેઓ ગુજરાત રાજ્ય પબ્લિક સર્વિસ કમિશન (અમદાવાદ)ના સભ્ય હતા. તેમણે ગુજરાત સાહિત્ય અકાદમી (ગાંધીનગર)માં અધ્યક્ષનું પદ શોભાવ્યું હતું. વર્તમાનપત્રોમાં તેમની નિયમિત કોલમ ‘કેલિડોસ્કોપ’ આવતી તે ઘણી લોકપ્રિય હતી. તેમની આવી કોલમોનું સંકલન પ્રગટ કરતાં પુસ્તકો પણ પ્રકાશિત થયાં છે. ગુજરાતી સાહિત્યમાં નવલકથા, લઘુનવલ, નવલિકા, ચિંતન અને બાળસાહિત્યમાં તેમનો અમૂલ્ય ફાળો છે.

## ૧૧. ઘડતર

**પ્રતાપસિંહ હ. રાઠોડ** : રાઠોડ પ્રતાપસિંહ હરિસિંહનો જન્મ ૧૯૪૧માં સાબરકાંઠામાં આવેલા વક્તાપુરમાં થયો હતો. તેઓ નિવૃત્ત આચાર્ય છે. સંસ્કાર એવૉર્ડ તેમજ મિડિયા એવૉર્ડ તેમણે પ્રાપ્ત કર્યા છે. સાહિત્યના ક્ષેત્રે તેમનો કવિતાસંગ્રહ, લોકવાર્તા અને વાર્તાસંગ્રહ રજૂ થયેલા છે.

## ૧૨. પાંચ ચમચી મીઠું

**સુધા મૂર્તિ** : સુધા મૂર્તિનો જન્મ ઇ.સ. ૧૯૫૦માં કર્ણાટકના શીગોનમાં થયો હતો. તેમણે કમ્પ્યુટર સાયન્સમાં એમ.ટેક. કર્યું છે અને હાલ ઇન્ફોસિસ ફાઉન્ડેશનના ચેરપર્સન છે. અંગ્રેજી અને કન્નડમાં તેમણે વિપુલ સાહિત્ય સર્જન કર્યું છે. બાળસાહિત્યના અનુવાદિત બે ગુજરાતી પુસ્તકો ‘મારે તો ચાંદો જોઈએ’ અને ‘સાચને નહીં આંચ’ ખૂબ જ વંચાયાં છે. સાહિત્ય માટે તેમને ‘આર કે નારાયણ’ એવૉર્ડ પ્રાપ્ત થયો છે. તેમજ ૨૦૦૬માં પદ્મશ્રી એવૉર્ડથી સન્માનિત થયા છે. કન્નડ સાહિત્યમાં ઉત્કૃષ્ટ પ્રદાન બદલ કર્ણાટક સરકાર તરફથી ‘Attimabbe Award’ પ્રાપ્ત થયો છે.

## ૧૩. વેળા

**ગીતા પરીખ** : પરીખ ગીતા સૂર્યકાન્તભાઈનો જન્મ ૧૯૨૯માં ભાવનગરમાં થયો હતો. તેમણે પી.એચ.ડી. કરેલ છે. સંગીત અને શિક્ષણ તેમની પ્રિય પ્રવૃત્તિ છે. તેમની કવિતા 'પૂર્વી' ગુજરાત સરકાર દ્વારા તેમજ ગુજરાતી સાહિત્ય સભા દ્વારા પુરસ્કૃત છે. 'નવો પલટો' તેમની અનુવાદિત કૃતિ છે. ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા તેમને સંસ્કાર પારિતોષિક પ્રાપ્ત થયેલ છે.

## ૧૪. પવિત્ર આંસુ

**સાને ગુરુજી/નટવર દવે** : સાને ગુરુજી મહારાષ્ટ્રના ખૂબજ જાણીતા લેખક છે. તે ઉપરાંત તેઓ સમાજ સુધારક, સ્વાતંત્ર્ય સેનાની અને તત્ત્વજ્ઞાની પણ હતા. તેમની આત્મકથા 'શ્યામચી આઈ' પુસ્તકનો ગુજરાતી અનુવાદ શ્રી નટવરલાલ દવેએ કર્યો છે. 'શ્યામચી આઈ' પુસ્તક એટલું બધુ પ્રસિદ્ધ બન્યું કે તેના ઉપરથી એક ચલચિત્ર બનાવવામાં આવ્યું છે. આ ચલચિત્રને સર્વોત્તમ પુરસ્કાર પ્રાપ્ત થયો છે. આ પુસ્તકનું એક પ્રકરણ 'ભૂતદયા' ચોથા ધોરણમાં, 'મૂંગાં ફૂલ' પાંચમા ધોરણમાં અને છઠ્ઠા ધોરણમાં 'પાતળ' આપણે શીખી ગયા છીએ. હવે આ વર્ષે સાતમા ધોરણમાં આપણે 'પવિત્ર આંસુ'નું પ્રકરણ શીખીશું.

## ૧૫. મારું ચકડોળ

**અવિનાશ વ્યાસ** : વ્યાસ અવિનાશ આણંદરાયનો જન્મ ૧૯૧૨માં વીસનગરમાં થયો હતો. તેમને પદ્મશ્રી એવૉર્ડ પ્રાપ્ત થયો છે. સિનેમા ક્ષેત્રે ગીતોનું અર્પણ અને સંગીત દિગ્દર્શક ગુજરાતી સંગીત નાટક અકાદમી દ્વારા ગૌરવ પુરસ્કાર પ્રાપ્ત થયા છે. તે ઉપરાંત કવિતા તેમજ નૃત્યનાટિકાને તેમણે પોતાની આગવી શૈલીથી રજૂ કરેલા છે. ઉત્તમ ગીતકારની સાથે તેઓ શ્રેષ્ઠ સ્વરકાર પણ છે. સૈકા પછી પણ તેમની રચનાઓ તાજગીસભર જણાય છે. ગીત, ભજન, ગરબા, રાસ જેવા કાવ્યસ્વરૂપમાં રહેલી નારી સંવેદનાને ગદ્યરૂપ આપવામાં તેમનું યોગદાન નોંધપાત્ર છે.

## ૧૬. એક માત્ર વીરલો

**પ્રફુલ શાહ** : ઇ.સ. ૧૯૫૯માં જન્મેલા આ લેખક ગુજરાતી પત્રકાર છે. ગુજરાતી અગ્રગણ્ય વર્તમાનપત્રોમાં તેમણે તળિયાથી ટોચ સુધીની કામગીરી બજાવી છે. લશ્કરી જવાનો પરની કટાર 'યુદ્ધકેસરી' અને માનવમનના અભ્યાસ સમી અપરાધ કથાની લોકપ્રિય શ્રેણીઓના લેખનમાં તેમનું વિશિષ્ટ યોગદાન છે 'દશ્યમ-અદશ્યમ', 'યુદ્ધકેસરી' અને 'સરનામાં ઝિંદાદિલીનાં' તાજેતરમાં જ તેમનાં આ ત્રણ પુસ્તકો પ્રકાશિત થયા છે. 'અજબ-ગજબ-કસબ' અને 'એક પટરાણી-એક ખટપટ રાણી' તેમના લખેલાં નાટકો છે. 'રજની', 'વંશ' અને 'સ્વપ્નકિનારે' જેવી લોકપ્રિય ધારાવાહિક ટી.વી. શ્રેણીનું લેખનકાર્ય પણ તેમણે કરેલું છે. તો ફિલ્મ ક્ષેત્રે 'The white land'નું સ્ક્રીપ્ટલેખન કર્યું છે.

## માર્ગદર્શક કૃતિ પત્રિકા

''લોહી વિનાની સગાઈ '' પાઠમાંથી નીચેના ગદ્યખંડોનું ધ્યાનપૂર્વક વાંચન કર્યા પછી તેના આધારે અહીં આપેલી કૃતિઓ તમારી સમજ પ્રમાણે કરો :

**ગદ્યખંડ -૧** બંને દીકરાઓ ઉચ્ચ અભ્યાસ.................... હરિભજન કરીશ.

**ગદ્યખંડ - ૨** કિશનભાઈના બંને દીકરાના.................. પૈસા પણ લેવા પડ્યા.

**ગદ્યખંડ -૩** હવે કિશનભાઈને નિરાંત...................... એ ત્રાસ અસહ્ય બની ગયો.

**કૃતિ ૧ -** ઉદાહરણ પ્રમાણે વર્તુળમાં યોગ્ય શબ્દ લખો.

| ઉદાહરણ | અપૂર્ણ | - | પૂર્ણ |
|---|---|---|---|
| ૧) | ગામડું | - | |
| ૨) | | - | સહ્ય |
| ૩) | જાહેર | - | |
| ૪) | | - | જમીન |
| ૫) | વેચવું | - | |
| ૬) | | - | સગવડ |

**કૃતિ - ૨ કોણ તે કહો.**

૧) કિશનભાઈની ઈર્ષ્યા કરનાર -
૨) જીવનભરની બચત મકાન બનાવવામાં ખર્ચી નાંખનાર -
૩) રોજેરોજ ઘરમાં કકળાટ કરનાર -

**કૃતિ - ૩ યોગ્ય રીતે જોડો.**

| (અ) | (બ) |
|---|---|
| ૧) આંખ આડા કાન કરવા | ક) માન્યતા ખોટી પડવી. |
| ૨) અસહ્ય બની જવું | ખ) સાંભળવા છતાં ન સાંભળવાનો દેખાવ કરવો. |
| ૩) ધારણા ખોટી પડવી | ગ) સહન ન થવું. |

## કૃતિ -૪ ક્યાં તે કહો.

૧) બંને દીકરાઓ નોકરીએ લાગ્યા.

૨) ગામડાઓએ કિશનભાઈને કામ બંધ કરવા કહ્યું.

૩) વહુઓ ઝઘડાખોર હોવાથી રોજનો કકળાટ શરૂ થયો.

## કૃતિ - ૫ યોગ્ય વિકલ્પ પસંદ કરી વાક્ય ફરીથી લખો.

૧) ગામડાઓને કિશનભાઈની ઈર્ષ્યા થવા લાગી કારણ કે.........

ક) કિશનભાઈને જલસા થઈ ગયા હતાં.

ખ) કિશનભાઈના દીકરાઓને નામાંકિત કંપનીમાં નોકરી મળી ગઈ હતી.

ગ) કિશનભાઈએ ખેતરમાં જવાનું બંધ કરી દીધું હતું.

૨) કિશનભાઈએ જીવનભરની બચત મૂડી ................. ખર્ચી નાંખી.

ક) દીકરાઓના લગ્ન કરવામાં

ખ) દીકરાઓ માટે અલાયદા મકાન ખરીદવાં

ગ) કાચા મકાનને પાકું બનાવવામાં


૩) કિશનભાઈની પત્ની માટે ત્રાસ અસહ્ય બની ગયો કારણ કે .................

ક) બંને વહુઓ ઉડાઉ હતી.

ખ) ઘરમાં રોજ કકળાટ થતો.

ગ) વહુઓ કામચોર હતી.

## કૃતિ - ૬ નમૂનાપ્રમાણે શબ્દ બનાવી બાજુમાં લખો.




૧) ઝઘડાખોર

૨) .......................

૩) .......................

૪) .......................

૫) .......................

૬) .......................

## કૃતિ -૭ નમૂના પ્રમાણે શબ્દ બનાવો.

જીવન
દિવસ
આયુષ્ય
જગત
રાત
વિશ્વ

ભર

જીવનભર

........................
........................
........................
........................
........................
........................
........................

## કૃતિ - ૮ નીચેના શબ્દોના અર્થ જેવા જ અન્ય શબ્દો શોધો.

| નામાંકિત | અલાયદું | ઈર્ષ્યા | કકળાટ | ધારણા |
|---|---|---|---|---|
| પ્રખ્યાત જાણીતું | | | | |

## કૃતિ - ૯ નીચેનાં વાક્યોને બહુવચનમાં ફેરવો.

૧) દીકરો શહેરની ખાનગી કંપનીમાં કામે લાગ્યો.
૨) જીવનભરની બચતથી પાકું મકાન બનાવ્યું.
૩) દીકરાનું લગ્ન નક્કી થઈ ગયું,

## કૃતિ - ૧૦ કિશનભાઈનું આંખ આડા કાન કરવા પાછળનું કારણ જણાવો.

# इयत्ता १ ली ते ८ वी साठीची पाठ्यपुस्तक मंडळाची वैशिष्ट्यपूर्ण पुस्तके

- मुलांसाठीच्या संस्कार कथा
- बालगीते
- उपयुक्त असा मराठी भाषा शब्दार्थ संग्रह
- सर्वांच्या संग्रही असावी अशी पुस्तके
- स्फूर्तीगीत
- गीतमंजुषा
- निवडक कवी, लेखक यांच्या कथांनी युक्त पुस्तक




















पुस्तक मागणीसाठी www.ebalbharati.in, www.balbharati.in संकेतस्थळावर भेट द्या.

***साहित्य पाठ्यपुस्तक मंडळाच्या विभागीय भांडारांमध्ये विक्रीसाठी उपलब्ध आहे.***

ebalbharati

विभागीय भांडारे संपर्क क्रमांक : पुणे - ☎ २५६५९४६५, कोल्हापूर- ☎ २४६८५७६, मुंबई (गोरेगाव) - ☎ २८७७१८४२, पनवेल - ☎ २७४६२६४६५, नाशिक - ☎ २३९१५११, औरंगाबाद - ☎ २३३२१७१, नागपूर - ☎ २५४७७१६/२५२३०७८, लातूर - ☎ २२०९३०, अमरावती - ☎ २५३०९६५



મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે-૪૧૧ ૦૦૪.

बालभारती इयत्ता ७ वी (गुजराती)

₹ 46.00